નિડર, નિષ્પક્ષ અને વિશ્વસનીય
સાપ્તાહિક
# ગુજરાત વંદન
ગુરૂવાર 27 ઓક્ટોબર 2022 | કારતક સુદ 02, વિક્રમ સંવત 2079 | કિંમત : રૂા. 5 | વાર્ષિક : રૂા. 260 | વર્ષ : 06 | અંક : 25 | RNI No. GUJGUJ/2016/68288 | કુલ પાનાં : 12



બોલિવૂડની દિવાળી | વાંચો પેજ 11

## વિક્રમ સંવત 2079ના નવા વર્ષમાં ગુજરાતની ધરતી પર રાજકીય ધમાસાણ અને રણસંગ્રામ

# 3 પક્ષો, 600 ઉમેદવારો, 4.90 કરોડ મતદારો, પરિણામ ?

### સ્ટાર પ્રચારકોમાં મોદી- શાહ-યોગી, પ્રિયંકા ગાંધી-રાહુલ-ગેહલોત, કેજરીવાલનો સમાવેશ

ગુજરાત | વંદન










ગુજરાતમાં 1962થી વિધાનસભાની ચૂંટણીઓ યોજાતી આવી છે. પણ આ વખતની 2022ની ચૂંટણીઓનેકાંઈક અલગ અંદાજથી જોવામાં આવી રહી છે. કેમ કે આ ચૂંટણીઓમાં પહેલીવાર એક એવી રાજકીય પાર્ટીએ ધમાકેદાર પ્રવેશ કર્યો છે કે ખુદ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને એ પાર્ટીનું નામ લીધા વગર આડે હાથે લઈને એ પાર્ટીની સામે લાલ આંખ બતાવવા ગુજરાતના મતદારોને અપીલ કરી છે. એ પાર્ટી એટલે વિવાદી અરવિંદ કેજરીવાલની આમ આદમી પાર્ટી.આ વખતે ખરા અર્થમાં પહેલીવાર ત્રિપાંખિયો જંગ ગુજરાતની ધરતી પર સમરાંગણની જેમ યોજાશે. કેજરીવાલે ભાજપને કંસ કી ઔલાદ કહીને હું ભગવાન શ્રીકૃષ્ણ...એમનો નાશ કરવા આવ્યો છુ એવા તેમના ઉચ્ચારણો વડાપ્રધાન સહિત ભાજપના નેતાઓના દિલમાં ઘા બનીને ઉતરી ગયા છે. કેમ કે આજદિન સુધી કોંગ્રેસે પણ ભાજપ માટે આવા શબ્દોનો ઉપયોગ કર્યો નથી. કહેનારાઓ તો એમ પણ કહે છે કે આ વખતની વિધાનસભા ચૂંટણીઓ અનેક રીતે યાદગાર બની રહે તેમ છે.

ચૂંટણી પંચે હિમાચલપ્રદેશની ચૂંટણીઓ જાહેર કરીને 8 ડિસેમ્બરના રોજ પરિણામની તારીખ જાહેર કરી તેના પગલે એ નક્કી છે કે ગુજરાતમાં ચૂંટણીઓ જ્યારે પણ યોજાય પરંતુ પરિણામ 8 ડિસેમ્બરના રોજ પહાડો કા સ્ટેટ હિમાચલપ્રદેશની સાથે જ જાહેર થશે. તેમાં કોઈ શંકા-કૂશંકા, કિન્તુ-પરન્તુ, કહેવાય છે, મનાય છે...એવુ કાંઈ જ નથી. સીધી વાત છે. ચૂંટણી પંચ હિમાચલનું પરિણા પહેલા જાહેર કરે અને ગુજરાતનું પછી..એવુ તો બને જ નહીં. ગુજરાતમાં સરકારી લાભો પ્રજાને વધુમાં વધુ મળે તે હેતુથી હિમાચલની સાથે પરંપરાગત રીતે ચૂંટણીઓ જાહેર ના થઈ. સરકારી કાર્યક્રમોની પૂર્ણાહુતિની સાથે જ ચૂંટણી પંચે મતદાન વગેરેની તારીખો જાહેર કરી છે.

કેજરીવાલની પાર્ટીએ 70 કરતાં વધુ ઉમેદવારો ટુકડે ટુકડે જાહેર કર્યા અને હવે ફટાફટ જાહેર કરશે. દિવાળી બાદ કોંગ્રેસની પ્રથમ યાદી જાહેર થશે. ભાજપ ઉમેદવારો જાહેર કરવાની ઉતાવળ લગભગ નહીં કરે. કેમ કે ભાજપની એવી પરંપરા રહી છે કે ઉમેદવાળી પત્ર ભરવાની શરૂઆત થાય તે સમય ગાળામાં જ ઉમેદવારો જાહેર કરે છે. ભાજપના સુત્રોના જણાવ્યા પ્રમાણે આ વખતે પણ નો રિપીટ થિયરી અપનાવવામાં આવશે

...અનુસંધાન પેજ નં. 6 પર

### વર્તમાન પીએમ - ભાવિ પીએમ ભક્તિના માર્ગે....!





સાપ્તાહિક
ગુજરાત વંદન
ગુજરાત વંદન તરફથી સૌને દિવાળી પર્વ પ્રસંગે હાર્દિક શુભેચ્છા અને નૂતન વર્ષાભિનંદન....
વિક્રમ સંવત 2078ની દિવાળીના પાવન પ્રસંગે ગુજરાત વંદનના સૌ સુજ્ઞવાચકો, શુભેચ્છકો, વિજ્ઞાપનદાતાઓ વગેરે સૌને હાર્દિક શુભેચ્છાઓ અને વિક્રમ સંવત 2079ના નૂતન વર્ષાભિનંદન... - તંત્રી

## આપ પાર્ટી આવ્યાં બાદ ભાજપે અપક્ષ ઉમેદવારો ઊભા રાખવા નહીં પડે: શાહ

ગુજરાત | વંદન



ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીમાં આમ આદમી પાર્ટી ઉમેદવાર ઉભા રાખવાના હોવાથી હવે ભારતીય જનતા પાર્ટીને અપક્ષ ઉમેદવાર ઉભા રાખવાની જરૂર પડશે નહીં એટલું જ નહીં આ વખતની વિધાનસભામાં પૂર્વ મુખ્યમંત્રી માધવસિંહ સોલંકીનો 149 બેઠકનો રેકોર્ડ ભારતીય જનતા પાર્ટી તોડીને 151થી વધુ બેઠક મેળવશે. ગુજરાત વિધાનસભાની ચૂંટણીની પૂર્વ તૈયારીના ભાગરૂપે આજે મધ્ય ગુજરાતના આગેવાનો સાથે બેઠક યોજ્યા બાદ કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે પત્રકારો સાથેની અનુપચારિક વાતચીતમાં આ મુજબ જણાવ્યું હતું.

તેમણે જણાવ્યું હતું કે ટિકિટની ફાળવણી કેન્દ્રીય પાર્લામેન્ટરી બોર્ડ નક્કી કરશે પરંતુ જે ઉમેદવાર જીતી શકે તેવા સક્ષમ હોય અને સારા કાર્યો કર્યા હોય તેવા ને ટિકિટ આપવામાં આવશે વાઘોડિયા ના મધુ શ્રીવાસ્તવ અત્યારથી કહે છે કે મને ટિકિટ જરૂરથી મળશે તે અંગે પૂછેલા પ્રશ્નના જવાબમાં કેન્દ્રીય ગૃહ મંત્રી એ જણાવ્યું હતું કે, દરેક ધારાસભ્યને પોતે કરેલા કાર્યોને ધ્યાનમાં રાખીને તેમને ટિકિટ મળશે તેવો વિશ્વાસ રાખી શકે છે.

તેમણે ઉમેર્યું હતું કે આ વખતની વિધાનસભાની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટી 151 બેઠકનું લક્ષ રાખીને ચૂંટણી જીતવાની પૂર્વ તૈયારી કરી ચૂક્યું છે ત્યારે આગામી વિધાનસભા ચૂંટણીમાં ભાજપ 25 ટકા નવા ઉમેદવારોને ટિકિટ ટિકિટ આપીને મેદાનમાં ઉતારશે. હાલના ધારાસભ્યોમાંથી 25 ટકાની ટિકિટ કાપી નવા ઉમેદવારોને તક આપવામાં આવશે.

ટિકિટની ફાળવણી અંગે કેન્દ્રીય ગૃહ મંત્રીએ સ્પષ્ટતા કરી હતી કે ઉમેદવારોને ટિકિટ ફાળવણીમાં કોઈ ચોક્કસ ક્રાઈટેરિયા રાખવામાં આવશે નહીં જે જીતે એવા ઉમેદવારને ટિકિટ અપાશે તેમાં ભલે ઉમેદવાર વધુ ઉંમરના હોય કે પછી ત્રણથી ચાર વખત જીતેલા હોય તેવાને પણ ટિકિટ આપી શકાશે. જે જીતે એવા જ ઉમેદવારોને ભાજપ ટિકિટ આપશે.

...અનુસંધાન પેજ નં. 6 પર

## ઠાકરેનો દાવો: શિંદે જૂથના 22 ધારાસભ્યો જોડાશે ભાજપામાં

■ મહારાષ્ટ્રના રાજકારણમાં હજુ રાજકીય ઉથલપાથલ યથાવત

ગુજરાત | વંદન



ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની શિવસેનાએ તેના મુખપત્ર સામનામાં દાવો કર્યો છે કે શિવસેનાના 40 બળવાખોર ધારાસભ્યોમાંથી 22 ટૂંક સમયમાં ભાજપમાં જોડાશે. તેની સાપ્તાહિક કોલમમાં, પાર્ટીએ એવો પણ દાવો કર્યો છે કે એકનાથ શિંદેને મુખ્ય પ્રધાન બનાવવાની સાથે, ભાજપે અસ્થાયી વ્યવસ્થા ઊભી કરી છે. આ સાથે, કોલમમાં જણાવ્યું હતું કે, “હવે બધા સમજી ગયા છે કે તેમના (શિંદે) મુખ્ય પ્રધાનનો યુનિફોર્મ ગમે ત્યારે ઉતારવામાં આવશે.”

### ‘શિંદે જૂથના ઓછામાં ઓછા 22 ધારાસભ્યો છે નારાજ’

ઉદ્ધવ ઠાકરેની પાર્ટી વતી સામના કોલમમાં કહેવામાં આવ્યું છે કે, “મહારાષ્ટ્રની ગ્રામ પંચાયત અને સરપંચની ચૂંટણીમાં સફળતાનો શિંદે જૂથનો દાવો ખોટો છે. શિંદે જૂથના ઓછામાં ઓછા 22 ધારાસભ્યો નારાજ છે. સ્પષ્ટ લાગે છે કે આ મોટા ભાગના ધારાસભ્યો નારાજ થશે. બીજેપીમાં ભળી જાઓ. શિંદેના કાર્યોથી મહારાષ્ટ્રને ઘણું નુકસાન થયું છે અને રાજ્ય તેમને માફ નહીં કરે અને ભાજપ પોતાના ફાયદા માટે શિંદેનો ઉપયોગ કરવાનું ચાલુ રાખશે.”

## ન્યૂઝ બ્રિફ

### ઋષિ સુનકને મળશે રાજસિંહાસન! બ્રિટનના રાજકારણમાં જોરદાર ઉથલપાથલ




બ્રિટનમાં હાલ વડાપ્રધાન પદને લઈ દેશમાં હલચલનું વાતાવરણ છે. આ બધાની વચ્ચે પૂર્વ વડાપ્રધાન બોરિસ જોન્સને આ લડાઈને અમુક હદ સુધી સરળ બનાવી દીધી છે. મહત્વનું છે કે, વર્તમાન રાજકીય સંકટ વચ્ચે તેમણે પીએમ પદની રેસથી પોતાને દૂર કરી લીધા છે. તેમના આ નિર્ણય બાદ હવે ભારતીય મૂળના ઋષિ સુનક જીતની ખૂબ નજીક આવી ગયા છે.

### વડાપ્રધાને દેશવાસીઓને આપી દિવાળીની શુભેચ્છા, સુખ-સમૃદ્ધિ લાવશે આ તહેવાર



કોરોનાકાળ બાદ આવેલી આ દિવાળીએ દુનિયાને ફરી એકવાર આશા અને ઉમંગ આપી છે. આ દિવાળીએ ફરી એકવાર લોકોને જીવન જીવવાની, જીવનમાં આગળ કંઈક સારું થશે એવી આશા આપી છે. ત્યારે આ દિવાળીએ પ્રધાનમંત્રી મોદીએ પણ દેશવાસીઓને દિવાળીની શુભેચ્છાઓ પાઠવી છે. પીએમ મોદીએ ટ્વીટ કરીને કહ્યું છેકે, આ તહેવાર લોકોના જીવનમાં સુખ અને સમૃદ્ધિની ભાવનાને આગળ વધારશે.

### સોમાલિયાની હોટલમાં બોમ્બ બ્લાસ્ટ અને ગોળીબાર, 9ના મોત, 47 લોકો ઘાયલ



સોમાલિયાના કિસ્માયો શહેરની એક હોટલમાં કાર બોમ્બ બ્લાસ્ટ અને ગોળીબારની ઘટના બની હતી. જેમાં 9 લોકોના મોત થયા છે, જ્યારે 47 લોકો ઘાયલ હોવાનું કહેવાય છે. જેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. રવિવારે મોડી રાત્રે (ભારતીય સમય મુજબ) હુમલાખોરોએ હોટલમાં વિસ્ફોટ કરીને ફાયરિંગ શરૂ કરી દીધું હતું. જેમાં હોટલ અને તેની આસપાસ હાજર લોકોને નિશાન બનાવાયા હતા.

### દિલ્હીમાં કોઇ ફટાકડાં તો નથી ફોડતું ને! ડ્રોનથી ખૂણે ખૂણે રખાશે નજર

દિલ્હીમાં સતત વધી રહેલા પ્રદૂષણને ધ્યાનમાં રાખીને ફટાકડા ફોડવા પર સંપૂર્ણ પ્રતિબંધ છે. આવી સ્થિતિમાં રાજધાનીના લોકો પર ચાંપતી નજર રાખવાની જવાબદારી દિલ્હી ફાયર સર્વિસની હતી. ફટાકડા પર પ્રતિબંધ હોવા છતાં વિવિધ સ્થળોએ ફાયર એન્જિન તૈનાત કરવામાં આવ્યા હતા. એટલું જ નહીં ડ્રોન દ્વારા પણ લોકો પર નજર રાખવામાં આવી હતી. આગની કોઈપણ ઘટનાને પહોંચી વળવા ફાયર સ્ટેશન અને સ્ટાફ તૈયાર હતો.

સતત 9મા મહિને જીએસટી કલેક્શન 1.40 લાખ કરોડ રૂપિયાથી વધુ રહ્યું

## દેશમાં કર વસૂલાતમાં ઉછાળો નોટબંધીને આભારી : RBI

ગુજરાત | વંદન



દેશમાં કર વસૂલાતમાં ઉછાળો નોટબંધીને આભારી હોવાનું રિઝર્વ બેન્કની એક સમિતિના સભ્યનું કહેવું છે. આરબીઆઈ મોનેટરી પોલિસી કમિટીના સભ્ય આશિમા ગોયલના જણાવ્યાનુસાર નોટબંધીને પગલે કર વસૂલાતમાં વધારો થયો છે, જે દેશને કરવેરાના નીચા દરની આદર્શ સ્થિતિ ભણી દોરી જશે. નોટબંધીની ટૂંકા ગાળામાં પ્રતિકૂળ અસરો રહી પણ તેનાથી લાંબાગાળે ફાયદા પણ થયા છે. નોટબંધીથી અર્થતંત્રમાં ડિજિટાઈઝેશન વધ્યું છે, કરચોરી ઘટી છે. કર વસૂલાતમાં પણ વધારો થયો છે, જેનો આજે દેશને લાભ થઈ રહ્યો છે. ઉલ્લેખનીય છે કે ગત 9 ઓક્ટોબરે ટેક્સ ડિપાર્ટમેન્ટ દ્વારા જણાવાયું હતું કે ચાલુ નાણાકીય વર્ષમાં કોર્પોરેટ અને વ્યક્તિગત આવકો પર ગ્રોસ ટેક્સ કલેક્શન અત્યાર સુધીમાં 24 ટકા વધીને 8.98 લાખ કરોડ રૂપિયા થયું છે. સપ્ટેમ્બરમાં જીએસટી કલેક્શન પણ 1.47 લાખ કરોડ રૂપિયા રહ્યું હતું. સતત 9મા મહિને જીએસટી કલેક્શન 1.40 લાખ કરોડ રૂપિયાથી વધુ રહ્યું છે.

### કારગીલમાં જવાનો સાથે મોદીએ ઉજવી દિવાળી



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાની પરંપરા જાળવી રાખીને સતત નવમી વખત આજે દિવાળીના પાવન પર્વ પ્રસંગે દેશના જવાનો સાથે દીપોત્સવી ઉત્સવ ઉજવ્યો હતો. આ વખતે તેઓ કારગીલ સેક્ટરના જવાનોની વચ્ચે આર્મીના ગણવેશમાં પહોંચ્યા હતા. અને મા ભોમની ખડેપગે રક્ષા કરનારા જવાનોને મીઠાઈ ખવડાવી મોઢું મીઠું કરાવ્યું હતું.




દિપોત્સવી પર્વ ૨૦૭૮ના પાવન પ્રસંગે સલુન
સિક્રેટ સેવન્ટીન હેયર એન્ડ નેલ્સ સ્ટુડિયો
પોતાના માનવંતા ગ્રાહકો-શુભેચ્છકોને હાર્દિક શુભકામના અને
વિક્રમ સંવત ૨૦૭૯ના નૂતન વર્ષાભિનંદન પાઠવે છે.

+91 63573 63574
/secret17ahmedabad

102, Arista Business Space 3, Sindhu Bhavan Marg,
Ahmedabad, Gujarat - 380054

# આઝાદી પહેલાં ગુજરાતમાં એક નહીં પણ 4 વિધાનસભાઓ કાર્યરત હતી!

## ગુજરાત વિધાનસભાના ઈતિહાસ પર એક નજર

ગુજરાત | વંદન

આઝાદી પહેલા ગુજરાતમાં એક નહીં પણ ચાર ચાર વિધાનસભાઓ કાર્યરત હતી જેમાં ભાવનગર વિધાનસભા, પોરબંદર સ્ટેટ વિધાનસભા, વડોદરા વિધાનસભા અને સૌરાષ્ટ્ર વિધાનસભાનો સમાવેશ થતો હતો.

પહેલી મે, 1960ના રોજ અલગ ગુજરાત બાદ વર્તમાન વિધાનસભા અસ્તિત્વમાં આવી હતી. વિધાનસભાના ઈતિહાસ પર એક નજર નાખીએ તો, સૌ પ્રથમ 1941માં ભાવનગરના તે સમયના મહારાજ ભાવસિંહજી દ્વારા પ્રજાના પ્રતિનિધિની સભાના નામે વિધાનસભાની રચના કરવામાં આવી હતી. જેમાં 38 જેટલા નિયુક્ત સભ્યો હતા અને તેમને પ્રજાના પ્રશ્નો પૂછવાની સત્તા આપવામાં આવી હતી.

ત્યારબાદ તેમના પુત્ર કૃષ્ણકુમારસિંહજી દ્વારા ભાવનગર વિધાનસભાની રચના કરવામાં આવી હતી. તેજ ગાળામાં પોરબંદર ખાતે પોરબંદર સ્ટેટ એસેમ્બલી કાર્યરત હતી તો 1908માં બરોડા સ્ટેટના મહારાજા સયાજીરાવ ગાયકવાડે વડોદરા વિધાનસભાની સ્થાપના કરી હતી. 1952માં સૌરાષ્ટ્ર વિધાનસભાની રચના થઈ હતી. 31 ઓક્ટોબર, 1956માં તેને મુંબઈ વિધાનસભાની સાથે ભેળવી દેવામાં આવી હતી અને ત્યાર બાદ 1960માં અલગ ગુજરાત બાદ વર્તમાન ગુજરાત વિધાનસભાની રચના થઈ હતી.

## ક્યારે કેટલા ધારાસભ્યો હતા...

1960માં ગુજરાત વિધાનસભાના સભ્યોની સંખ્યા 132 હતી. ત્યારબાદ 1902માં 154 સભ્યોની સંખ્યા નિયુક્ત થઈ અને 1967માં 168 ધારાસભ્યો અને તે પછી 1975માં 182 ધારાસભ્યોની સંખ્યા નક્કી થઈ હતી જે આજદિન સુધી યથાવત છે અને કેન્દ્ર સરકારના એક નિર્ણય અનુસાર 2025 સુધી ગુજરાતની જ નહીં પરંતુ દેશની કોઈપણ વિધાનસભાના સભ્યોની સંખ્યામાં વધારો થઈ શકે તેમ નથી.




## 1971 સુધી ગુજરાત વિધાનસભા અમદાવાદમાં કાર્યરત હતી

અલગ ગુજરાત બાદ અસ્તિત્વમાં આવેલી વિધાનસભાના પ્રથમ અધ્યક્ષ તરીકે કલ્યાણજી મહેતા નિયુક્ત થયા હતા. 1971 સુધી ગુજરાત વિધાનસભા અમદાવાદમાં કાર્યરત હતી અને તેની પ્રથમ બેઠક અમદાવાદની સિવિલ હોસ્પિટલના વર્તમાન ઓપીડી બિલ્ડિંગમાં મળી હતી. ત્યાર બાદ 11 ફેબ્રુઆરી, 1971માં ગાંધીનગરની સેકટર 17ની સેન્ટ્રલ લાયબ્રેરી કે જે જૂની વિધાનસભા તરીકે ઓળખાય છે ત્યાં કાર્યવાહી ચાલતી હતી. ગાંધીનગરની સ્થાપના થયા બાદ 20 માર્ચ, 1978માં વર્તમાન વિધાનસભા ઈમારતનું ભૂમિપૂજન થયું હતું અને જુલાઈ 1982માં તત્કાલિન રાજ્યપાલ શારદા મુખરજી દ્વારા વિઠ્ઠલભાઈ પટેલ ભવન ખુલ્લુ મૂકવામાં આવ્યું હતું. આજે આ બિલ્ડીંગમાં વિધાનસભા કાર્યરત છે.

## 1960 પછીનું ગુજરાત : 17થી 33 જિલ્લા

1960માં 17 જિલ્લાઓની સાથે ગુજરાત સ્થાપિત થયું હતું. નવા જિલ્લાની રચનાની સૌ પ્રથમ શરૂઆત ગાંધીનગર સાથે થઈ હતી. 1964માં મહેસાણા અને અમદાવાદના કેટલાક ભાગોને જોડીને ગાંધીનગર રાજ્યનો 18મો જિલ્લો બન્યો હતો. ત્યારબાદ 1966માં સુરતમાંથી વલસાડને જુદો પાડી 19મો જિલ્લો બનાવવામાં આવ્યો હતો. 1997માં રાજ્યમાં છ નવા જિલ્લા આણંદ, દાહોદ, પાટણ, નવસારી, પોરબંદર અને નર્મદાનો સમાવેશ કરતાં જિલ્લાની સંખ્યા 25 થઈ હતી. 2010માં ગુજરાતનો તાપી 26મો જિલ્લો બન્યો હતો. હવે બીજા સાત નવા જિલ્લા ગીર-સોમનાથ, છોટા ઉદેપુર, અરવલ્લી, બોટાદ, મોરબી, દ્વારકા અને મહીસાગર 2013માં અસ્તિત્વમાં આવી રહ્યા છે. તે સાથે નવા 22 તાલુકાઓનો પણ ઉદય થયો છે. હવે ગુજરાતમાં કુલ 33 જિલ્લાઓ બન્યા છે.

---

કોંગ્રેસના સીનિયર નેતા અશોક ગેહલોતની જાહેરાત

## વિક્રમ સંવત 2079ના નવા વર્ષે કોંગ્રેસની પ્રથમ યાદી જાહેર થશે

ગુજરાત | વંદન

દિવાળી બાદ કોંગ્રેસ ઉમેદવારોની યાદી જાહેર કરશે, અશોક ગેહલોતનો દાવો- ગુજરાતની સરકાર કૈલાશનાથન જ ચલાવે છે



ગુજરાત વિધાનસભાની ચૂંટણીને લઈને રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોત આજે અમદાવાદની મુલાકાતે આવ્યા હતા. ત્યારે NCPના નેતા સાથે ગઠબંધનને લઈને બેઠક યોજી હતી. ત્યારબાદ અશોક ગેહલોતે પત્રકાર પરિષદ કરીને ભાજપ પણ પણ આક્ષેપ કર્યા હતા. જેમાં સરકાર કૈલાશનાથન ચલાવતા હોવાનું પણ જણાવ્યું હતું.

### કેજરીવાલ પર આરોપનો માર્યો ચલાવ્યો

કેજરીવાલ મોદીના ભાઈ જેવા જ છે. પંજાબ જીતીને આવ્યા તો હવે દેશને નંબર બનાવવાની વાત કરી રહ્યા છે. કેજરીવાલ પાસે આટલા પૈસા ક્યાંથી આવે છે. કોંગ્રેસના કાર્યકર્તા અત્યારે ગામડામાં કામે લાગેલા છે. કમિટમેન્ટ પેમ્ફ્લેટ ઘરે ઘરે પહોંચ્યા છે. ગુજરાતમાં રાજસ્થાન જેવી યોજના શરૂ કરવામાં આવશે.

## 3 દિવસના ડિફેન્સ એક્સ્પોમાં 1.53 લાખ કરોડના 451 MOU

ગુજરાત | વંદન

સંપન્ન થયેલા ડિફેન્સ એક્સ્પો-2022માં અંદાજે રૂ. 1.53 લાખ કરોડના 451 એમ.ઓ.યુ. અને ટેક્નોલોજી ટ્રાન્સફર સહિતના કરારો થયાં છે. જેમાં સૌથી વધુ સંખ્યામાં રોકાણ માટેના કુલ 208 એમઓયુ સંરક્ષણ માટેના જાહેર સાહસો સાથે થયાં છે.




સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કહ્યું કે, 'મેક ઈન ઈન્ડિયા'થી 'મેક ફોર વર્લ્ડ'ના લક્ષ્ય તરફ આગળ વધી રહ્યું છે. 2024-25 સુધીમાં ભારતનો સંરક્ષણ ક્ષેત્રે રૂ. 35 હજાર કરોડનો નિકાસ લક્ષ્યાંક વધારીને હવે રૂ. 40 હજાર કરોડ લઈ જવાશે. સંરક્ષણ સચિવ અજયકુમારે કહ્યું કે, 2020માં લખનઉમાં યોજાયેલા ડિફેન્સ એક્સ્પોના તમામ રેકોર્ડ તૂટ્યા છે.

ખાનગી-જાહેર ક્ષેત્રની 26 કંપનીને રક્ષામંત્રી એવોર્ડ

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે 12માં ડિફેન્સ એક્સ્પોના અંતિમ પડાવમાં કુલ 26 રક્ષામંત્રી એવોર્ડ એનાયત કર્યા હતા. આ પૈકી 13 એવોર્ડ ખાનગી ક્ષેત્રની કંપનીઓને, જ્યારે 13 એવોર્ડ સંરક્ષણ ક્ષેત્રના જાહેર સાહસો તથા અન્ય સરકારી સાહસોને મળ્યા હતા.

## સરદાર પટેલની જન્મ જયંતીથી કોંગ્રેસ શરૂ કરશે પરિવર્તન યાત્રા

### યાત્રા ગુજરાતભરમાં 5 સ્થળોથી આરંભાશે

ગુજરાત | વંદન

ભાજપ દ્વારા ગૌરવ યાત્રા કાઢવામાં આવી છે ત્યારે કોંગ્રેસ દ્વારા સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતીના દિવસે 31 ઓકટોબરથી 'પરિવર્તન સંકલ્પ યાત્રા' કાઢવામાં આવશે. રાજ્યભરમાં 5 જગ્યા પરથી પરિવર્તન સંકલ્પ યાત્રા શરૂ થશે. આ યાત્રાનો આરંભમાં રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોત, પ્રદેશ પ્રભારી રઘુ શર્મા, પ્રદેશ પ્રમુખ જગદીશ ઠાકોર સહિત રાષ્ટ્રીય નેતાઓ હાજર રહેશે. યાત્રા દરમિયાન કોંગ્રેસ લોકોની સમસ્યા અને કોંગ્રેસ આગામી દિવસોમાં શુ કરશે તેની વિગત જાહેર કરશે.

કોંગ્રેસના સત્તાવાર સૂત્રોના જણાવ્યા પ્રમાણે જે રીતે ભાજપની યાત્રામાં મોટી સંખ્યા લોકો જોવા મળ્યા તે રીતે કોંગ્રેસની યાત્રામાં પણ મોટી સંખ્યામાં લોકો આવે તેવા પ્રયાસ થઈ રહ્યા છે. એકંદરે ભાજપની યાત્રા પછી લોકોમાં સર્જાયેલા જુવાળને પલટાવવાની રણનીતિના ભાગ સ્વરૂપે પરિવર્તન સંકલ્પ યાત્રા કાઢવામાં આવી રહી છે. યાત્રા ગુજરાતભરમાં 5 સ્થળોથી આરંભાશે. બે યાત્રા સૌરાષ્ટ્રમાંથી, એક ઉત્તર ગુજરાતમાંથી,એક યાત્રા દક્ષિણ ગુજરાતમાંથી શરૂ કરવામાં આવશે તેમજ એક યાત્રા મધ્ય ગુજરાતમાંથી શરૂ કરવામાં આવશે. સમગ્ર ગુજરાતની આવરી લેવાય તે રીતે યાત્રા કાઢવામાં આવશે. ભાજપની જેમ કોંગ્રેસ પણ પોતાના રાષ્ટ્રીય નેતાઓને ઉતાર્યા હતા.

## ઈમરજન્સી કોલ: દિવાળી પર્વમાં સેવામાં 38% જેટલો વધારો

ગુજરાત | વંદન

દિવાળીના તહેવારોમાં ઈમરજન્સી સેવા વધવાની શક્યતા રહેલી છે. ગત વર્ષોની સરખામણીએ આ વર્ષે આ સેવાઓમાં 12થી 38 ટકા સુધીનો વધારો થશે. અને તે માટે ઈમરજન્સી સેવા 108 રાઉન્ડ ધ ક્લોક દોડતી રહેશે. 2 વર્ષની સરખામણીએ આ વર્ષે કોવિડની અસર નહિવત્ હોવાથી લોકો મન મૂકીને ઉજવણી કરશે. ઉપરાંત ફટાકડાથી દાઝવાના કિસ્સાઓ વધારે બનતા હોય છે. હાલમાં કોરોનાના વળતાં પાણી જેવી સ્થિતિ હોવાથી લોકો પર્વોની ઉજવણી કરશે. તેમાં દિવાળી, નૂતન વર્ષ અને ભાઈબીજના દિવસે 12થી 38 ટકા સુધીના કેસોમાં વધારો થવાની શક્યતા હોવાનું ઈમરજન્સી સેવા 108ના કર્મચારીઓએ જણાવ્યું છે. ઉપરાંત વાહનો ઉપર જતાં-આવતાં પડી જવાના કિસ્સા વધવાની શક્યતા



રહેલી છે. ઉપરાંત ફટાકડાના ધુમાડાથી શ્વાસ લેવામાં તકલીફ, ગભરામણ, ડબલ ઋતુને પગલે બીમારીના કિસ્સાઓ વધવાની શક્યતા વ્યક્ત કરી છે.

5 વર્ષના આંકડાની સરખામણીના આધારે કરેલી આગાહી મુજબ સામાન્ય દિવસોમાં રોજના 90 જેટલા કેસો નોંધાય છે જ્યારે દિવાળીમાં 101, નૂતન વર્ષમાં 112, ભાઈબીજમાં 125 જેટલા કેસ નોંધાવવાની શક્યતા વ્યક્ત કરાઈ છે. આથી ટકાવારીમાં જોઈએ તો દિવાળીમાં 12.22 ટકા, બેસતા વર્ષે 24.44 ટકા અને ભાઈબીજના દિવસે 38.89 ટકા જેટલો વધારાનો અંદાજો વ્યક્ત કર્યો છે.


## શું ભૂપેન્દ્ર પટેલ ફરીથી બનશે મુખ્યમંત્રી..?

ગુજરાત | વંદન

ભૂપેન્દ્રભાઈ રજનીકાન્ત પટેલ ભારતીય રાજકારણી અને ગુજરાતના ૧૭મા મુખ્યમંત્રી છે. તે ભારતીય જનતા પક્ષના નેતા છે અને ઘાટલોડિયા મતવિસ્તારનું પ્રતિનિધિત્વ કરતી ગુજરાત વિધાનસભાની બેઠકના સભ્ય છે. એમને પક્ષ તરફથી ૧૨ સપ્ટેમ્બર ૨૦૨૧ ના રોજ ગુજરાત રાજ્યના સત્તરમા મુખ્યમંત્રી તરીકે જાહેર કરાયા હતા.

ભૂપેન્દ્ર પટેલનો જન્મ ૧૫ જુલાઈ, ૧૯૬૨ના રોજ ગુજરાતના અમદાવાદ શહેરમાં કડવા પાટીદાર પરિવારમાં થયો હતો.તેમણે એપ્રિલ ૧૯૮૨માં અમદાવાદની સરકારી પોલિટેકનિકમાંથી સિવિલ એન્જિનિયરિંગમાં ડિપ્લોમાની પદવી મેળવેલ છે.તેઓ કિશોરાવસ્થાથી રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ સાથે જોડાયેલા છે.

તેઓ સરદાર ધામ વિશ્વ પાટીદાર કેન્દ્રના ટ્રસ્ટી અને વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનની સ્થાયી સમિતિના અધ્યક્ષ છે. તેઓ વ્યવસાયે બિલ્ડર છે.ગુજરાત વિધાનસભાની સત્તાવાર વેબસાઈટ અનુસાર તેઓ ક્રિકેટ અને બેડમિન્ટનમાં રુચિ ધરાવે છે.તેઓ દાદા ભગવાન દ્વારા સ્થાપિત અક્રમ વિજ્ઞાન ચળવળના અનુયાયી છે.



## નરેશ પટેલે કાગવડ પધારવા વડાપ્રધાનને આમંત્રણ પાઠવ્યું

ગુજરાત | વંદન

કાગવડ ખોડલધામ ખાતે આગામી 31મી ઓક્ટોબરે સરદાર વલ્લભભાઈ પટેલ જયંતીના અવસરે એક કાર્યક્રમ યોજાવા જઈ રહ્યો છે. આ કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉપસ્થિત રહી તેવી ચર્ચાઓ શરૂ થઈ છે. ખોડલધામ ટ્રસ્ટના ચેરમેન નરેશ પટેલ અને અન્ય ટ્રસ્ટીઓ દિલ્હી પહોંચ્યા હતા અને વડાપ્રધાન સાથે મુલાકાત કરી હતી. માહિતી



છે કે, ટ્રસ્ટીઓએ વડાપ્રધાનને ખોડલધામના કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા આમંત્રણ પાઠવ્યું છે.

આ મુલાકાતમાં ખોડલધામના આમંત્રણને લઈને કોઈ ચર્ચા ન થઈ હોવાનું પણ કહેવામાં આવી રહ્યું છે. તેમજ આ મુલાકાતને શુભેચ્છા મુલાકાત હોવાનો પણ દાવો કરવામાં આવી રહ્યો છે. ઉલ્લેખનીય છે કે, ખોડલધામના ટ્રસ્ટીઓ દ્વારા અગાઉ વડાપ્રધાનને ખોડલધામ આવવા માટે આમંત્રણ આપવામાં આવ્યું હતું. ત્યારે જોવાનું એ રહ્યું કે હવે વડાપ્રધાન આ આમંત્રણને સ્વીકારે છે કે નહીં તે આવનારો સમય જ દેખાડશે. વડાપ્રધાનની મુલાકાત વખતે કેન્દ્રીય મંત્રી ડો. મનસુખભાઈ માંડવીયા તેમજ ખોડલધામના ટ્રસ્ટીઓ રમેશભાઈ ટીલાળા અને દિનેશભાઈ કુંભાણી પણ હાજર રહ્યા હતા.

### ગાંધીનગર જિલ્લાની 5 બેઠકો પરના કોંગ્રેસના સંભવિત ઉમેદવારોની યાદી

**કલોલ** | બળદેવજી ઠાકોર, વર્તમાન ધારાસભ્ય

**માણસા** | સુરેશભાઈ પટેલ, વર્તમાન ધારાસભ્ય, બાબુસિંહ ઠાકોર ગીતાબેન પટેલ

**ગાંધીનગર ઉત્તર** | વિરેન્દ્રસિંહ વાઘેલા, નિશીત વ્યાસ, નરેશકુમાર ઠાકોર

**ગાંધીનગર દક્ષિણ** | હિમાંશુ પટેલ પ્રકાશ વાણિયા

**દહેગામ** | કામીનીબા રાઠોડ વખતસિંહ ચૌહાણ કાળુસિંહ બિહોલા બાબુસિંહ ઝાલા


સિનિયર નેતાઓની મોટા પાયે બાદબાકીની સંભાવના

## ચૂંટણીની ટિકિટોની વહેંચણી પહેલાં ભાજપ બોર્ડ નિગમોમાં 100 નેતાની નિમણૂંક કરશે

ગુજરાત | વંદન

ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં સિનિયર નેતાઓની મોટાપાયે બાદબાદી થઈ જાય તે સંભવ છે. આગામી 27 ઓક્ટોબરથી 29 નવેમ્બર સુધી ત્રણ દિવસ માટે નિરીક્ષકો દરેક બેઠકનો પ્રવાસ કરીને ઉમેદવારી કરવા ઈચ્છાતા લોકો પાસેથી રજૂઆતો સાંભળશે. આ પછી ભાજપના સંસદીય દળની બેઠક મળશે અને ચૂંટણીના જૂજ દિવસ બાકી હોય ત્યારે ટિકિટો જાહેર થશે. જો કે ટિકિટ મેળવવામાં નિષ્ફળ રહેલા નેતાઓ નારાજ ન થાય અને તેમને સાચવી લઈ ચૂંટણીમાં તેમનો સહયોગ મેળવી શકાય તેવા વ્યૂહ સાથે હવે ભૂપેન્દ્ર પટેલની સરકાર અમુક દિવસોમાં જ સરકારી બોર્ડ અને નિગમોમાં રાજકીય નિમણૂકો કરવા જઈ રહી છે.

ભાજપના સૂત્રો તરફથી મળતી માહિતી અનુસાર દિવાળી પહેલાં જ આ નિમણૂકો થઈ જાય તે સંભવ છે. ગુજરાત ભાજપના નાના-મોટાં અને તમામ જ્ઞાતિ-જાતિ અને વિસ્તારના મળીને 100 જેટલાં નેતાઓના નામની યાદી બનાવી દેવાઈ છે. તેમને સરકારના વિવિધ બોર્ડ નિગમમાં તેમના રાજકીય કદ અનુસાર અધ્યક્ષ, ઉપાધ્યક્ષ અને ડિરેક્ટર તરીકે નિમણૂક મળી શકે છે. સૂત્રોના જણાવ્યાં આનુસાર બોર્ડ નિગમમાં નિમણૂકો માટે દિલ્હીમાં તખ્તો ઘડાયો હતો. ગયા અઠવાડિયે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, પાટીલ,મુખ્ય અગ્ર સચિવ વડાપ્રધાનને મળવા માટે ગયા હતા.



# પોલીસ અનુસાર સવા વર્ષ પહેલાં અમદાવાદથી ટ્રેનમાં બેસીને મહારાષ્ટ્ર પહોંચી હતી સગીરા



## રસપ્રદ : અમદાવાદની એક સગીરાનું પરિવાર સાથે મિલન થયું, માત્ર ફિંગરપ્રિન્ટના આધારે...

ગુજરાત | વંદન

"અમારા બાળ સંરક્ષણગૃહમાં છેલ્લાં સવા વર્ષથી રહેતી 15 વર્ષની સગીરા મહારાષ્ટ્રની નહીં પરંતુ અમદાવાદની છે." આવો એક ફોન અમદાવાદ ચાઈલ્ડ વેલફેર કમિટીના લીગલ સેલના કન્વીનર વિજય પ્રજાપતિને મહારાષ્ટ્રના અકોલાસ્થિત ગાયત્રી બાળાશ્રમમાંથી આવ્યો હતો. તેમણે જણાવ્યું, "મને જ્યારે તેમના સંચાલક સુનીલ લાડુકરનો ફોન આવ્યો તો મેં તાત્કાલિક અમદાવાદના તમામ પોલીસ સ્ટેશનમાં ગુમ થયેલા લોકોની માહિતી મેળવી" પણ આ પ્રકારની કોઈ સગીરા ગુમ થઈ હોવાની ફરિયાદ અમદાવાદના એક પણ પોલીસ સ્ટેશનમાં નોંધાઈ ન હતી.

આ સગીરા વારંવાર પોતે મહારાષ્ટ્રનાં જ હોવાનું જણાવતાં હતાં. એક વર્ષથી પણ વધારે સમય વીતી જતાં અંતે તેમનું નવું આધારકાર્ડ બનાવવાની પણ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જોકે, સગીરાના ફિંગરપ્રિન્ટના કારણે અંતે તેમનું માતાપિતા સાથે મિલન થયું છે.

આશરે સવા વર્ષ પહેલાં મહારાષ્ટ્રના અકોલા રેલવેસ્ટેશન પર પંદરેક વર્ષનાં આ સગીરા એકલાં મળી આવ્યાં હતાં. પોલીસ દ્વારા તેના વાલીવારસોને શોધવાના પ્રયત્નો કર્યા હોવા છતાં સફળતા મળી ન હતી. બાદમાં મહારાષ્ટ્ર ચાઈલ્ડ વેલફેર કમિટી દ્વારા તેમને અકોલાસ્થિત ગાયત્રી બાળ સંરક્ષણગૃહમાં મોકલવામાં આવ્યાં હતાં. બાળ સંરક્ષણગૃહમાં જ્યારે આ સગીરાનું કાઉન્સેલિંગ કરવામાં આવ્યું ત્યારે તેઓ પોતે ઔરંગાબાદનાં હોવાનું જણાવતાં હતાં. પોલીસ અને બાળ સુરક્ષા અધિકારીઓએ ઔરંગાબાદમાં તેઓ ક્યાં રહે છે? તેવો પ્રશ્ન પૂછતાં જવાબમાં સગીરાએ એક સરનામું આપ્યું હતું. જોકે, સ્થળતપાસમાં જાણવા મળ્યું કે એ સરનામું ખોટું હતું. અકોલાસ્થિત ગાયત્રી બાળ સંરક્ષણગૃહના સંચાલક સુનીલ લાડુકર કહે છે, "સગીરાના પરિવારને શોધવાના અમે તમામ પ્રયાસ કર્યા, પરંતુ એમ લાગતું હતું કે તે સત્ય કહેવા માગતી ન હતી. જેથી અમે તેને અહીં જ રાખી અને રોજગારલક્ષી તાલીમ આપવાનું શરૂ કર્યું હતું."

તેમણે આગળ જણાવ્યું, "અમારા ત્યાં ઘણાં બધાં બાળકો રહેતાં હતાં. એક દિવસ અમે બધાનાં આધારકાર્ડ કઢાવવાનું નક્કી કર્યું. આધારકાર્ડ કાઢતી વખતે જ્યારે આ સગીરાના ફિંગરપ્રિન્ટ લેવામાં આવ્યા તો સિસ્ટમમાં તેનું આધારકાર્ડ જનરેટ થયેલું હોવાનું બતાવતા હતા. જેથી તેના પરિવાર સુધી પહોંચવાની આશા પાછી જાગી ઊઠી." "તેનું આધારકાર્ડ અગાઉથી હોવાનું જાણવા મળતાં અમે અધિકારીઓને મળ્યા અને તેનું સાચું નામ, સરનામું જાણવાનો પ્રયત્ન કર્યો અને ખબર પડી કે આ સગીરા ખરેખર અમદાવાદની છે."

સગીરા અમદાવાદનાં હોવાનું જાણવા મળતાં જ સુનીલ લાડુકરે અમદાવાદ ચાઈલ્ડ વેલફેર કમિટીના વિજય પ્રજાપતિનો સંપર્ક કર્યો હતો.


વિજય પ્રજાપતિ કહે છે, "પહેલી વખત તપાસ કરી ત્યારે અમદાવાદમાં આ સગીરા ગુમ થયાંની કોઈ ફરિયાદ નોંધાઈ ન હતી. જેથી અમે કાંઈ કરી શક્યા ન હતા, પરંતુ જ્યારે સુનીલભાઈએ કહ્યું કે તેમનું આધારકાર્ડ બનેલું છે અને તેમાં અમદાવાદનું સરનામું છે તો અમે તે મેળવીને ગોમતીપુર પોલીસને તપાસ માટે સોંપ્યું."

ગોમતીપુર પોલીસસ્ટેશનમાં ગુમ થયેલાં બાળકો માટે બનાવેલી ખાસ સ્ક્વૉડના ચાઈલ્ડ વેલફેર ઑફિસર રાજેન્દ્રસિંહે આ વિશે આગળની તપાસ કરી હતી. તેમણે કહ્યું, "સગીરાનાં માતાપિતાએ તે ગુમ થઈ હોવાની કોઈ ફરિયાદ નોંધાવી ન હતી, મહારાષ્ટ્રથી જે સરનામું મોકલાવ્યું હતું, ત્યાં જઈને તપાસ કરી તો ઘરે કોઈ હતું નહીં."

"જોકે, હિંમત હાર્યા વગર સતત તપાસ કરી તો સગીરાનાં માતાપિતાનો સંપર્ક થયો."

માતાપિતાનો સંપર્ક થયા બાદ રાજેન્દ્રસિંહે તેમની પાસેથી સગીરાના ફોટો અને પુરાવા લઈને મહારાષ્ટ્ર મોકલ્યા. મહારાષ્ટ્રથી પણ આ વાતની પુષ્ટિ કરવામાં આવી કે તેઓ ખરા અર્થમાં સગીરાનાં માતાપિતા જ છે અને અંતે સગીરાને અમદાવાદ લાવવામાં આવ્યાં. જ્યાં સવા વર્ષ બાદ સમગ્ર પરિવાર એકઠો થયો. સગીરાના પિતા હાલ કંઈ કહી શકે તેવી પરિસ્થિતિમાં નથી, પરંતુ સગીરાનાં માતાએ કહ્યું, "અમે પતિ-પત્ની મજૂરીકામ કરીએ છીએ. અમારી દીકરીને ભણવામાં રસ ન હતો એટલે તેણે ભણવાનું પણ છોડી દીધું હતું."

તેમણે આગળ કહ્યું, "જ્યારે પણ ઘરમાં બોલાચાલી થાય તો તે ગુસ્સે થઈને ઘર છોડીને જતી રહેતી હતી પણ દરેક વખતે એકાદ બે દિવસમાં પાછી આવી જતી હતી. અમને એમ હતું કે આ વખતે પણ આવી જશે એટલે અમે ફરિયાદ ન નોંધાવી. લાંબો સમય વીતી ગયા બાદ તપાસ કરવાનું પણ બંધ કરી દીધું. હવે એ મળી ગઈ છે, તેનો આનંદ છે."




## દિવાળીમાં 8 હજાર વેપારીઓને ચોપડા રજૂ કરવા GSTની નોટિસ

ગુજરાત | વંદન

જીએસટી ડિપાર્ટમેન્ટે કરદાતાઓને 2020-21ના વર્ષની આકારણીની નોટિસો ફટકારી છે. જેમાં કરદાતાઓને ચોપડા લઈને 24થી 30 ઓકટોબર વચ્ચે હાજર થવા કહેવાયું છે. દિવાળીના તહેવારોમાં વેપારીઓએ નોટિસનો જવાબ આપવા ધક્કા ખાવા પડશે. કરદાતાઓ અને વેપારીઓમાં આ મુદ્દે ભારે રોષ છે.

વર્ષ 2020-21ના જીએસટીના રિટર્ન અને સ્ક્રૂટિની માટે અંદાજે 8 હજાર વેપારીને એએસએમટી-10નામના ફોર્મમાં નોટિસ પાઠવી જવાબ આપવા જણાવ્યું છે. એએસએમટી નામના ફોર્મમાં વેપારી પાસે જુદી જુદી કોલમ હેઠળ વિગતો માગવામાં આવી છે. જો વેપારી સમયમર્યાદામાં જવાબ ના આપે તો મોટી રકમની ડિમાન્ડ, વ્યાજ અને દંડની શક્યતા છે.

વધારામાં નોટિસમાં માગેલી વિગતો માટે વેપારીને ઓછામાં ઓછા બે દિવસનો સમય જોઈએ. ત્યારે વેપારી પોતાના વેપાર ધંધામાં ધ્યાન આપે કે નોટિસનો જવાબ આપવા માટે તૈયારી કરે. આમ ડિપાર્ટમેન્ટ દ્વારા રાતોરાત આપવામાં આવેલી નોટિસથી વેપારીઓ મુશ્કેલીમાં મુકાયા છે. આને લઈ ડિપાર્ટમેન્ટ દ્વારા સમયમર્યાદા વધારવામાં નહીં આવે તો વેપારીને જવાબ આપવો મુશ્કેલ બનશે.

## વિદ્યાપીઠના કુલપતિનો ચાર્જ સંભાળતા જ રાજ્યપાલે કહ્યું, "મારું જીવન ગાંધીજીને સમર્પિત છે..."

### 5માં ધોરણ બાદ મે ગાંધી આશ્રમ સિવાયનું કોઈ વસ્ત્ર પહેર્યું નથી : આચાર્ય દેવવ્રત

ગુજરાત | વંદન



રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે વિધિવત રીતે ગૂજરાત વિદ્યાપીઠના કુલપતિનો ચાર્જ સંભાળી લીધો છે. ગૂજરાત વિદ્યાપીઠના 13માં કુલપતિ તરીકે ચાર્જ સંભાળ્યો છે. વિદ્યાપીઠના કુલપતિ તરીકે આચાર્ય દેવવરતનો વિરોધ કરનારને જવાબ આપતાં કહ્યું કે, 5માં ધોરણ બાદ મે ગાંધી આશ્રમ સિવાયનું કોઈ વસ્ત્ર પહેર્યું નથી. અન્ય વસ્ત્ર પહેરતો તો મારું શરીર સ્વીકારતું નથી. મેં પ્રાકૃતિક ચિકિત્સા પણ સ્વીકારી છે.

તેમણે કહ્યું કે, 4 ગુરુકુળમાં મેં પ્રાકૃતિક ચિકિત્સાલય શરૂ કર્યા. પ્રાકૃતિક ખેતી અને ગૌ સંવર્ધન અંગે કામ કર્યું. મેં ભૂતકાળમાં ભીખ માંગી છે. 1998માં મારું મૃત્યુ જાહેર કરી દેવામાં આવ્યું હતું. મારું જીવન ગાંધીજીને સમર્પિત છે. આનાથી વધુ કેટલું મહાત્માને સમર્પિત કોઈ થઈ શકે. આચાર્ય દેવવ્રતે ગૂજરાત વિદ્યાપીઠના કુલપતિનો ચાર્જ સંભાળ્યા બાદ નિવેદન આપ્યું હતું કે, આજે હું અત્યંત ધન્યતા અનુભવું છું. ગાંધીજી અને સરદાર વલ્લભભાઈ પટેલની સંસ્થા સાથે જોડાયો તેનું ગૌરવ છે. આપ લોકોએ મને આ તક આપી તે માટે આભાર વ્યક્ત કરું છું. ગાંધીજીએ જે ઉદ્દેશ્ય સાથે આ સંસ્થા શરૂ કરી હતી, તે વિચારો લોકો સુધી વધુમાં વધુ પહોંચાડીશું. ગાંધીજી આંદોલનકારી અને આધ્યાત્મવાદી હતા.

તેમણે કહ્યું કે, હિંસા અને અહિંસા બંનેને સમાજમાં લાગુ કરો જે ટકી જાય તે ધર્મ છે. ધર્મ અને હિંસા - અહિંસા સમજાવવું અઘરું છે. હિંસા સ્થાઈ અને ટકી શકે તેવો સિદ્ધાંત નથી. મારા જીવન પર ગાંધીજી અને સ્વામી દયાનંદજી સરસ્વતીનો પ્રભાવ છે.

## ગુજરાત ચૂંટણી : મોટી બેઠકો સાથે AAPએ વધુ 20 મૂરતિયાઓના નામ જાહેર કર્યા

ગુજરાત | વંદન

ગુજરાત વિધાનસભાની ચૂંટણી જેમ જેમ નજીક આવી રહી છે તેમ તેમ હવે ચૂંટણી ગરમાવો જામી રહ્યો છે. વાત-વિવાદોનો માર વધી રહ્યો છે. ગુજરાત કોંગ્રેસ અને ભાજપ દ્વારા દિલ્હી મોવડીમંડળને ઉમેદવારીઓની પ્રથમ સંભવિત યાદી મોકલવામાં આવી હોવાના અહેવાલ વચ્ચે આમ આદમી પાર્ટી ઉમેદવારોની છઠ્ઠી યાદી જાહેર કરી છે.

ગુજરાત ઈલેક્શનને લઈને ઉમેદવારો જાહેર કરતી આ છઠ્ઠી યાદીમાં વધુ 20 નામ બહાર આવ્યા છે. ગોપાલ ઈટાલિયાએ છઠ્ઠી યાદી જાહેર કરતા કુલ 73 ઉમેદવારોના નામની ઘોષણા થઈ ચૂકી છે.

સૌથી મોટા નામ પર નજર કરીએ તો મહેસાણા બેઠક એટલેકે વર્તમાન MLA નીતિન પટેલની બેઠક પરથી આમ આદમી પાર્ટીએ ભગત પટેલ પર વિશ્વાસ બતાવ્યો છે. આ સિવાય કોંગ્રેસના દિગ્ગજ નેતા અને ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણીની સામે વડગામથી દલપય ભાટિયાનું નામ જાહેર કર્યું છે.

રસપ્રદ એ છે કે ગુજરાતન વર્તમાન મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની બેઠક પર પણ આપે વિજય પટેલને ટિકિટ આપી છે. જૂનાગઢ બેઠક પર ચેતન ગજેરા અને વિસાવદર બેઠક પર ભૂપત ભાયાણીનું નામ જાહેર કર્યું છે.

## ત્રણ વર્ષની બાળકી સાથે અડપલાં કરનાર સ્કૂલ વાન ડ્રાઈવરની ધરપકડ

### 'વાન વાલે અંકલ ગંદે હૈ' તેવું બોલતી બાળકીને માતાએ પૂછતાં ડ્રાઈવરની વિકૃત્તીનો ઘટસ્ફોટ

ગુજરાત | વંદન



નવરંગપુરાની ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં નર્સરીમાં અભ્યાસ કરતી બાળકી સાથે અડપલાં કરનાર ડ્રાઈવરને પોલીસે પોક્સો એક્ટ મુજબ ગુનો દાખલ કરી ઝડપી લીધો છે. 'મુઝે સ્કૂલ નહી જાના, વાન વાલે અંકલ બહોત ગંદે હૈ' બે માસથી આ વાકય બોલતી માસૂમની માતા-પિતાએ સમજાવટથી પૂછપરછ કરતા ડ્રાઈવરની વિકૃત્તીનો ઘટસ્ફોટ થયો હતો.

બાળકી ડરેલી રહેતી હોવાથી તેની માતાએ બાળકની ભાષામાં તેને પૂછ્યું, તો તેણે કહ્યું કે, વાનવાળા અંકલ ગમે ત્યાં ટચ કરતા હતા. ગુપ્ત ભાગો પર ટચ કરીને આરોપી કોઈને ન કહેવા બાળકીને ધમકાવતો હતો. નાની બાળકી એટલી હદે ડરી ગઈ હતી કે, તે તેની માતાને પણ એક વારમાં આ વાત કહી શકી નહોતી. તેની માતાએ અવાર નવાર આ બાબતે પૂછ્યું પણ બાળકીને તેની મમ્મી મારશે એવી બીક લાગતી હતી. પણ બાળકીની માતાને આ વાતની ગંધ આવી જતા તે પણ બાળરીતમાં પૂછપરછ કરતા સમગ્ર મામલો સામે આવ્યો હતો.

નવરંગપુરા પોલીસે બાળકી સાથે શારિરીક છેડછાડ કરતા ડ્રાઈવર વિપુલ ઠાકોર (ઉં,૨૮) રહે, ઘાટલોડીયાની ધરપકડ કરી હતી. પોલીસ તપાસમાં ખુલેલી વિગતો મુજબ બાળકી શાળાએ જવાના સમયે બે-ત્રણ મહિનાથી રડતી હતી. રોજે રોજ સ્કુલ વાન વાલે અંકલ ગંદે હૈ તેવા શબ્દોનો પ્રયોગ કરતી હતી. જેના પગલે માતા-પિતાએ પુત્રીને સમજાવટથી પૂછતાં સમગ્ર મામલે ઘટસ્ફોટ થયો હતો.

## આઠ વર્ષની બાળકી પર દુષ્કર્મ ગુજારનાર પ્રિન્સીપાલને જન્મટીપ : સ્પે. પોક્સો કોર્ટ

ગુજરાત | વંદન

શહેરના શાહપુર વિસ્તારમાં મ્યુનિસિપલ શાળામાં અભ્યાસ કરવા આવતી માત્ર આઠ વર્ષની બાળકી પર દુષ્કર્મ ગુજારનાર નરાધમ પ્રિન્સીપાલ સુનીલકુમાર વીરજીભાઇ ડામોરને અત્રેની પોક્સો કોર્ટના સ્પેશ્યલ જજ ટી.એ.રાણાએ એક સબક સમાન ચુકાદા મારફતે જન્મટીપની આકરી સજા ફટકારી છે. વધુમાં, પોક્સો કોર્ટે આ કેસમાં ભોગ બનનાર બાળકીને રૂ.બે લાખ વળતર પેટે ચૂકવવા અને આરોપી પ્રિન્સીપાલને રૂ.સાત હજારનો દંડ ફટકારતો પણ હુકમ કર્યો હતો. સ્પેશ્યલ પોક્સો કોર્ટે તેના ચુકાદામાં આરોપી પ્રિન્સીપાલના અત્યંત ઘૃણાસ્પદ અને ફિટકાર સમાન કૃત્યની બહુ ગંભીર આલોચના કરી હતી.

હેરના શાહપુર વિસ્તારમાં આવેલી મ્યુનિસિપલ શાળામાં ગત તા.૧૫,૧૬ સપ્ટેમ્બર, ૨૦૧૭ના રોજ આરોપી પ્રિન્સીપાલ સુનીલ ડામોર શાળામાં ભણવા આવતી માત્ર આઠ વર્ષની બાળકીને ઉપરના માળે લઇ ગયો હતો અને ત્યાં દરવાજો બંધ કરી દઇ તેણીની પર દુષ્કર્મ ગુજાર્યું હતું. આ બનાવની જાણ થતાં બાળકીની માતાએ શાહપુર પોલીસમથકમાં ફરિયાદ નોધાવી હતી. આ સમગ્ર કેસ દસ્તાવેજી પુરાવાના આધારે પુરવાર થાય છે, ભોગ બનનારની બાળકીની જુબાની લેવામાં આવી હતી તેમાં પણ આરોપી પ્રિન્સીપાલનું અત્યંત ઘૃણાસ્પદ કૃત્ય પુરવાર થાય છે. વળી, બાળકીએ આરોપી પ્રિન્સીપાલને ઓળખી બતાવ્યો છે. ભોગ બનનાર બાળકીએ ખુદ પોતાની જુબાનીમાં ચોંકાવનારી હકીકતો જણાવી છે કે, આરોપી તેણીની ચોટલી ખેંચી બીજા રૂમમાં લઇ ગયા હતા જ્યાં તેણીને હાથમાં ચુંટલા ભર્યા હતા.

### સરદારનગર પોલીસ સ્ટેશનમાં બે પોલીસ કર્મીઓના વિરુદ્ધમાં ફરિયાદ

## અમદાવાદ: દારૂના કેસમાં ફસાવી દેવાની ધમકી આપી બે પોલીસે 2.60 લાખ પડાવ્યા

ગુજરાત | વંદન

કુબેરનગર પોલીસ ચોકીમાં ફરજ બજાવતા બે પોલીસ કર્મચારીએ યુવકને દારૂની હેરફેરનો કેસ કરી પાસામાં જેલમાં ધકેલવાની ધમકી આપીને 2.60 લાખ રૂપિયા પડાવી લીધા હતા. એટલુ જ નહીં જે રિક્ષામાંથી દારૂ પકડાયો તે રિક્ષાના ડ્રાઈવરને રજૂ કરવા માટે દબાણ કરીને ત્રાસ આપતા હતા. જે મામલે યુવકના ભાઈએ સરદારનગર પોલીસ સ્ટેશનમાં બે પોલીસ કર્મીઓના વિરુદ્ધમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સાબરમતીના રજની વૈષ્ણવ 25 વર્ષથી વેજિટેબલ સપ્લાયનો વેપાર કરે છે. વેપાર માટે તેમણે થ્રી વ્હીલર લોડીંગ રિક્ષા ખરીદી હતી પરંતુ જૂની થઈ જતાં ઈન્કમટેક્સ ચાર રસ્તા પાસે એક ડિલરને વેચી દીધી હતી. 29 સપ્ટેમ્બરે કુબેરનગર પોલીસ ચોકીના બે કર્મચારી રજનીભાઈના ઘરે ગયા હતા અને તમારી રિક્ષામાંથી દારૂ પકડાયો છે, જેથી તમે પોલીસ ચોકી આવજો નહીં તો ઉઠાવી લઈશું તેમ જણાવ્યું હતું.

રજની વૈષ્ણવે રિક્ષા વેચી દીધી હોવાનું કહ્યું હતું. જ્યાં પોલીસ કર્મી ગૌતમ અને પ્રગ્નેશે રિક્ષામાંથી દારૂ પકડાયાનું અને તમે દારૂનો વેપાર કરતો હોવાનું કહી કેસ કરવાની ધમકી આપી 2.60 લાખ પડાવ્યા હતા. પૈસા આપ્યા છતાં આ બન્ને પોલીસ કર્મચારી દારૂ લઈ જતી રિક્ષા આરટીઓમાં તમારા નામે છે જેથી રિક્ષાના ડ્રાઈવરને શોધીને પોલીસને આપો તેમ કહીને હેરાન કરતા હતા. છેવટે રજનીભાઈ તથા તેમના ભાઈ દિનેશે ઝોન 4 ડિસીપીને રજૂઆત કરી હતી. બાદમાં સરદારનગર પોલીસ સ્ટેશનમાં પોલીસ કર્મી ગૌતમ અને પ્રગ્નેશના વિરુદ્ધમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથધરી છે.




બન્ને પોલીસ કર્મીઓએ રજની અને દિનેશને દારૂના કેસમાં ફસાવી દેવા તથા પાસા કરી દેવાની ધમકી આપીને 5 લાખ રૂપિયાની માગણી કરી હતી. જો કે રજનીભાઈએ આટલા બધા પૈસા ન હોવાની વાત કરતા છેવટે બન્ને પોલીસ કર્મીઓએ રૂ.2.60 લાખની માંગણી કરીને પૈસા મેળવી પણ લીધા હતા.

## દિવાળીમાં રમ, બ્રાન્ડી, વાઈન, વોડકા અને બીયરની પણ ધૂમ ખરીદી

» દારૂના પરમિટ ધારકોએ તહેવાર ઉજવવા કરી ખરીદી

ગુજરાત | વંદન

દિવાળી પહેલાના એક અઠવાડિયામાં જ શહેરમાં આવેલી પરમિટની 21 લીકર શોપમાંથી 40 હજારની કિંમતની જ્હોની વોકર બ્લ્યુ લેબલની ત્રણ, રૂ.35 હજારની કિંમતની રોયલ સેલ્યુટ અને ગ્રાન્ટ લીવીટની 8, 25 હજારની કિંમતની ગ્લેન ફિડિચ સ્કોચ વ્હિસ્કીની 30 અને રૂ.21 હજારની કિંમતની જ્હોની વોકરની 10 બોટલનું વેચાણ થયું છે. છેલ્લા એક સપ્તાહમાં જ પરમિટની લીકર શોપમાંથી લોકોએ 10થી 25 હજાર સુધીની લીકરની 255 બોટલની ખરીદી કરી છે.

અમદાવાદમાં 13,353 પુરુષ અને 395 મહિલા લીકરની પરમિટ ધરાવે છે. 21 લીકર શોપમાંથી વ્હિસ્કી ઉપરાંત રમ, બ્રાન્ડી, વાઈન, વોડકા અને બીયરની પણ ધૂમ ખરીદી થઈ છે. એક લીકર શોપના માલિકના જણાવ્યા અનુસાર રૂ.200થી 300 સુધીના કિંમતના બિયરના 10 હજાર ટીનનું વેચાણ થયું છે. આ ઉપરાંત 1500થી માંડી 10 હજાર સુધીની શેમ્પેઈનની 50 બોટલનું વેચાણ થયું છે. છેલ્લા 3 દિવસમાં જ બિયરના 5 હજારથી વધુ ટીનનું વેચાણ થયું છે. કોરોનાને કારણે ગત વર્ષે લીકરના વેચાણમાં ઘટાડો નોંધાયો હતો. જો કે, ગત વર્ષની સરખામણીએ આ વર્ષે અંદાજે 30થી 40 ટકા વેચાણ વધુ થયું છે.

## તસ્વીર સમાચાર

(તસ્વીરો-મૌર્ય ભાગ્યવાન)



**અટલબ્રિજ :** અમદાવાદની આગવી ઓળખ સમાન અટલબ્રિજની રંગોળી બનાવવામાં આવી છે, એક પરિવાર દ્વારા અટલબ્રિજની રંગોળી બનાવવામાં આવી હતી.



**વેનમાં આગ :** અમદાવાદના ભૂલાભાઈ પાર્ક સોસાયટીમાં દિવાળી દરમિયાન ફટાકડા ફૂટવાથી વેનમાં આગ લાગી હતી. જેને ફાયરબ્રિગેડ દ્વારા નિયંત્રણમાં લેવામાં આવી તે વખતની તસવીર.



**દિવાળી અને આતશબાજી :** ફટાકડા તો દિવાળીએ ફૂટે તો જ એની મજા છે, શહેરના પ્રેમ દરવાજા પાસેની ફટાકડાની દુકાનોમાં મોડી રાત સુધી ફટાકડાની ખરીદી કરતા લોકો નજરે પડ્યા હતા.



**ધૂમ ખરીદી :** સામાન્ય રીતે દિવાળી પર લાભ પાંચમ સુધી ચાલે છે, દિવાળી બાદ પણ અમદાવાદના ભદ્ર બજારમાં લોકોની ખરીદારી માટે ભારે ભીડ જોવા મળી હતી.

### ગુજરાતની સાબરમતી જેલમાં બંધ બાહુબલી માફિયા અતીક અહેમદના બદલાયા સ્વર

## અતીક અહેમદે મીડિયાના સવાલોના જવાબ આપતા સીએમ યોગીના વખાણના પુલ બાંધ્યા

ગુજરાત | વંદન

ગુજરાતની સાબરમતી જેલમાં બંધ બાહુબલી માફિયા અતીક અહેમદને પેશી માટે લખનૌ કોર્ટમાં લાવવામાં આવ્યો હતો, જ્યાં તેનો સ્વર બદલાતો જોવા મળ્યો હતો. બીએસપી ધારાસભ્યના રાજુ મર્ડર કેસમાં અતીક અહેમદને લખનૌ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો. કોર્ટમાંથી બહાર નીકળતી વખતે મીડિયા તેમની સાથે વાત કરવા માંગતું હતું ત્યારે અતીકે સીએમ યોગી આદિત્યનાથના વખાણ કરવાનું શરૂ કર્યું હતું. દેખાવ બાદ બહાર આવ્યા બાદ અતીક અહેમદે મીડિયાના સવાલોના જવાબ આપતા સીએમ યોગીના વખાણના પુલ બાંધ્યા હતા.

અતીક અહેમદે કહ્યું કે યોગી આદિત્યનાથ બહાદુર મુખ્યમંત્રી છે. ખૂબ જ પ્રમાણિક અને સખત મહેનતી. અતીકની ભાષામાંથી આ વખાણ સાંભળીને લોકો આશ્ચર્યચકિત થઈ ગયા. કારણ કે એ સ્પષ્ટ છે કે જે દિવસથી યોગી આદિત્યનાથે રાજ્યના મુખ્યમંત્રી પદ સંભાળ્યું છે, ત્યારથી જ અતીક અહેમદના ખરાબ દિવસો



શરૂ થઈ ગયા હતા. માફિયા અતીકના આ નિવેદનના અનેક અર્થ કાઢવામાં આવી રહ્યા છે.

તમને જણાવી દઈએ કે, બાહુબલી લીડર અતીક અહેમદને લખનૌ કોર્ટમાં રજૂ કરવા માટે ગુજરાતથી લાવવામાં આવ્યો હતો. તેને સાબરમતી જેલમાંથી લખનૌ જેલમાં ખસેડવામાં આવ્યો હતો. અતીક અહેમદને ભારે બંદોબસ્ત વચ્ચે કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો.

જો કે અતીક ગુજરાતની જેલમાં છે, પરંતુ યુપી સરકાર તેની સામે કાર્યવાહી કરી રહી છે. દર થોડા દિવસે તેમની મિલકતો જપ્ત કરવામાં આવી રહી છે. એવું માનવામાં આવે છે કે અત્યાર સુધીમાં અતીક અને તેના સાગરિતોની મિલકતો સહિત, માફિયા અતીકને કુલ 10 અબજની ચોટ પહોંચી છે.ગુજરાતની સાબરમતી જેલમાં બંધ બાહુબલી માફિયા અતીક અહેમદને પેશી માટે લખનૌ કોર્ટમાં લાવવામાં આવ્યો હતો, જ્યાં તેનો સ્વર બદલાતો જોવા મળ્યો હતો. બીએસપી ધારાસભ્યના રાજુ મર્ડર કેસમાં અતીક અહેમદને ગુરુવારે લખનૌ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો. કોર્ટમાંથી બહાર નીકળતી વખતે મીડિયા તેમની સાથે વાત કરવા માંગતું હતું ત્યારે અતીકે સીએમ યોગી આદિત્યનાથના વખાણ કરવાનું શરૂ કર્યું હતું. દેખાવ બાદ બહાર આવ્યા બાદ અતીક અહેમદે મીડિયાના સવાલોના જવાબ આપતા સીએમ યોગીના વખાણના પુલ બાંધ્યા હતા.

સાપ્તાહિક ગુજરાત વંદન

## સંપાદકીય....

# ગુજરાત વંદન તરફથી સૌને દિપોત્સવી પર્વની હાર્દિક શૂભેચ્છાઓ... જયશ્રી કૃષ્ણ..અને વિક્રમ સંવત 2079ના નૂતન વર્ષાભિનંદન...!

વાર-તહેવાર-ઉત્સવ-ઉમંગ-ઉલ્લાસ-મોજ-મસ્તી-ધમાલ-મિઠાઈ- ફટાકડાં-દિવડા-રંગોળી...અને મળવા આવનારને બે હાથ જોડીને જયશ્રી કૃષ્ણ... અને નૂતન વર્ષાભિનંદન..કહેવાનો રૂડો પાવન અવસર એટલે પ્રકાશ પર્વ દિવાળી. તમસો મા જ્યોતિર્ગમય...એટલે અંધકારથી પ્રકાશ તરફ જવાનો પર્વ...અસત્યથી સત્ય તરફ જવાનો માર્ગ...

સમગ્ર વિશ્વમાં કદાજ ભારત વર્ષ એક એવો દેશ હશે કે જ્યાં એટલા બધા વાર-તહેવારો અને લોક ઉત્સવની ભરમાર છે કે દેશના ખૂણે રોજે રોજ કોઈને કોઈ વાર-તહેવાર ઉજવાઈ રહ્યો હશે...! જેમાં મુખ્ય તહેવાર એટલે દિપોત્સવી પર્વ. દિપોત્સવી



કોઈ એક જ પર્વ નથી પણ તહેવારોનો સંપુટ છે. વાઘ બારસથી શરૂ થઈને લાભ પાંચમ સુધીના વિવિધ તહેવારો. ધનતેરસ..કાળી ચૌદસ, દિવાળી, બેસતુ વર્ષ, ભાઈબીજ, લાભ પાંચમ અને ઉત્તર ભારતમાં છઠ પૂજા. હવે તો અમદાવાદમાં પણ સાબરમતીના કિનારે પરપ્રાંતના લોકો દ્વારા છઠ પૂજા થાય છે. જે બતવે છે કે તેઓ પારસીઓની જેમ દૂધમાં સાકર ભળે તેમ ભળી ગયા એમ કહી શકાય.

આપણાં વેદ-પુરાણ, શાસ્ત્રોમાં ઉત્સવની વ્યવસ્થા એટલા માટે કરવામાં આવી છે કે રોજબરોજની દોડધામ અને ઘટમાળમાં માનવી પોતાના જીવનમાં ઘડી-બે ઘડી કે એકાદ દિવસ પરિવાર સાથે રહીને આનંદથી પોતાનો ક્વોલીટી સમય વિતાવી શકે. એકબીજાને હળી મળી શકે અને સુખદુખની વાતો કરીને વળી પાછા રોજના કામમાં પરોવાઈ જાય. પર્વની સાથે સંસ્કારો પણ વણાયેલા છે. દરેક પર્વની એક આગવી છટા છે. દિવાળીમાં દિવડા પ્રગટાવાય, રંગ ન ઉડાડાય..હોળીમાં દિવડાં ન પ્રગટાવાય એમાં તો રંગ બરસે ભીગે ચુનરવાલી રંગ બરસે...મોજથી ગાવાનું અને દિવાળીમાં એક યે ભી દિવાલી હૈ..એક વો ભી દિવાલી થી..જેવુ કંઈક મનમાં ગણગણાટ કરીને કંદોઈની મિઠાઈનો રસથાળ ચાખી લેવાય...સાથે મુખવાસ પણ પણ.

ગુજરાત વંદન અખબારના અનેક સમાચારો-લેખોની સકારાત્મક નોંધ લેવાઈ છે અને સૌ વાચકોને તેની રસપ્રચુર માહિતી પણ પૂરી પાડવામાં આવે છે. જે તેમને ખૂબ ગમે છે. આપ સૌના જીવનમાં સુખ-સંપત્તિ આવે, આપ સૌ સારૂ સ્વાસ્થ્ય ધરાવો અને આપ સૌ આપના જીવનના ધ્યેય સુધી પહોંચવામાં સફળ થાય એવી આશા સહિત વિદાયમાન વિક્રમ સંવત 2078ની દિવાળીના આ પર્વ પ્રસંગે ગુજરાત વંદન પોતાના સૌ સુજ્ઞ વાચકો, વિજ્ઞાપનદાતાઓ, શુભેચ્છકો અને અમારા દુખદર્દમાં અમારી પડખે ઉભા રહી અમને હિંમત અને "ડોન્ટ વરી..હું છુ ને..."એવો ખરા દિલથી દિલાસો આપનારા એવા તમામને દિપોત્સવી પર્વની ખૂબ ખૂબ હાર્દિક શુભેચ્છા અને નવા વર્ષના સાલ મુબારક...નૂતન વર્ષાભિનંદન અને સૌને જયશ્રી કૃષ્ણ..!

# 400 વર્ષ સુધી બરફથી ઢંકાયેલું હતુ કેદારનાથ મંદિર !! જાણો મંદિરનો ઈતિહાસ

જો વૈજ્ઞાનિકોનુ માનીએ તો કેદારનાથ મંદિઅર 400 વર્ષ સુધી બરફમાં દબાયેલુ હતુ પણ છતા પણ તે સુરક્ષિત બચી ગયુ. 13મી થી 17મી સદી મતલબ 400 વર્ષ સુધી એક નાનકડુ હિમયુગ (Little Ice Age)આવ્યુ હતુ. જેમા હિમાલયનો એક મોટો ભાગ બરફની અંદર દબાય ગયો હતો. વૈજ્ઞાનિકો મુજબ કેદારનાથ મંદિર 4 00 વર્ષ સુધી બરફમાં દબાયેલુ રહ્યુ છતા પણ તેને કશુ ન થયુ, તેથી વૈજ્ઞાનિક આ વાતથી હેરાન નથી કે તાજેતરમાં આવેલ પ્રલયમાં આ મંદિર બચી ગયુ.

બહાર આવેલી હકીકત મુજબ કેદારનાથ મંદિરના પત્થરો પર પીળા રંગની રેખાઓ જોવા મળી છે. દહેરાદુનની આ જીયોલોજી સંસ્થાના વિજ્ઞાનીઓનું માનવું છે કે પીળા રંગની નિશાની વાસ્તવમાં ગ્લેશ્યર એટલે કે મોટી માત્રામાં બરફનો જથ્થો એક સ્થળેથી બીજા સ્થલે ઢસડાઈ ને જાય તેના કારણે બનેલી છે. ગ્લેશ્યર ખસકતું રહે છે. અને જ્યારે તે ખસકે ત્યારે તેની સાથે બરફ ના જથ્થાના વજનની સાથે-સાથે અન્ય જોડાયેલી ચીજવસ્તુઓ પણ લઈને ખસકે છે. એવા સમયે 400 વર્ષ સુધી આ મંદિર બરફના પહાડોની વચ્ચે એટલે કે ગ્લેશ્યરમાં દબાયેલું રહ્યું ત્યારે તે દરમિયાન એણે કેટલા પત્થરોનો બોજ સહન કર્યો હશે ?


આ સંસ્થાના વિજ્ઞાનીઓ એમ પણ કહે છે કે કેદારનાથ મંદિરની અંદરની દિવાલો પર તેના સ્પષ્ટ નિશાન જોવા મળે છે. બહારની બાજુએ પત્થરો પર આ ઘસાયેલી નિશાની અને અંદરની તરફ ના પત્થરો વધારે સમતળ જોવા મળે છે જાણે કે તેમને પોલીશ કરવામાં આવ્યા હોય. વાસ્તવમાં ઈ.સ. 1300 થી લઈને 1900 દરમિયાન આ વિસ્તારમાં એક લઘુહિમયુગનો સમયગાળો હતો. આ ગાળા દરમિયાન કેદારનાથ મંદિર અને આસપાસના તમામ વિસ્તારો બરફની નીચે ઢંકાયેલા હતા. શિયાળા દરમિયાન કેદારનાથ મંદિરની આસપાસ કેટલી વિશાળ માત્ર માં બરફ છવાય જાય છે કે સમગ્ર મંદિરને તે દરમિયાન બંધ રાખવાની ફરજ પડે છે. આ મંદિરોના દરવાજા બંધ કરીને પુજારી વગેરે તળેટીમાં જતા રહે છે અને શિયાળો પુરો થયા બાદ તેના કપાટ એટલે કે દરવાજા ખોલવામાં આવે છે તે દરમિયાન ગ્લેશ્યર એટલે બરફ ઓગળી જાય છે.

: મંદિરનું નિર્માણ : કેદારનાથ મંદિર કેટલા વર્ષ જુનુ છે તેના કોઈ દસ્તાવેજી પુરાવા ઉપલબ્ધ નથી. કોઈ એમ કહે છે કે માળવાના રાજા ભોજ દ્વારા તેનું નિર્માણ કરાયું હતું તો કોઈકહે છે કે આઠમી સદીમાં આદી શંકરાચાર્યો દ્વારા તેનું નિર્માણ થયું હતું.લાયકોનો મેટ્રિક ડેટીંગ : આ સંસ્થાએ કેદારનાથ મંદિર ની આયુ એટલે કે કેટલા વર્ષ જુનુ છે તેની ચકાસણી કરી હતી. જેને લાઈકોનોમેટ્રીક ડેટીંગ કહેવામાં આવે છે. આ પદ્ધતિ હેઠળ પત્થરો અને ગ્લેશ્યર એટલે કે બરફની માત્રાને આધારે કેટલા વર્ષ જુનું છે તેનો અંદાજ લગાવવામાં આવે છે. લાયકોનોમેટ્રિક ડેટીંગ અનુસાર લઘુહિમ યુગ દરમિયાન કેદારનાથ ધામનું નિર્માણ 14મી સદીમાં શરૂ થયું હતું. અને આ ઘાટીમાં ઈ.સ. 1748 સુધી ગ્લેશ્યર બનતા હતા.

મજબૂત છે કેદારનાથની રચના - વાસ્તવમાં કેદારનાથ નો સમગ્ર વિસ્તાર ચોરાબરી ગ્લેશિયર એક ભાગ છે.સમગ્ર વિસ્તાર ત્રણ તરફ પહાડોથી ઘેરાયલું છે. એક તરફ 22 હજાર ફુટ ઉંચાઈ પર કેદારનાથ પર્વત છે, બીજી તરફ 21,600 ફુટ ઉંચાઈ ફુટ ખર્ચકુંડ છે. ત્રીજી તરફ 22,700 ફુટ ઉંચાઈ પર ભરતકુંડ પર્વત છે. ત્રણ પર્વતો અને પાંચ નદીઓના સંગમ સ્થાન પર આ મંદિરનું સ્થાન છે. પાંચ નદીઓમાં મંદાકીની, મધુગંગા, ક્ષીરગંગા, સરસ્વતી અને સ્વર્ણદ્વારી નો સમાવેશ થાય છે. કેદારનાથ મંદિરની ઉંચાઈ 85 ફુટ છે. તેની લંબાઈ 187 ફુટ છે. અને તેની પહોળાઈ 80 ફુટ છે. તેની દિવાલો 12 ફુટ જાડાઈની પત્થરોમાંથી બનાવવામાં આવી છે. સમગ્ર મંદિર 6 ફુટ ઉંચા ચબુતરા એટલેકે પ્લેટફોર્મ પર બનાવવામાં આવ્યું છે. એક આશ્ચર્યજનક બાબત એ પણ છે કે આટલા વર્ષો પહેલા આટલા મોટા પત્થરો આટલી ઉંચાઈ પર લાવવા અને તેને કોતરકામ દ્વારા બનાવીને મંદિરનો આકાર આપવો તે પણ એક રહસ્યમય માનવામાં આવે છે.

જીજીએન દ્વારા અગાઉ માહિતી આપવામાં આવી હતી કે આ પત્થરોને ઈન્ટરલોકીંગ સીસ્ટમથી એકબીજાની સાથે જોડવામાં આવ્યાં છે તેથી જ આટલા વર્ષોમાં તે નદીઓની વચ્ચે, પહાડોની વચ્ચે સદીઓથી અડીખમ છે.

તાજેતરમાં આવેલા પ્રચંડ પૂરના પગલે વિજ્ઞાનીઓ એવી ચેતવણી આપે છે કે બર્ફીલા પર્વતો સતત પીગળી રહ્યાં છે. ઉપર પહાડોમાં જળાશયોની માત્રા વધી રહી છે. વાદળો ફાટવાની ઘટના અને ચોમાસા દરમિયાન ભારે વરસાદ વગેરેને લીધે ગાંધી સરોવર તુટી ગયું હતું અને તેમાંથી ધોધ સ્વરૂપે પાણીનો જથ્થો મંદિર તરફ ધસી આવ્યો હતો. આગામી સમયમાં પણ આવુ થઈ શકે છે. જો પર્વતોમાંથી મોટી મોટી શીલાઓ કે ભેખડો ધસી પડીને મંદિર પર પડે તો તેને નુકસાન થઈ શકે છે તેથી તેનું એ પ્રમાણે નિર્માણ થવું જોઈએ કે આવનારા સમયમાં આવી કોઈ કુદરતી આપત્તિમાં પણ ટકી રહે......પુરાણોની ભવિષ્યવાણી : પુરાણોની ભવિષ્યવાણી મુજબ આ સમગ્ર વિસ્તારના તીર્થ લુપ્ત થઈ જશે. એવુ કહેવાય છેકે જે દિવસે નર અને નારાયણ પર્વત પરસ્પર મળી જશે, બદ્રીનાથ માર્ગ એકદમ બંધ થઈ જશે. ભક્ત બદ્રીનાથના દર્શન નહી કરી શકે. ઉત્તરાખંડમાં આવેલ પ્રાકૃતિક વિપદા આ વાત તરફ ઈશારો કરે છે. પુરાણો મુજબ આવનારા કેટલાક વર્ષમાં વર્તમાન બદ્રીનાથ ધામ અને કેદારનાથ ધામ લુપ્ત થઈ જશે અને વર્ષો પછી ભવિષ્યમાં ભવિષ્યબદ્રી નામનુ નવુ તીર્થ પ્રકટ થશે.



## ધર્મ

# જીવનનો હેતુ છે તત્વને જાણવાની જિજ્ઞાસા...

ભૌતિકતા અને આધ્યાત્મિકતામાં તફાવત શું? - એ અંગે એક વિચારક સાથે મારે ચર્ચા થતી હતી. ચર્ચાનો દોર આગળ ચલાવતા મારા દ્વારા કહેવાયું કે આ બંનેમાં મુખ્ય બે વાત આવે છે કે - એક વ્યક્તિ છે અને બીજી વસ્તુ છે. આપણે એ નક્કી કરવાનું હોય છે કે વ્યક્તિ માટે વસ્તુ છે કે વસ્તુ માટે વ્યક્તિ છે? જ્યારે વસ્તુ માટે વ્યક્તિ હોય ત્યારે એ માણસ



ભૌતિકતા તરફ ગતિ કરી રહ્યો છે, એમ સમજવું રહ્યું અને જ્યારે વ્યક્તિ માટે વસ્તુ છે, એવું આપણો સમાજ સમજે ત્યારે અવશ્ય માનવું કે સમાજ સ્વસ્થ છે.

કોઈ જગ્યાએ એવું વાંચ્યુ હતું કે વ્યક્તિ-વ્યક્તિને પ્રેમ કરે અને વ્યક્તિ વસ્તુને વાપરતાં શીખે તો તેવો સમાજ સ્વસ્થ રહે. જે સમાજમાં વ્યક્તિ-વ્યક્તિને પ્રેમ તો કરતો હોય અને વ્યક્તિને વસ્તુ વાપરતાં પણ આવડતી હોય તો તેવો સમાજ સ્વસ્થ્ય અવશ્ય છે, પરંતુ આજે પરિસ્થિતિ શું છે? આજે વ્યક્તિ-વ્યક્તિને વાપરે છે અને વસ્તુને પ્રેમ કરે છે. સાવ ઊલટું થઈ ગયું છે. આજે વ્યક્તિ વસ્તુને પ્રેમ કરે છે અને વ્યક્તિને વાપરે છે. સ્પષ્ટ શબ્દોમાં કહું તો માણસ, માણસને વાપરે છે તેમાં ભૌતિકવાદની ગંધ આવે છે.

વર્તમાન સમાજ ભૌતિકતામાં જકડાયેલો અને જડ બની ગયેલો સમાજ છે. એવી વિષમ પરિસ્થિતિમાં અપવાદરૂપે સારા માણસો આપણને થોડે અંશે પણ જડતામાંથી બહાર કાઢે એ બહુ જ જરૂરી છે. આજે જ્યાં નજર કરશો ત્યાં દરેક ક્ષેત્રે જડતા ડોકિયા કરી રહી છે. હું ધર્મક્ષેત્રોમાંથી આવું છું. તો ધર્મક્ષેત્રની વાત કરીશ કે ધર્મ મૂળભૂત રીતે પ્રદર્શનવાદી નથી. એક વાત ખાસ યાદ રાખવા જેવી છે કે, ધર્મ તો હંમેશા દર્શનને જ મહત્વ આપે છે, પ્રદર્શનને નહીં. ત્રણ શબ્દો મહત્વના છે. દર્શન, તત્વદર્શન અને અધ્યાત્મ. આપણો ધર્મ દર્શનવાદી છે અને તેને લીધે જ ભારતીય સંસ્કૃતિમાં વિવિધ પ્રકારના દર્શનો આપણને વારસામાં મળ્યા છે. યોગ, સાંખ્ય, વૈશૈષિક, ન્યાય, પૂર્વમીમાંસા, ઉત્તર મીમાંસા, જૈન દર્શન, આ અને આ પ્રકારનાં વિવિધ દર્શનો ભારતીય સંસ્કૃતિમાં પાંગર્યાં છે અને વિશ્વભરમાં ફેલાયાં છે એટલે મૂળભૂત રીતે ધર્મ તો મૂળતઃ જ દર્શનવાદી છે. પરંતુ આજે તે દર્શનવાદી મટીને પ્રદર્શનવાદી થતો જાય છે. આમ, ધર્મમાં પણ જડતા ઘૂસી ગઈ છે. આપણા ચાર પુરુષાર્થો એટલે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. આ ચારેય પુરુષાર્થનો હેતુ મોક્ષ છે, અર્થ નહીં. અર્થનો હેતુ ધર્મ છે, કામ નહીં. મતલબ પૈસાનો હેતુ એ નથી કે ખાઓ, પીઓ અને મોજ કરો. કામનો હેતુ ઈન્દ્રિય વિષયભોગ નહીં પરંતુ પ્રજાતંતુ ચાલ્યા કરે એ છે, તો જીવનનો હેતુ છે તત્વને જાણવાની જિજ્ઞાસા.

## પુસ્તક પરિચય



▪ રિપલકુમાર પરીખ

સાપ્તાહિક ગુજરાત વંદન

# દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઈતિહાસ

'પૃથ્વી સત્યના બળ પર ટકેલ છે. અસત્ - અસત્ય - એટલે ' નથી ', સત્ - સત્ય - એટલે 'છે'. અસત્ને જ્યાં હસ્તી જ નથી ત્યાં તેની સફળતા શી હોય? અને 'છે' તેનો નાશ કોણ કરી શકનાર છે? આટલામાં સત્યાગ્રહનું આખું શાસ્ત્ર છે.'

• ગાંધીજી

ગાંધીજીએ પ્રયોગ કરેલાં સિદ્ધાંતો સત્ય અને અહીંસા દ્વારા આપણને સ્વતંત્રતા મળી હતી. ગાંધીજીને આ 'સત્ય' નો સિદ્ધાંત ક્યાંથી મળ્યો હતો? સૌપ્રથમ વાર ' સત્યાગ્રહ ' શબ્દની વ્યુત્પત્તિ ગાંધીજીને કેવી રીતે થઈ હતી? દક્ષિણ આફ્રિકાના હિંદીઓ સાથે થઈ રહેલા અન્યાય વિરુદ્ધની લડાઈમાં ' સત્યાગ્રહ ' નો સિદ્ધાંત કેટલો અસરકારક સાબિત થયો હતો? આ જ ' સત્યાગ્રહ ' ના સિદ્ધાંત સાથે ગાંધીજીએ ભારતમાં પણ સ્વતંત્રતાની ચળવળને વેગ આપ્યો હતો. આવો આ અમૂલ્ય શબ્દ ' સત્યાગ્રહ ' અને ગાંધીજીની સૌપ્રથમ લડતની સાક્ષી એવું ઐતિહાસિક પુસ્તક એટલે ગાંધીજીની કલમે જ લખાયેલું પુસ્તક ' દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઈતિહાસ '.


' સત્ય એ જ પરમેશ્વર ' સૂત્ર આપનાર અને તે પ્રમાણે જીવી જનાર આ મહામાનવ મહાત્મા ગાંધીજીએ કહ્યું છે કે, ' મારું જીવન એ જ મારો સંદેશ ' . પોતાની આત્મકથાને પણ ' સત્યના પ્રયોગો ' કહેનાર આ પ્રયોગશાળી રાષ્ટ્રપિતાનો તમે વિરોધ કરી શકો પરંતુ ક્યારેય તેમને અવગણી ન શકો. સમાજના દરેક ક્ષેત્રે તેમની આગવી ભૂમિકા આપણને સતત તેમની યાદ અપાવે છે. સ્વચ્છતાથી શરુ કરીને આત્મનિર્ભર ભારત બનવા સુધીનાં તેમનાં શબ્દો આપણને નવું ભારત બનાવવાની પ્રેરણા ચોક્કસ આપે છે.

પ્રસ્તાવનામાં ગાંધીજી લખે છે, ' દક્ષિણ આફ્રિકામાં હિન્દીઓની સત્યાગ્રહની લડત આઠ વર્ષ ચાલી. 'સત્યાગ્રહ' શબ્દ તે લડતને અંગે શોધાયો ને યોજાયો. એ લડતનો ઈતિહાસ મારે હાથે લખાય એમ હું ઘણાં વખત થયાં ઈચ્છતો હતો. કેટલુંક તો હું જ લખી શકું. કઈ વસ્તુ કયા હેતુથી થઈ એ તો લડાઈનો ચલાવનાર જ જાણી શકે. અને મોટા પાયા ઉપર રાજ્યપ્રકરણી ક્ષેત્રમાં આ અખતરો પહેલો જ હતો એટલે એ સત્યાગ્રહના સિદ્ધાંતનો વિકાસ લોકો જાણે, એ ગમે તે પ્રસંગે આવશ્યક ગણાય. દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઈતિહાસ આપણને એ પણ બતાવશે કે હજી સુધી આપણી લડતમાં નિરાશાનું કારણ એક પણ નથી. વિજયને સારુ કેવળ આપણી યોજનાને દ્રઢતાપૂર્વક વળગી રહેવાની જ જરૂર છે. ચાલુ લડાઈમાં મદદરૂપ થઈ પડે અને નવરાશવાળા સાહિત્યવિલાસીના હાથથી એ ઈતિહાસ વિગતવાર લખાય તો તેના કાર્યમાં મારો પ્રયત્ન સુકાનરૂપ થઈ પડે એ આશય છે. '

નવજીવન ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત આ અદ્ભુત પુસ્તક વિશે પ્રકાશક લખે છે, ' ગાંધીજીની આત્મકથા પછી જેનો નંબર આવે એવું પુસ્તક, આત્મકથા પેઠે જ મૂળ ગુજરાતીમાં તેમણે લખેલો દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો આ ઈતિહાસ છે. આ ગ્રંથનું મહત્ત્વ માત્ર એટલું જ નથી. ગાંધીજીના ઘડતરનો સૌથી મહત્વપૂર્ણ સમય અને સત્યાગ્રહની તેમની શોધનો સમય --- આનો ઈતિહાસ પણ એમની જ કલમેથી આ ચોપડીમાં મળે છે. જ્યારે જ્યારે પોતાના આત્માના ઊંડાણમાં જઈને જોવા-વિચારવાનું આવે, ત્યારે ઘણીખરી વખત તેઓશ્રી આફ્રિકાના પોતાના જીવનકાળની વાતો અને અનુભવો યાદ કરતા. આ પુસ્તક આવા મહત્ત્વવાળો ઈતિહાસ છે. તેનો આ રીતનો ખ્યાલ વાચકવર્ગ પર જોઈએ તેટલો પડ્યો નથી, એ આ ચોપડીની અત્યાર સુધીની ખપત પરથી જણાઈ આવે છે. આ ચોપડીની આ ત્રીજી આવૃત્તિ છે. અત્યાર સુધીમાં તેની ૩૫૦૦ નકલો ખપી છે. તે પૂરી થવાથી આ તેની નવી અને સચિત્ર આવૃત્તિ કાઢી છે. ગાંધીજીએ લખેલાનું પુનઃમુદ્રણ આ છે, કેમકે એમાં તો સુધારો સંભવી ન શકે. પરંતુ પ્રકાશનદ્રષ્ટિએ એક-બે ફેરફારો એમાં કર્યા છે, તે નોંધવા જોઈએ.'

પુસ્તકમાં સત્યાગ્રહ વિશે સમજાવતાં ગાંધીજી લખે છે, ' સત્યાગ્રહની એક ખૂબી છે. તે આપણી પાસે આવી પડે છે, તેને શોધવા જવું પડતું નથી. એ તેના સિદ્ધાંતમાં જ રહેલો ગુણ છે. જેમાં કાંઈ છૂપું નથી, જેમાં કાંઈ ચાલાકી કરવાપણું નથી રહેતું, જેમાં અસત્ય તો હોય જ નહીં, એવું ધર્મયુદ્ધ તો અનાયાસે જ આવે છે; અને ધર્મી તેને સારુ હંમેશા તૈયાર જ હોય છે. પ્રથમથી રચવું પડે તે ધર્મયુદ્ધ નથી. ધર્મયુદ્ધનો રચનાર અને ચલાવનાર ઈશ્વર છે. તે યુદ્ધ ઈશ્વરને નામે જ ચાલી શકે અને જ્યારે સત્યાગ્રહીના બધા પાયા ઢીલા થઈ જાય છે, તે છેક નિર્બળ બને છે, ચોમેર અંધકાર વ્યાપે આપે છે, ત્યારે જ ઈશ્વર સહાય કરે છે. મનુષ્ય જ્યારે રજકણથી પણ પોતાને નીચો માને છે ત્યારે ઈશ્વર સહાય કરે છે. નિર્બળને જ રામ બળ આપે છે. આ સત્યનો અનુભવ તો આપણને થવાનો છે તેથી દક્ષિણ આફ્રિકાનો ઈતિહાસ આપણને મદદરૂપ છે એમ હું માનું છું. '

દક્ષિણ આફ્રિકામાં કમાણી અર્થે ગયેલા હિંદીઓ પર થયેલા હુમલાઓ, તેમને હેરાન કરવા માટે બનાવવામાં આવેલા ખૂની કાયદાઓ વિરુદ્ધ સત્યાગ્રહની આ લડાઈ આઠ વર્ષ ચાલી. આ આઠ વર્ષમાં ગાંધીજીએ સત્યાગ્રહની લડાઈ કેવી રીતે લડી તેનું વર્ણન તેમણે તેમની અનુભવી કલમે અહીં કર્યું છે. સચિત્ર આ પુસ્તકમાં દક્ષિણ આફ્રિકાની લડાઈ વખતના ગાંધીજીના દુર્લભ ચિત્રો પણ આ પુસ્તકમાં આપવામાં આવ્યા છે, જે વાચકને પુસ્તક વાંચવા માટે જકડી રાખવાનું કામ કરે છે.




• સત્યવચન

'હું અક્ષરશઃ માનનારો છું કે સત્યનું સેવન કરનારની આગળ આખા જગતની સમૃદ્ધિ ખડી થાય છે ને તે ઈશ્વરનો સાક્ષાત્કાર કરે છે. અહિંસાના સાન્નિધ્યમાં વેરભાવ નથી રહી શકતો, એ વાક્ય પણ હું અક્ષરેઅક્ષર ખરું માનું છું. દુઃખ સહન કરનારાઓને કશું અશક્ય નથી હોતું, એ સૂત્રનો હું ઉપાસક છું. આ ત્રણે વસ્તુઓનો મેળ હું કેટલાયે સેવકોમાં જોઉં છું. તેઓની સાધના નિષ્ફળ ન જ થાય એવો મારો નિરપવાદ અનુભવ છે.'

• ગાંધીજી

સાપ્તાહિક ગુજરાત વંદન

# "મને લઈ જા ને તારી સંગાથ, તારા વિના ગમતું નથી...."

જીવન વહેણ

અશોકસિંહ એ. ટાંક

કુંજલની હાલત દિવસે દિવસે વધુ બગડતી જતી હતી. કેટલાય દિવસ હોસ્પિટલમાં રહ્યાં પછી ડોક્ટરે રજા આપી દીધી હતી. થાય તેટલી ઘરે સેવા કરવાનું કહ્યું હતું. આમ તો કુંજલની ઉંમર બાવન આજુબાજુ થવા આવી હતી. સેવા ચાકરીમાં એકનો એક છોકરોને તેની વહુ ખડા પગે રહે છે. સાથે ખબર પૂછવા વાળા કોઈને કોઈ મહેમાનો પણ રોજ આવ્યા કરે છે.

૩૨ વર્ષ પહેલા કુંજલે કાનજી સાથે લવ મેરેજ કર્યા હતા. એ સમયમાં તો આખા મલકમાં હો... હા.... થઈ ગઈ હતી. પોણા પાંચ ફૂટના કાનજી પર પાંચ ફૂટ એક ઈંચની કુંજલનું દિલ ફિદા થઈ ગયું. કાનજી એસ.ટી બસમાં કન્ડકટર હતો. કુંજલ રોજ કોલેજ આ બસમાં અપડાઉન કરતી હતી. અપડાઉન કરતા કરતા કુંજલે કાનજીની જિંદગીની ગાડીમાં લિફ્ટ લઈ લીધી. થોડા મહિના બધુ ડામાડોળ થયું. પરંતુ આખરે બંને પરિવારે તેઓની સ્વીકારી લીધા

કુંજલને કાનજી પ્રેમથી કુંજ કહેતો. કાનજીને કુંજલ પ્રેમથી કાન કહેતી. બંને એકબીજાને ખૂબ પ્રેમ કરતા. આ જ થી પચીસ-ત્રીસ વર્ષ પહેલા પતિ પત્ની સાથે બહાર જતા તો પણ પોતાના ગામમાં બંને આગળ પાછળ ચાલતા એટલો વડીલોનો મલાજો રાખતા. પરંતુ કુંજને કાન તો એ સમયમાં પણ ઘરેથી હાથમાં હાથ પકડીને બહાર નીકળતા. આખા ગામમાં લોકો આ સારસને સારસીની જોડીની જ વાતો કરતા. આ જોડું નીકળે ત્યારે વડીલો તો ઉભા થઈ પોતાના ઘરે જતા રહેતા. વડીલોને પોતાનું અપમાન થતું લાગતું હતું.


કુંજલને પશુ પક્ષી અને કુદરત સાથે ખૂબ લગાવ હતો. તે સારી પેઈન્ટર પણ હતી. પોતાના ઘરમાં અવનવા ચિત્રો દોરી તે ઘરને શણગારતી. દિવાળીની રોશની તો તે દર વર્ષે કંઈક નવી રીતે જ કરતી. ગામલોકો તે ખાસ જોવા આવતા. હવે તો ગામ લોકોને પણ આ બંનેનો પ્રેમ કોઠે પડી ગયો હતો.

કુંજલ કાનજીને, "કાન તું અહીં આવ તો જરા" એમ તુંકારો કરે તેમાં પણ હવે ગામલોકોને કઈ અજુગતું નહોતું લાગતું.

કાનજી પણ જ્યારે તેને ઓફ ડ્યુટી હોય ત્યારે કુંજલને બાજુમાં આવેલા શહેરમાં ફરવા લઈ જતો. નહીંતર એ જમાનામાં શહેરમાં ફરવા જવાનો રિવાજ તો મોટા શેઠ લોકો કે ઓફિસરના કુટુંબ પૂરતો જ હતો. એસટીની નોકરીને લીધે બંનેને ક્યાંય પણ જવું હોય ટીકીટ તો લાગતી જ ન હતી. કુંજલના ઘર શણગારવાનાં શોખને લીધે તેણે એક વખત શહેરમાં માછલીઘર જોઈ લીધું. બસ ! તેના ઘરે માછલીઘર લાગી ગયું. કાનજી પણ તેના બધા શોખ પૂરા કરતો.

કાનજી સાંજે ડ્યુટીથી થાકીને આવે ત્યારે કુંજલ તેના માટે નાસ્તો તૈયાર રાખે. માછલીઘર સામે બેસી બંને નાસ્તો કરે. માછલીઘરમાં ગોલ્ડફીશ પ્રકારની ઓરેન્જ ગોલ્ડ કલરની એક જોડી માછલી હતી. કુંજલે બંનેના નામ પણ પાડેલા હતા. મોટી નર માછલીનું નામ કાનને તેના કરતાં થોડી કદમાં નાની માદાનુ નામ કુંજ પાડેલું હતુ.

તે કાનજીની મસ્તી કરતા કહેતી, "જો કાન પેલો કાન પણ તારી જેમ જ કુંજની ફરતે.. ફરતે... ફર્યા કરે છે. પણ એ કાન તેની કુંજ કરતા મોટો છે ને આ કાન તેની કુંજ કરતા બાઠીયો છે."



આમ કહી તે કાનજી ને ચીડવતી. પરંતુ કાનજી તેની વાતો સાંભળી હસી પડતો.

બંનેનું દામ્પત્ય જીવન ખૂબ પ્રેમથી ચાલતું હતું. ભગવાને બંનેના પ્રેમના ફળસ્વરૂપે એક પુત્ર પણ આપી દીધો હતો. તેના પુત્રના પણ લગ્ન કરી દીધા હતા. હવે કાનજી રિટાયર્ડ થઈ ગયો હતો. બધી વાતનું સુખ હતું. એવામાં આ બીમારી આવી પડી. હવે તો કાનજી ને એક જ કામ હતું. તે આખો દિવસ કુંજલના બેડ પાસે બેસી રહેતો. તેને મદદ કર્યા કરતો. ઘડીક આઘોપાછો થાય ત્યાં કુંજલ નાના બાળકની માફક, "કાન ક્યાં ગયો? જલ્દી આવ. મારે બેઠું થવું છે. મને ટેકો કર." આમ બૂમાબૂમ

(અનુસંધાન પેજ નં.૬ પર)

Printed, Published and Owned by Editor - NIKUNJ SUDHIRKUMAR PATEL Printed at Bhaskar Printing Press, Survey No.148-P, Near Naagdevta Temple, Changodar-Bavla HighWay, Ta.Sanand, Dist. Ahmedabad, Gujarat and published from 301, Kalptaru Complex, Opp. Premchand Nagar, Jodhpur Satyagrah Chhavni Road, Ahmedabad – 380 015 Tel. 079-48987111. Co-Editor PRAVIN GHAMANDE Responsible for Selection of news under PRB Act'.

## સાવરકુંડલામાં પ્રણય ત્રિકોણની અજીબોગરીબ ઘટના

# પત્નીની હત્યા બાદ પ્રેમિકા સાથે રહેતો આરોપી પતિ છ મહિના બાદ પોલીસના હાથે પકડાયો

ગુજરાત | વંદન

"મારા પિતાએ મારી વાત પર ભરોસો કર્યો હોત અને મેં મારી પ્રેમિકાની વાત માનીને તેનો ફોન રિચાર્જ ન કરાવ્યો હોત તો આજે પણ બધાથી દૂર આરામથી રહેતો હોત." આ શબ્દો છે પત્ની શોભાની કથિત હત્યાના આરોપમાં પકડાયેલા અમરેલીના સુરેશ સોલંકીના... સુરેશ સોલંકીના પોલીસ રિમાંડ પૂરા થયાં અને તેમને ન્યાયિક કસ્ટડીમાં મોકલાવમાં આવ્યા છે.

મૂળ સાવરકુંડલાના સુરેશ સોલંકીનાં લગ્ન બાબરામાં રહેતા તેમની જ જ્ઞાતિના રમેશભાઈ દાનવડિયાનાં પુત્રી શોભા સાથે થયાં હતાં. બંનેનાં લગ્નજીવનમાં તેમને ચાર બાળકો થયાં હતાં. માત્ર સુરેશની કમાણીથી છ સભ્યોના પરિવારનું ગુજરાન ચલાવવું શક્ય ન હોવાથી સુરેશની સાથેસાથે શોભા પણ મજૂરીકામ કરતાં હતાં. સુરેશના પિતા રાજાભાઈ સોલંકીના કહેવા પ્રમાણે, "પરિવારમાં કોઈને ખ્યાલ ન આવ્યો કે કેવી રીતે સુરેશને મહોલ્લામાં જ રહેતાં એક યુવતી રેખા (નામ બદલ્યું છે) સાથે પ્રેમ થયો."

શોભાના પિતા રમેશભાઈ દાનવડિયા જણાવે છે કે જ્યારથી શોભાએ સુરેશ સાથે મજૂરીકામે જવાની શરૂઆત કરી ત્યારથી સુરેશનાં નખરાં વધી ગયાં હતાં. તેઓ કહે છે, "તે સમયે તેમના મહોલ્લામાં રહેતાં રેખા તેમના પતિ સાથે અણબનાવ થતાં પિયર આવી ગયાં હતાં. અમારા જમાઈ અને રેખા વચ્ચે પ્રેમ પાંગર્યો તેની કોઈને ખબર ન પડી."

સુરેશના પિતા રાજાભાઈ જણાવે છે, "રેખાના કારણે શોભા અને સુરેશ વચ્ચે ઝઘડા થતા હતા. ઘણી વખત અમે વચ્ચે પડીને સમાધાન પણ કરાવ્યું હતું. પણ સુરેશ યુવતીને છોડવા તૈયાર ન હતો. છેલ્લે બાળકોના કારણે શોભા એ રેખાને પણ સાથે રાખવાં તૈયાર થઈ ગયાં હતાં." રમેશભાઈ દાનવડિયા કહે છે, "શોભા અને રેખા બંને એકસાથે ત્રણ વર્ષ સુધી સુરેશ સાથે રહ્યાં. રેખા કોઈ કામ કરતી ન હતી. આ કારણથી પણ બંને વચ્ચે ઝઘડા થતા રહેતા હતા."



આ દરમિયાન અચાનક એક દિવસ સુરેશ, શોભા અને ચાર બાળકો એકસાથે ગુમ થઈ ગયા. રમેશભાઈ જણાવે છે, "અમે તપાસ કરી તો ખબર પડી કે રેખા પણ તે જ દિવસથી ગુમ હતી. થોડા સમય સુધી તેમની ભાળ ન મળતાં મેં અને મારા વેવાઈ રાજાભાઈએ પોલીસફરિયાદ નોંધાવી હતી." તેઓ વધુમાં કહે છે, "આ દરમિયાન અમને ખબર પડી કે એ લોકો સુરતમાં છે, તેમ છતાં કોઈ પત્તો ન મળતાં વેવાઈ રાજાભાઈએ તેમને શોધવા માટે ગુજરાત હાઈકોર્ટમાં અરજી કરી હતી."

આ કેસ સાથે સંકળાયેલા અમરેલીના ડીવાયએસપી હરેશ વોરાએ કહ્યું કે સાવરકુંડલાના પોલીસ ઈન્સ્પૅક્ટર આ કેસની તપાસ કરી રહ્યા હતા. શરૂઆતમાં સુરતથી સુરેશ સોલંકીએ એક વખત ફોન કર્યો હતો અને મળવા માટે પોલીસસ્ટેશન પણ આવ્યો હતો. ત્યારે સુરેશે કહ્યું હતું કે સુરતમાં તેમનાં પત્ની શાક લેવાં ગયાં બાદ ગુમ થઈ ગયાં છે, એ આવશે એટલે લઈને ફરીથી પોલીસસ્ટેશન આવવાની ખાતરી આપી. તેઓ આગળ કહે છે, "બાદમાં એ ગુમ થઈ ગયો હતો. છ મહિના સુધી તેની કોઈ ભાળ ન મળતાં અમે તેનો, રેખાનો અને બંનેના મિત્રોના ફોન પણ સર્વેલન્સમાં મૂક્યાં હતાં. સર્વેલન્સ સિવાય અમે હ્યુમન ઈન્ટેલિજન્સની પણ મદદ લઈ રહ્યા હતા. બંનેના ફોન બંધ આવતા હતા પણ જાણવા મળ્યું કે રેખા અને સુરેશ બંનેનો એક મિત્ર વારંવાર ગોંડલ જતો હતો."

"અને અચાનક એક દિવસ રેખાનો ફોન ચાલુ થયો અને તે ગોંડલમાં હોવાનું જાણવા મળ્યું હતું. જેથી પોલીસે એ મિત્રની અટકાયત કરી હતી અને પૂછપરછ કરતા તેણે કહ્યું કે સુરેશ અને રેખા ચાર બાળકો સાથે ગોંડલમાં રહે છે."ડીવાયએસપી વોરા આગળ જણાવે છે, "આ જાણીને અમે તાત્કાલિક એક ટીમ ગોંડલ મોકલી હતી. ત્યાંથી સુરેશ અને તેની પ્રેમિકા રેખા ચારેય બાળકો સાથે મળી આવ્યાં, પણ તેમનાં પત્ની શોભા ક્યાંય ન હતાં."

## સાપ્તાહિક રાશિફળ

પંડિત અજય શર્મા

**મેષ** (અ.લ.ઈ)
આજે પરિવાર સાથે સમય પસાર કરવાથી ખુશ રહેશો. છેલ્લા ઘણા સમયથી ચાલતા સ્ટ્રેસથી રાહત મળશે. સંતાનના કરિયર સંબંધિત સલાહ મળશે. કોઈ પણ ગેરકાનૂની કામમાં રસ ના દાખવવો, નહિ તો તમે ફસાય જશો. સંતાનના કામ પર ધ્યાન રાખવું.

**વૃષભ** (બ.વ.ઉ)
ધાર્મિક અને આધ્યાત્મિક કામમાં તમારો રસ વધશે. તેનાથી તમારામાં નવી પોઝિટિવ એનર્જી આવશે. વ્યક્તિગત કામની સાથે ઘરના કામ પર પણ ધ્યાન રાખવું. તમારી બેદરકારીથી બીજાને તકલીફ થશે. વિદ્યાર્થીઓએ અભ્યાસ અને કરિયર પર વધારે ધ્યાન આપવું.

**મિથુન** (ક.છ.ઘ)
રૂટીન કામમાંથી દૂર રહીને તમારા માટે સમય પસાર કરો. તેનાથી ઊર્જા અને તાજગીનો અનુભવ થશે. ગ્રહની સ્થિતિ સારી છે. આ સમયનો સદુપયોગ કરો. નજીકના સંબંધી સાથે તણાવ રહેશે. યુવાનોએ ધ્યાન ભટકવવાને બદલે કરિયર પર ધ્યાન આપવું.

**કર્ક** (ડ.હ)
ધાર્મિક સમારોહમાં જવાની તક મળશે. ઘણા સમય પછી ફેમિલીને મળવાથી ખુશ રહેશો. નવી ઊર્જા સાથે કામ પર ધ્યાન આપવું. કોઈના વ્યક્તિગત મામલામાં દખલગીરી ના કરવી. ભૂમિનું કામ હાલ માટે સ્થગિત કરો. હાલ ગ્રહ અનુકૂળ નથી.

**સિંહ** (મ.ટ)
આજે તમારે કોઈ પ્રિય મિત્રને આર્થિક મદદ કરવી પડી શકે છે અને આમ કરવાથી તમને આધ્યાત્મિક શાંતિ મળશે. કારકિર્દી સંબંધિત કેટલીક સારી માહિતી મેળવવાથી યુવાનો ખુશ થશે. ધાર્મિક સ્થળોની મુલાકાત લેવાનો કાર્યક્રમ પણ બની શકે છે. બિનજરૂરી ખર્ચને કારણે બજેટ બગડી શકે છે.

**કન્યા** (પ.ઠ.ણ)
જે કામો થોડા સમયથી અટકેલા હતા, આજે તેમાં થોડી ગતિ જોવા મળશે. જેના કારણે ઘરમાં આરામદાયક અને શાંતિપૂર્ણ વાતાવરણ રહેશે અને તમે સરળતાથી તમારી અંગત પ્રવૃત્તિઓ પર ધ્યાન કેન્દ્રિત કરી શકશો. મિત્રો સાથે વ્યર્થ સમય પસાર કરવાથી તમારા ઘણા મહત્ત્વના કામ અટકી શકે છે.

**તુલા** (ર.ત)
તક મળે તો ઝડપી લો અને દરેક તકનો શક્ય એટલો લાભ લો. ગ્રહોની સ્થિતિ તમારી તરફેણમાં છે. થોડો સમય સંત અથવા તમારા ગુરુની સંગતમાં વિતાવો. કોઈ અપ્રિય ઘટનાને કારણે મન ઉદાસ રહેશે. નાણાંકીય બાબતોમાં પણ સંપૂર્ણ સાવધાની રાખવી જરૂરી છે.

**વૃશ્ચિક** (ન.ય)
દૈનિક નિત્યક્રમ ઉપરાંત આત્મનિરીક્ષણમાં થોડો સમય કાઢો. આ તમને શારીરિક અને માનસિક રીતે સકારાત્મક અનુભવ કરાવશે. યુવાનો પોતાની આર્થિક સ્થિતિ અંગે થોડો અસંતોષ અનુભવશે. વધુ પડતો વિચાર કરવાથી મહત્ત્વપૂર્ણ સિદ્ધિઓ હાથમાંથી જવાનું કારણ બની શકે છે.

**ધન** (ભ.ધ.ફ)
આજે તમારું કોઈ સપનું સાકાર થઈ શકે છે. તેથી લક્ષ્ય પ્રાપ્તિ માટે સખત મહેનત કરવી. ઘર પરિવારની સુખ સુવિધાઓ સંબંધી વસ્તુઓની ખરીદારી થશે. આર્થિક પરિસ્થિતિ પહેલા કરતાં સારી થશે. કોઈ અપ્રિય વ્યક્તિના ઘરમાં આગમનથી મૂડ ખરાબ રહેશે.

**મકર** (ખ.જ)
તમે તમારી વાકચાતુર્ય તથા કાર્ય કરવાની શૈલી દ્વારા કોઈપણ કાર્ય કઢાવવામાં સક્ષમ રહેશો અને યોગ્ય સફળતા પણ મળશે. જો કે દોડધામના કારણે થાક અનુભવશો પરંતુ કાર્યની સફળતા તમારો થાક દૂર કરશે. તમારા અહમને અંકુશમાં રાખો. તેના કારણે સંબંધો ખરાબ થઈ શકે છે.

**કુંભ** (ગ.સ.શ.ષ)
લાંબા સમયથી ચાલી રહેલી કોઈ ચિંતા અને તણાવથી રાહત મળશે. તમે શાંતિપૂર્ણ રીતે તમારા કાર્યોને પૂરા કરી શકશો. ભાઈઓની સાથે પણ સંબંધ મધુર બનશે. કોઈ ખાસ વસ્તુની ચોરી થવાથી અથવા ખોઈ જવાની સ્થિતિ બની રહી છે. તેથી તમારી વસ્તુને સાચવીને રાખો.

**મીન** (દ.ચ.ઝ)
સમય અનુકૂળ છે. તમને તમારી મહેનત અને કાર્યોનું ભરપૂર પરિણામ મળશે. કોઈપણ કાર્યને યોજનાબદ્ધ રીતે કરતા જાવ, સફળતા નિશ્ચિત છે. યુવાનોની કરિયર સંબંધિત સમસ્યાઓનું નિરાકરણ થશે. વાતચીત કરતા સમયે સાવધાની રાખવી જરૂરી છે. ગુસ્સાથી પરિસ્થિતિ વધુ બગડી શકે છે. વધારે પડતો આત્મવિશ્વાસ રાખવો તમારા માટે મુશ્કેલીનું કારણ બનશે. તેથી ગુસ્સા પર નિયંત્રણ રાખવું.

### 2 મહિનામાં જ નડિયાદ ડિસ્ટ્રીક્ટ કોર્ટે ચુકાદો સંભળાવી દીધો

## સગીરાની જાહેરમાં ગળું કાપી હત્યા કરનાર દોષિતને આજીવનની કેદની સજા

ગુજરાત | વંદન

ખેડા જિલ્લાના ત્રાજ ગામે જાહેરમાં સગીરાનું ગળું કાપી હત્યા કરનાર દોષિતને કોર્ટે આજીવનની કેદની સજા ફટકારી છે. 16 વર્ષીય દીકરી સાંજના સમયે ગામમાં મહાદેવના દર્શન કરવા ગઇ હતી અને વળતા ગામના બસ સ્ટેન્ડ પાસે આવેલ ખોડિયાર પાન સેન્ટરમાં કોલ્ડડ્રિંક લેવા આવી હતી. બસ આ જ સમયે ગામમાં જ રહેતો રાજુ નામનો 46 વર્ષીય શખ્સે સગીરાને પકડી લીધી હતી અને



પોતાની પાસે રહેલ ધારદાર હથિયારથી કૃપાનું ગળું કાપી કાપી નાખ્યું હતું આ કેસમાં ફક્ત 2 મહિનામાં જ નડિયાદ ડિસ્ટ્રીક્ટ કોર્ટે ચુકાદો સંભળાવી દીધો છે. જેમાં 42 વર્ષીય દોષિત રાજેશ ઉર્ફે રાજૂ પટેલને કોર્ટે આજીવન કેદની સજા ફટકારી છે.

હત્યારા રાજુની ભત્રીજી અને મૃતક સગીરા સારી બહેનપણીઓ હતી. જેથી મૃતક અવારનવાર દોષીતના ઘરે જતી હતી. પરંતુ તેની સાથે અયોગ્ય વર્તાવ થયા હોવાની જાણ થતાં થોડા સમયથી મૃતક રાજુના ઘરે જવાનું ટાળતી હતી. જેથી રાજુને લાગતું હતું કે, મૃતક સગીરા તેની સાથે બોલવાનું ટાળે છે. જેથી આ વાતનું મનમાં લાગી આવતા આરોપીએ આ કૃત્યને અંજામ આપ્યો હતો.

રાજુ પટેલે નિર્દયતાથી સગીરા ગળા પર ચપ્પુ ફેરવી દીધું હતું અને શરીરના બીજા ભાગોમાં પણ ચપ્પુના ઘા મારી દીધા હતા.

## વિધાનસભાનું અધ્યક્ષપદ કોણે-કોણે શોભાવ્યું...?

ગુજરાત | વંદન

| | |
|---|---|
| ૧. કલ્યાણજી વી. મેહતા | મે, ૧૯૬૦ - ૧૯ ઓગસ્ટ ૧૯૬૦ |
| ૨. માનસિંહજી રાણા | ૧૯ ઓગસ્ટ ૧૯૬૦ - ૧૯ માર્ચ ૧૯૬૨ |
| ૩. ફતેહ અલી પાલેજવાલા | ૧૯ માર્ચ, ૧૯૬૨ - ૧૭ માર્ચ, ૧૯૬૭ |
| ૪. રાઘવજી લેઉવા | ૧૭ માર્ચ, ૧૯૬૭ - ૨૮ જૂન, ૧૯૭૫ |
| ૫. કુંદનલાલ ધોળકિયા | ૨૮ જૂન, ૧૯૭૫ - ૨૮ માર્ચ, ૧૯૭૭ |
| ૬. મનુભાઈ પાલખીવાલા (કાર્યકારી અધ્યક્ષ) | ૨૮ માર્ચ, ૧૯૭૭ - ૨૧ એપ્રિલ, ૧૯૭૭ |
| ૭. કુંદનલા ધોળકિયા | ૨૧ એપ્રિલ, ૧૯૭૭ - ૨૦ જૂન, ૧૯૮૦ |
| ૮. નટવરલાલ શાહ | ૨૦ જૂન, ૧૯૮૦ - ૮ જાન્યુઆરી, ૧૯૯૦ |
| ૯. કરસનદાસ સોનેરી (કાર્યકારી અધ્યક્ષ) | ૮ જાન્યુ., ૧૯૯૦ - ૧૯ જાન્યુ., ૧૯૯૦ |
| ૧૦. બારજોરજી પારડીવાલા | ૧૯ જાન્યુ., ૧૯૯૦ - ૧૬ માર્ચ, ૧૯૯૦ |
| ૧૧. શશિકાંત લખાણી | ૧૬ માર્ચ, ૧૯૯૦ - ૧૨ નવેમ્બર, ૧૯૯૦ |
| ૧૨. મનુભાઈ પરમાર (કાર્યકારી અધ્યક્ષ) | ૧૨ નવે., ૧૯૯૦ - ૧૧ ફેબ્રુ.,૧૯૯૧ |
| ૧૩. હિમ્મતલાલ મુલાણી | ૧૧ ફેબ્રુઆરી,૧૯૯૧ - ૨૧ માર્ચ, ૧૯૯૫ |
| ૧૪. હરિશચંદ્ર પટેલ | ૨૧ માર્ચ, ૧૯૯૫ - ૧૬ સપ્ટેમ્બર, ૧૯૯૬ |
| ૧૫. ચંદુભાઈ ડાભી (કાર્યકારી અધ્યક્ષ) | ૧૬ સપ્ટેમ્બર, ૧૯૯૬ - ૨૯ ઓક્ટોબર, ૧૯૯૬ |
| ૧૬. ગુમાનસિંહજી વાઘેલા | ૨૯ ઓક્ટો., ૧૯૯૬ - ૧૯ માર્ચ, ૧૯૯૮ |
| ૧૭. ધીરૂભાઈ શાહ | ૧૯ માર્ચ, ૧૯૯૮ - ૨૭ ડિસેમ્બર, ૨૦૦૨ |
| ૧૮. પ્રો. મંગળદાસ પટેલ | ૨૭ ડિસે., ૨૦૦૨ - ૧૮ જાન્યુ., ૨૦૦૮ |
| ૧૯. અશોક ભટ્ટ | ૧૮ જાન્યુ., ૨૦૦૮ - ૨૯ સપ્ટે., ૨૦૧૦ |
| ૨૦. પ્રો. મંગળદાસ પટેલ (કાર્યકારી અધ્યક્ષ) | ૨૯ સપ્ટે., ૨૦૧૦ - ૨૩ ફેબ્રુ., ૨૦૧૧ |
| ૨૧. ગણપત વસાવા | ૨૩ ફેબ્રુ., ૨૦૧૧ - ૨૬ ડિસે., ૨૦૧૨ |
| ૨૨. વજુભાઈ વાળા (કાર્યકારી અધ્યક્ષ) | ૨૬ ડિસે., ૨૦૧૨ - ૧૯ જાન્યુ., ૨૦૧૩[૩] |
| ૨૩. ડૉ. નિમાબેન આચાર્ય (કાર્યકારી અધ્યક્ષ) | ૧૯ જાન્યુ., ૨૦૧૩ - ૨૨ જાન્યુ.૨૦૧૩[૩] |
| ૨૪. વજુભાઈ વાળા | ૨૩ જાન્યુ. ૨૦૧૩[૪] - ૩૦ ઓગ. ૨૦૧૪[૫] |
| ૨૫. મંગુભાઈ છગનભાઈ પટેલ | ૩૧ ઓગ. ૨૦૧૪ - ૮ નવે. ૨૦૧૪ |
| ૨૬. ગણપત વસાવા | ૯ નવેમ્બર ૨૦૧૪ - ૭ ઓગસ્ટ ૨૦૧૬ |
| ૨૭. પરબતભાઈ પટેલ (કાર્યકારી અધ્યક્ષ) | ૭ ઓગસ્ટ ૨૦૧૬ - ૨૨ ઓગસ્ટ ૨૦૧૬ |
| ૨૮. રમણલાલ વોરા | ૨૨ ઓગસ્ટ ૨૦૧૬ - ૧૬ ફેબ્રુઆરી ૨૦૧૮ |
| ૨૯. રાજેન્દ્ર ત્રિવેદી | ૧૬ ફેબ્રુઆરી ૨૦૧૮ - ૧૩ સપ્ટેમ્બર ૨૦૨૧ |
| ૩૦. નીમાબેન આચાર્ય | ૧૩ સપ્ટેમ્બર ૨૦૨૧ - હાલમાં |

## પશુપાલકોને અમૂલની ભેટ, દૂધના ખરીદ ભાવમાં વધારો

ગુજરાત | વંદન

સામાન્ય માણસ એક તરફ પેટ્રોલ-ડીઝલ, ખાદ્ય તેલના ભાવવધારાથી પરેશાન છે. જનતા મોંઘવારીની સામે લડી રહી છે ત્યારે દિવાળી અને ચૂંટણી ટાણે ગુજરાતની જનતા પર અનેક પ્રકારની લ્હાણીઓ થઇ રહી છે. ત્યાપરે સરકાર સામે મોરચો માંડી રહેલા પશુપાલકોને પણ સહકારી મંડળી અમુલે દિવાળીનું ગિફ્ટ આપ્યુ છે. અમૂલે પશુપાલકો પાસેથી થતી ખરીદીમાં દુધમાં પ્રતિ કિલો ફેટે 20 રૂપિયાનો વધારો કર્યો છે. સહકારી મંડળીએ કરેલી જાહેરાત અનુસાર,અમૂલ ડેરીના ચેરમેને કહ્યું કે, હવે નવો ભાવ 780 થઇ ગયો છે.

## મુન્દ્રા પોર્ટ પરથી વિદેશી બ્રાન્ડની સિગારેટનો જથ્થો જપ્ત

ગુજરાત | વંદન

ગુજરાતના કચ્છના મુન્દ્રા પોર્ટ પર DRIની વધુ એક કાર્યવાહીમાં વિદેશી બ્રાન્ડની સિગારેટનો જપ્ત કરવાં આવ્યો છે. વિદેશી બ્રાન્ડની સિગારેટનો આશરે રૂ. 33 કરોડ રૂપિયાનો જથ્થો ઝડપાયો છે. ગુજરાતમાં મોટી માત્રા ડ્રગ્સ મળવાની ઘટના બાદ હવે વિદેશી બ્રાન્ડની સિગારેટ મળવાની ઘટના સામે આવી છે. આ જથ્થો રેડીમેડ કપડાના નામે લાવવામાં આવી રહ્યો હતો.

ડિરેક્ટોરેટ ઑફ રેવન્યુ ઈન્ટેલિજન્સ (DRI)ની ટીમે વિદેશી બ્રાન્ડનો જંગી જથ્થો જપ્ત કર્યો હતો. DRI દ્વારા અત્યારે



આ જથ્થો જપ્ત કરીને આગળની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. DRI અમદાવાદ દ્નારા 19મી ઑક્ટોબર 2022ના રોજ મુન્દ્રા પોર્ટ પરથી વિદેશી બ્રાન્ડની સિગારેટ (માન્ચેસ્ટર અને મૅક આઈસ બ્રાન્ડ્સ)નું કન્ટેનર લોડ હતું જે ઝડપી પડાયું છે.

આ જથ્થો રેડીમેડ કપડાના નામે લાવવામાં આવી રહ્યો હતો. આ નાણાકીય વર્ષમાં જપ્તીઓની કુલ કિંમત 135 કરોડ રૂપિયાને વટાવી ગઈ છે.

## જાણીતા લોક સાહિત્યકાર દેવાયત ખવડને જાનથી મારી નાખવાની ધમકી, હાઈકોર્ટનાં શરણે પહોંચ્યા

ગુજરાત | વંદન

ગુજરાતના જાણીતા લોક સાહિત્યકાર દેવાયત ખવડ ધમકી મળી છે. જાનથી મારી નાખવાની ધમકી મળતા



મામલો ગંભીર બન્યો છે. આ મામલે દેવાયત ખવડ હાઈકોર્ટનાં શરણે પહોંચ્યા છે. લોકસાહિત્ય કાર દેવાયત ખવડે હાઈકોર્ટમાં પિટિશન દાખલ કરી મદદ માગી છે. રાજકોટ પોલીસે સમગ્ર મામલે ગંભીરતા પૂર્વક કામ ન કર્યું હોવાનો અરજીમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ધમકી આપનાર જીત મોડાસિયા વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા તથા સોશિયલ મીડિયા પર મુકેલી પોસ્ટ દૂર કરાવવા માટે પણ અરજીમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ટુંક સમયમાં હાઈકોર્ટમાં આ સમગ્ર મામલે સુનાવણી હાથ ધરાશે.

## ભાવનગર બોટાદના લોકોને મળી દિવાળી ભેટ, અમદાવાદ-ભાવનગર વચ્ચે દોડશે ઈન્ટરસિટી

ગુજરાત | વંદન

ધનતેરસના પર્વથી અમદાવાદ-ભાવનગર વચ્ચે ઈન્ટરસિટી ટ્રેન દોડતી થઈ ગઈ છે, આ અંગેની જાહેરાત સાંસદ ડૉ. ભારતીબેન શિયાળે કરી હતી. આ ટ્રેન એક પ્રકારે ભાવનગર અને બોટાદના લોકો માટે દિવાળીની ભેટ સમાન છે.

આ અંગે માહિતી આપતા ડૉ. ભારતીબેન શિયાળે જણાવ્યું હતું કે, 'અમદાવાદથી ભાવનગર જવાના માર્ગ પર ઘણીવાર જબરદસ્ત ટ્રાફિક જામ જોવા મળે છે. આટલું જ નહીં આ રોડ પર જીવલેણ અકસ્માત થયો હોવાના કિસ્સા પણ આપણે જોયા છે'. તેથી, આ ટ્રેન ન માત્ર મુસાફરોના સમયની બચત કરશે પરંતુ અકસ્માતની સંખ્યામાં પણ ઘટાડો થશે. અમદાવાદ અને બોટાદ વચ્ચે જે ગેજ કન્વર્ઝનનું કામ ચાલી રહ્યું હતું તે હવે પૂરું થઈ ગયું છે. અમદાવાદ-ભાવનગર ઈન્ટરસિટી ટ્રેન તાત્કાલિક ધોરણે શરૂ કરવા માટેની માગણી કરવા માટે બુધવારે ડૉ. ભારતીબેને કેન્દ્રિય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ અને દર્શનાબેન સાથે મુલાકાત કરી હતી. આ દરમિયાન તેમની વિનંતી સ્વીકારવામાં આવી હતી અને ધનતેરસથી જ ટ્રેન શરૂ થઈ જશે તેમ કહેવામાં આવ્યું હતું. અમદાવાદ-ભાવનગર ઈન્ટરસિટી ટ્રેન રવિવારે એટલે કે ૨૩ ઓક્ટોબરથી મુસાફરો માટે શરૂ થઈ ગઈ છે. ટ્રેન વહેલી સવારે ૬.૧૦ કલાકે ભાવનગરથી ઉપડશે અને ૧૦ કલાકે અમદાવાદના સાબરમતી સ્ટેશને પહોંચશે.

આ ટ્રેન ફરી સાંજે ૪ કલાકે ત્યાંથી ઉપડશે અને ૮ કલાકે ભાવનગર પહોંચાડશે. આ સિવાય, ઢસા-જેતલસર લાઈનમાં લુણધરા સુધીનું ઈન્સપેક્શનનું કામ પૂરું થઈ ગયું છે. બાકીનું કામ પૂરું થતાં ટૂંક સમયમાં ઢસા-જેતલસર બ્રોડગેજ લાઈન પણ શરૂ થશે. ભાવનગરમાં હવે એકપણ નેરોગેજ કે મીટરગેજ ટ્રેન નથી. તમામ ટ્રેન બ્રોડગેજ લાઈન થઈ ગઈ છે.

## શબ્દોની સંતાકૂકડી 33 — ગુજરાત વંદન સાપ્તાહિક

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ■ | 1 | 2 | ■ | 3 | 4 | |
| 5 | | | | ■ | | ■ |
| | ■ | | ■ | 6 | | 7 |
| 8 | | ■ | 9 | | ■ | |
| | ■ | | ■ | 11 | 12 | |
| 13 | 14 | | | ■ | | ■ |
| ■ | 15 | | ■ | 16 | | |

**ઊભી ચાવી**

(1) એક કહેવત છે કે ''------- મોઢે મોટી વાત'' [2]
(2) હદ, મર્યાદા (અંગ્રેજીમાં) [3]
(4) યાત્રા કરનારું [3]
(5) ગાંધીનગરનું જોવાલાયક મોટામાં મોટું મંદિર [5]
(6) જીત, સફળતા [3]
(7) ઘઉંના લોટની પાતળી વણીને થતી ગોળ વાની [3]
(10) એક રૂઢિપ્રયોગ છે કે ''------- તેવી અસર'' [3]
(12) પીડા [3]
(14) અહીં 'નાક' શબ્દ આડાઅવળો થયો છે [2]

**આડી ચાવી**

(1) મોરી, નીક [2]
(3) ટાઢની ઋતુ [3]
(5) ટચલી આંગળી પાસેની આંગળી [4]
(6) પૅરેગ્રાફ શબ્દનું ગુજરાતી [3]
(8) લોહી [2]
(9) છેવટે, આખરે [2]
(11) મોટું ને સુંદર બાંધણીનું મકાન [3]
(13) કબરસ્તાન, રોજો [4]
(15) જ્ઞાતિ, જાત, એક કુળ [2]
(16) નામના વગરનું [3]

**શબ્દોની સંતાકૂકડી-32નો ઉકેલ**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1 પ્ર | ણ | 2 ય | ■ | 3 ભા | 4 વ | જ |
| ક | ■ | 5 શ | 6 બ | વ | ર્ણ | ■ |
| 7 ર | ખ | ■ | 8 રુ | ચિ | ■ | 9 અ |
| ણ | ■ | 10 આ | ■ | 11 ત્ર | 12 ડા | કો |
| ■ | 13 મ | જ | 14 આ | ■ | 15 ક | ટ |
| 16 ક્લ | ■ | 17 પ | ર | 18 મુ | ખ | ■ |
| 19 બ | ર | છી | ■ | 20 ખ | ર્ચ | વું |

**શબ્દોની સંતાકૂકડી-33 નો ઉકેલ આવતા અંકે**

## કોયડો નં. 35 સુડોકુ — ગુજરાત વંદન સાપ્તાહિક

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | | | | | 5 | | | |
| | 7 | | | | 6 | | | 1 |
| 2 | | 8 | | | | 5 | | |
| 1 | | | | 5 | | | 8 | |
| | 5 | | | | 9 | | | 2 |
| | 8 | 6 | 7 | | | | | |
| | | | 1 | | | 4 | | |
| 6 | | 5 | | | 7 | | | |
| | 4 | | | | 3 | | | |

ખાનાઓમાં એકથી નવના આંક એ રીતે ગોઠવાયેલા છે કે ઊભી, આડી રોમાં એક આંક એક જ વાર આવે. તે જ રીતે દરેક કોર્નરમાં નવના ચોકઠામાં પણ એકથી નવના આંક એક એકવાર જ આવવા જોઈએ. નમૂના માટે કેટલાક આંક મૂકાયા છે. ખાલી ખાનાં હવે તમે તર્ક લગાડીને ભરી કાઢો.

**સુડોકુ-35નો ઉકેલ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | 3 | 1 | 8 | 7 | 5 | 2 | 9 | 6 |
| 5 | 7 | 9 | 2 | 4 | 6 | 8 | 3 | 1 |
| 2 | 6 | 8 | 9 | 3 | 1 | 5 | 4 | 7 |
| 1 | 9 | 2 | 6 | 5 | 4 | 7 | 8 | 3 |
| 7 | 5 | 4 | 3 | 8 | 9 | 6 | 1 | 2 |
| 3 | 8 | 6 | 7 | 1 | 2 | 9 | 5 | 4 |
| 9 | 2 | 3 | 1 | 6 | 8 | 4 | 7 | 5 |
| 6 | 1 | 5 | 4 | 9 | 7 | 3 | 2 | 8 |
| 8 | 4 | 7 | 5 | 2 | 3 | 1 | 6 | 9 |

## સ્વાતિ બહેનની નજર તેમની સાથે ચાલતી મહિલાઓ પર પડી, પણ એક મહિલા સાથે તેનો નાનો અપંગ દીકરો હતો...

# ભોજાઈની ઉદારતા



ગુજરાત | વંદન

લગ્ન બાદ યુવતીઓ માટે દરેક તહેવારની ઉજવણી કંઈ ખાસ જ હોય છે. એમાંય વળી દીકરાના જન્મ બાદની પહેલી દિવાળીની ઉજવણી જો પિયરમાં કરવાની વાત હોય તો પછી બીજુ શું જોઈએ, આવી જ એક યુવતીની આ વાત છે. જેના લગ્ન થયાને જોત જોતાંમાં એક વર્ષ વીતી જાય છે, પરંતુ એ યુવતીના મનથી હજુ પિયરની વાત કે પિયરની ઊજવેલી દિવાળી ભૂલાતી નથી, તો ચાલો જાણીએ એ યુવતીના મનની વાત,

દિવાળીના સમયની વાત, સ્વાતિ બહેનને તેમના પિયરથી તેડુ આવ્યું, સ્વાતિ બહેન ખુશ થઈ ગયા. પિયર જવાનું હતું, ભાઈબીજનો તહેવાર નજીક હતો, તેથી નાના ભાઈ અને પરિવારના સદસ્યો માટે કંઈ લઈ જવું, ખાલી હાથ તો ના જવાય, તેથી સ્વાતિ બહેને વિચાર્યું થોડી ખરીદી કરી લઈએ પણ દીકરાને ઘરે સાચવનાર કોઈ ન હતું તેથી દીકરાને પણ સાથે લઈને નણંદ બા સાથે નીકળી પડ્યા.

પહેલા એ.ટી.એમમાંથી પૈસા ઉપાડી, પર્સમાં મુક્યા. વડોદરા જવાનું હોવાથી પૈસા થોડા વધારે જ ઉપાડયા હતા.અને સ્વાતિ બહેન પાસે એવો સમય પણ ન હતો કે તે વધારાના પૈસા પાછા ઘરે મુકવા જાય, તેથી બધા જ પૈસા સાથે લઈને શોપિંગ કરવા ઉપડ્યા. અમદાવાદનો ત્રણ દરવાજા વિસ્તાર, ક્યારેય પણ ત્યાં માનવમહેરામણ જ જોવા મળે. પરંતુ સ્વાતિ બહેનને તેમના નણંદ બંને આ વાતથી ટેવાઈ ગયા હતા.

બન્ને નણંદ -ભોજાઈ રીક્ષામાં બેઠાને ત્રણ દરવાજા પાસે પહોંચ્યાને રીક્ષા ચાલક બોલ્યો બસ હવે આગળ રીક્ષા નહીં જાય. તેથી બંને રીક્ષામાંથી ઉતરી ગયા. રીક્ષામાંથી ઉતરતાની સાથે દીકરો રડવા લાગ્યો, સ્વાતિ બહેને પર્સમાંથી પાણીની બોટલ કાઢી દીકરાને પીવડાવ્યું. પર્સ બંધ કરીને આગળ વધવા લાગ્યા એવામાં એક દુકાનમાં રમકડાં જોતાં હતાં ત્યારે તેમને લાગ્યું કે કોઈએ ધક્કો માર્યો, પણ તેમણે પોતાને સાચવી લીધા.પાછા ધક્કો લાગ્યો,પણ આવખતે તેમને લાગ્યું કે કોઈ એ પર્સ ને હાથ લગાડ્યો છે, તેમણે તરત જ પર્સ ખોલ્યું, જોતાં જ ખ્યાલ આવી ગયો કે કોઈ એ પર્સ માંથી પૈસા ઉપાડી લીધા છે. તેમણે તરત જ બાજુમાં રહેલી નણંદને જણાવ્યું કે મારા પૈસા ચોરાઈ ગયા છે.

નણંદ બોલીઃ આવું ન બને, આપણે તો સાથે જ છીએ.

એવામાં સ્વાતિ બહેનની નજર તેમના સાથે ચાલતી મહિલાઓ પર પડી, પણ એક મહિલા સાથે તેનો અપંગ નાનો દીકરો હતો. આને બીજીના હાથ ખાલી જણાતા હતા, તેથી સ્વાતિ બહેનને લાગ્યું કે પૈસા આમણે ચોર્યા હોય તો મુક્યા ક્યાં હશે?

નણંદ બોલીઃ ઉભા રહો, ભાભી તમે,હું વાત કરું છુ.

એમ કહી નણંદે એક મહિલાનો હાથ પકડી લીધો, અને તેને જોરથી હલાવી પુછ્યું, બોલ પૈસા ક્યાં છે? તેં લીધા છે, આપી દે છે કે નહીં, એમ કહી ફરીથી જોર જોરથી હલાવી તે મહિલાને, એવાં માં સ્વાતિ બહેનની નજર નીચે પડી, જોયું તો પૈસા નીચે પડે લા હતા, સ્વાતિ બહેનને તરત જ પૈસા ઉપાડી ગણી લીધા, તો બરાબર એટલાં જ હતા, જેટલાં એ.ટી.એમ માંથી તેમણે ઉપાડ્યા હતા.

સ્વાતિ બહેન બોલ્યાઃ હવે આ મહિલાઓને પોલીસને હવાલે કરી દઈએ, ચાલો નણંદ બા.

નણંદ બા બોલ્યાઃ હા,ચાલો ભાભી, પોલીસ સ્ટેશન.

બન્ને મહિલાઓ ડરી ગઈ, વિનંતી કરવા લાગી, બહેન મારા નાના છોકરાનું શું થશે? જવા દો અમને, ફરી આવું નહિ કરી એ.

સ્વાતિ બહેન ને તે મહિલાનાં અપંગ દીકરાની દયા આવી અને તે બે મહિલાઓ ને છોડવા માટે રાજી થઈ ગયા, અને તે મહિલા ના દીકરાનાં હાથ માં ૧૦૦ રૂ.ની એક નોટ આપી તેના માટે રમકડું લેવા મહિલા ને જણાવ્યું.

હવે બંને નણંદ-ભોજાઈ ના ઉત્સાહ માં વધારો થયો અને બમણાં ઉમંગ થી શોપિંગ કરવાં લાગ્યા,આગળ વધતાં સ્વાતિ બહેન ની નજરે એક દુકાન પર પડી, એ દુકાન માં બાળકો માટે ના કપડાં મળતાં હતાં, તેમનાં મન માં એ મહિલા નો અપંગ દીકરા નો વિચાર આવ્યો,ને તેમણે તેના માટે બેત્રણ જોડી કપડાં ખરીદ્યાં, અને આજુ- બાજુ સહેજ નજર દોડવી, એવામાં એમની નજરે તે મહિલા અને તે નો દીકરો ચડી ગયો ઝડપથી તેને પાસે બોલાવી કપડાંની ખરીદી કરે લી, થેલી આપી., મહિલા ખુશ થઈ ગઈ અને સ્વાતિ બહેન ને આશીર્વાદ આપ્યાં.હવે સ્વાતિ બહેન ના મન ને ટાઢક વળી.અને નિશ્ચિત થઈ ને પિયર પક્ષ માટે ખરીદી કરવા લાગી ગયાં, ખરીદી કરી તેઓ ઝડથી ઘરે પહોંચી ગયા , ને ઘરે આવી ને બંને એ તેમની સાથે બનેલી ઘટના કુટુંબીજનો ને કહી સંભળાવી.

ઘના બધા સભ્યો બંને નણંદ -ભોજાઈ ની બહાદુરી થી ખુશ થઈ ગયા.અને બંને ની દરિયા દિલી ના વખાણ કર્યા.પણ સ્વાતિ બહેન ના મન માંથી તે અપંગ દીકરા ની છબી કંઈ જતી ન હતી, તેમણે નકકી કર્યું કે હવે પછી ની દરેક દિવાળી ના સમયે અથવા તો જ્યારે તેમને અનુકૂળતા રહે તે મુજબ તેવો આવા દિવ્યાંગ બાળકો ને મદદ કરવા માટે તેમનાથી જે થાય તે કરશે, જેથી દિવ્યાંગ બાળકો ના માતાપિતા આવી ઓછી હરકત કરવા માટે ન પ્રેરાય. ત્યારબાદ આ ઘટનાથી બન્ને એ શીખ લીધી, જરુરીયાત મુજબના જ પૈસા લઈને શોપિંગ કરવા નીકળવું, અને કાયમ સતર્ક રહેવું.બને નણંદ - ભોજાઈએ કાન પકડ્યા.

હવે સ્વાતિ બહેન થેલો ભરીને દીકરા સાથે રાજી ખુશી પિયર જવા રવાના થયા.

■ અનામિકા

અનુસંધાન પેજ 12 પરથી...

શંકરશિંહ વાઘેલાએ બળવો કરતાં તેમણે મુખ્યમંત્રીપદ છોડવું પડ્યું. ૧૯૯૮ ની ચૂંટણીમાં ભાજપની જીત થઇ અને માર્ચ, ૧૯૯૮માં તેઓ પુનઃ મુખ્યમંત્રી બન્યા. જોકે જાન્યુઆરી, ૨૦૦૧ માં આવેલા ભૂકંપ પછી પક્ષની લોકપ્રિયતા ઘટતાં કેન્દ્રીય મોવડીમંડળે તેમના સ્થાને નરેન્દ્રમોદીને મુખ્યમંત્રી બનાવ્યાં. કેશુભાઇનું પ્રથમ વખતનું શાસન ઘણું વખણાયું હતું.

### સુરેશચંદ્ર મહેતા

**21-10-95 થી 19-9-96 (334 દિવસ)**

શંકરસિંહ વાઘેલાના બળવા પછી સુરેશચંદ્ર મહેતા રાજયના મુખ્યમંત્રી બન્યા. કચ્છમાંથી પ્રથમ મુખ્યમંત્રી બનનાર સુરેશભાઇનો જન્મ ૧૯૩૬માં માંડવીમાં થયો હતો. જોકે તેઓ લાંબો સમય સત્તા પર રહી શકયા નહિ અને ઓકટોબર ૧૯૯૬માં તેમની સરકારનું પતન થયું. તેઓ ભલે લો પ્રોફાઇલ વ્યકિત ગણાય છે.

### શંકરસિંહ વાઘેલા

**23-10-96થી 28-10-97 (એક વર્ષ અને ચાર દિવસ) કુલ 369 દિવસ**

ભાજપમાંથી મુખ્યમંત્રી તરીકેના પ્રબળ દાવેદાર શંકરસિંહ વાઘેલા ૧૯૯૬માં રાષ્ટ્રીય જનતા પક્ષ સ્થાપીને કોંગ્રેસની મદદથી મુખ્યમંત્રી બન્યા. આશરે એક વર્ષ મુખ્યમંત્રી તરીકે કામ કર્યું. પણ તાત્કાલિક નિર્ણયો લઇને તેમણે રાજયની પ્રજાને પ્રજાને પ્રભાવિત કરી અને એક મજબૂત અને મક્કમ નેતા તરીકેની પોતાની ઓળખને સુદઢ કરી.

### દિલીપભાઇ પરીખ

**28-10-97 થી 4-3-98 (188 દિવસ)**

માત્ર ચારેક મહિના માટે મુખ્યમંત્રીપદે રહેનાર દિલીપભાઇ પરીખ અત્યંત પ્રવાહી અને અનિશ્ચિત રાજકીય પરિસ્થિતમાં ખાસ કશું કરી શકયા નથી. ગુજરાતના રાજકીય ઈતિહાસમાં સૌથી ઓછો સમય મુખ્યમંત્રીપદે રહેવાનો વિક્રમ તેમના નામે છે. તેઓ શંકરસિંહ વાઘેલાની ઘણી નજીક હતા. અને અકસ્માતે મુખ્યમંત્રી બન્યા.

### નરેન્દ્રભાઈ મોદી

**7-10-2001 થી 22-12-2002, 22-12-2002થી 22-4-2014 12 વર્ષ અને 227 દિવસ (સૌથી વધુ 4465 દિવસનું શાસન)**

‘નમો’ તરીકે જાણીતા મોદીનો જન્મ ઉત્તર ગુજરાતના વડનગરમાં ૧૭-૯-૧૯૫૦ ના રોજ થયો છે. તેઓ કુશળ સંગઠક. એક લોકપ્રિય મુખ્યમંત્રી તરીકે તેમણે પોતાની આગવી આભા અને ઓળખ ઊભી કરી હતી. ભારતની ૧૨૫ કરોડની પ્રજાના વડાપ્રધાન થવા પહેલાં તેમણે ગુજરાતના વિકાસને આખા વિશ્વમાં પહોંચાડ્યો. ‘પાંચ કરોડ ગુજરાતીઓ’ના નેતૃત્વકાર ગણાતા નરેન્દ્ર મોદીએ ગુજરાતને વિકાસના પંથે લઇ જવામાં સફળતા મેળવી હતી. તેમનું વ્યકિતત્વ ઘણું આકર્ષક અને વકતૃત્વ પ્રભાવક. ‘વાઈબ્રન્ટ ગુજરાત’ના સૂત્ર તળે તેમણે ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટનું આયોજન કરીને ગુજરાતમાં કરોડો રૂપિયાનું મૂડી રોકાણ આકર્ષિત કરવામાં સફળતા મેળવી. કૃષિ, ઉદ્યોગ, શિક્ષણ, આઈટી, વગેરે ક્ષેત્રે તેમણે નવી નવી પહેલ કરી.

### આનંદીબહેન પટેલ

**22-4-2014 થી 6-8-2016 2 વર્ષ અને 77 દિવસ, કુલ 836 દિવસ**

‘બહેન’ના હુલામણા નામથી ઓળખાતાં આનંદીબહેન પટેલને ગુજરાતનાં પ્રથમ મહિલા મુખ્યમંત્રી બનવાની તક મળી.ગુજરાત સરકારમાં સૌથી અનુભવી મંત્રી. મહેસાણના વિજાપુર તાલુકાના ખરોડ ગામે ૨૧-૧૧-૧૯૪૧ના રોજ આનંદીબહેનનો જન્મ થયો હતો.૧૯૮૬માં રાજકીય ક્ષેત્રે પ્રવેશેલાં બહેન મૂળે તો શિક્ષિકાનો જીવ. પોતે સ્ત્રી હોવાથી સ્ત્રીની પીડા, દુઃખ કે અન્ય લાગણીઓ યોગ્ય રીતે જાણી-સમજી અને અનુભવતાં આનંદીબહેને રાજયનાં દરેક ગામના દરેક ઘરમાં શૌચાલય બનાવવાની નેમ કરી. પહેલાં પાટીદારોનું આંદોલન તેમને નડ્યું અને બાકી હતું તે દલિતો પર થયેલા અત્યાચારોએ પૂરું કર્યું. કમનસીબી એવી કે ગુજરાતનાં પહેલાં મુખ્યમંત્રી પોતાનો ત્રણેક વર્ષનો કાર્યકાળ પણ પૂરો ના કરી શકયાં. હાલમાં તેઓ ઉત્તરપ્રદેશના રાજ્યપાલ તરીકે બિરાજમાન છે.

### વિજયભાઈ રૂપાણી

**07-08-2016થી 11મી સપ્ટેમ્બર, 2021 સુધી, પાંચ વર્ષ અને 37 દિવસ (કુલ 2007 દિવસ)**

આનંદીબહેનના રાજીનામા પછી તેમના અનુગામી માટે ભારે રહસ્ય રહ્યું. છેવટે વિજયભાઈ રૂપાણીને ગુજરાતના નવા મુખ્યમંત્રી બનાવવામાં આવ્યા. તેઓ ભાજપ ગુજરાતના પ્રમુખ હોવા ઉપરાંત આનંદીબહેન સરકારમાં મંત્રી પણ હતા. રાજકોટના આ ધારાસભ્ય કુશળ સંગઠક ગણાય છે. તેમણે ખૂબ જ નાજુક સ્થિતિમાં મુખ્યમંત્રી તરીકેનો કાર્યભાર સંભાળ્યો છે. તેમણે પાટીદાર આંદોલનને વધારે ઉગ્ર બનવા ના દીધું. તેમની સાથે નીતિનભાઈ પટેલને નાયબ મુખ્યમંત્રી બનાવવામાં આવ્યા હતા. તેમનું નામ મુખ્યમંત્રી તરીકે બોલાતું હતું. તેઓ અનુભવી મંત્રી હતા. વિજયભાઈ રૂપાણી અને નીતિનભાઈ પટેલના નેતૃત્વમાં ૨૦૧૭ની ચૂંટણી ભાજપ લડ્યું અને ૯૯ બેઠકો સાથે જીત્યું હતું. કોરોનાની બીજી લહેરમાં તેમને તકલીફ પડી. હાઈકોર્ટે ઠપકો આપ્યો. તેમનો વહીવટી તંત્ર પર અંકુશ નહોતો તેવી ફરિયાદ થઈ. જોકે સંગઠન અને શાસન વચ્ચેના સંઘર્ષ અને ખાસ તો ડિસેમ્બર, ૨૦૨૨ની ચૂંટણીને ધ્યાનમાં રાખીને જ તેમને બદલવામાં આવ્યા હતા.

### ભુપેન્દ્રભાઈ પટેલ

**(૧૩મી સપ્ટેમ્બર, ૨૦૨૧થી...)**

સત્તરમા મુખ્યમંત્રી અમદાવાદના ઘાટલોડિયા વિધાનસભા વિસ્તારના ભુપેન્દ્રભાઈ પટેલની મુખ્યમંત્રી તરીકેની પસંદગીએ તમામ લોકોને ચોંકાવી નાખ્યા હતા. તેઓ અમદાવાદ મહાનગરપાલિકામાં બે ટર્મ સ્ટેડિંગ કમિટીના ચેરમેન હતા તો ઔડાના પણ એક ટર્મ ચેરમેન હતા. તેઓ સૌમ્ય, સાલસ અને સ્વચ્છ પ્રતિભા ધરાવે છે.

અનુસંધાન પેજ 12 પરથી...

### ભાજપ દિવાળીના...

નેતાઓ હાજર રહેશે. આ સિવાય ગ્રામ્ય વિસ્તારોમાં આવેલી બેઠકોમાં ત્યાંના સંબંધિત મહિલા, યુવા, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને કિસાન મોરચાના નેતાઓ અલગ-અલગ ભોજન સમારંભો યોજશે. શનિવારે અમિત શાહે દેશ-વિદેશમાં સ્થાયી થયેલા વિખ્યાત ગુજરાતી લોકોને પ્રદેશ કાર્યાલય પર ભોજન માટે આમંત્રિત કર્યા હતા.

અમિત શાહે વિદેશમાં વસેલા રાજકારણીઓ, બિઝનેસમેન, કલાકારો, સામાજિક અગ્રણીઓ સહિતના લોકોને અહીં આમંત્રિત કર્યા હતા. આ લોકો પરોક્ષ રીતે ગુજરાતની ચૂંટણીમાં મતદાતાઓના માનસ પર ખાસ્સા પ્રભાવિત રહેતા હોય છે. આ ઉપરાંત તેમની સાથેની ચર્ચા દરમિયાન ભાજપ અને સત્તાપક્ષે કયા ક્ષેત્રોમાં વધુ પ્રયાસ કરવો જોઈએ તેનું સૂચન પણ મેળવે છે.

### 2017ની ચૂંટણી...

ગ્રામ્ય, માણાવદર, ઉંઝા, રાધનપુર, બાયડ, થરાદ, ખેરાલુ, અમરાઈવાડી અને લુણાવાડાનો સમાવેશ થાય છે. વર્ષ 2019ની બન્ને પેટાચૂંટણી પહેલાં 6 બેઠક પર કોંગ્રેસનું આધિપત્ય હતું.

પેટાચૂંટણી બાદ દસમાંથી સાત સીટ પર ભાજપ જીતી હતી અને કોંગ્રેસ ત્રણ સીટ સાચવવામાં સફળ રહી. 23 એપ્રિલ 2019ના દિવસે ચાર સીટ પર પેટાચૂંટણી યોજાઈ હતી અને તે ચારેય સીટ પર પહેલાં કોંગ્રેસ પાસે હતી અને બાદમાં ભાજપે ત્યાં કેસરિયો લહેરાવ્યો હતો.

ત્યારબાદ 21 ઓક્ટોબર, 2019ના દિવસે ત્રીજી પેટાચૂંટણી યોજવામાં આવી હતી. તેમાં 6 સીટ પર મતદાનનું આયોજન કરવામાં આવ્યું. તેમાંથી ત્રણ સીટ કોંગ્રેસને તો ત્રણ સીટ ભાજપના ફાળે આવી હતી. મહત્ત્વનું છે કે, 2017ની વિધાનસભા ચૂંટણીમાં અહીં 4 બેઠક પર ભાજપ અને બે બેઠક પર કોંગ્રેસની જીત થઈ હતી. જ્યારે પેટાચૂંટણી બાદ અહીં કોંગ્રેસે ભાજપની એક સીટ આંચકી લીધી હતી અને આમ, બંને પાર્ટીને ત્રણ-ત્રણ સીટ મળી હતી.

વર્ષ 2020માં ચોથી પેટાચૂંટણીનું આયોજન કરવામાં આવ્યુ હતું. તેમાં આઠ સીટ પર ચૂંટણી યોજવામાં આવી હતી. વર્ષ 2017ની વિધાનસભા ચૂંટણીમાં આ આઠેય સીટ પર કોંગ્રેસ જીતી હતી. જ્યારે પેટાચૂંટણી પછી તમામ સીટ પર ભાજપે ભગવો લહેરાવ્યો હતો. આ આઠ સીટમાં અબડાસા, લીમડી, મોરબી, ધારી, ગઢડા, કરજણ, ડાંગ અને કપરાડાની વિધાનસભા સીટનો સમાવેશ થાય છે.

પાંચમી પેટાચૂંટણી વર્ષ 2021માં યોજવામાં આવી હતી. માત્ર એક જ સીટ પર આ ચૂંટણીનું આયોજન કરવામાં આવ્યું હતું. મોરવા હડફની આ બેઠક પર વર્ષ 2017ની વિધાનસભા ચૂંટણીમાં અપક્ષ ઉમેદવાર ભૂપેન્દ્રસિંહ ખાંટે બાજી મારી હતી. ત્યારબાદ પેટાચૂંટણીનું આયોજન કરતા તે સીટ પરથી નિમિષા સુથાર જીત્યા હતા.

વિધાનસભા ચૂંટણીઓ-2017નું પરિણામ ઉડતી નજરે...

ગુજરાત વિધાનસભા ચૂંટણી 2022ને લઈને હવે અટકળોની શરૂઆત થઈ ગઈ છે. એકબાજુ બધી જ પાર્ટીઓ ચૂંટણીની તૈયારીઓમાં લાગી ગઈ છે. તો બીજી બાજુ ભાજપ, કોંગ્રેસ સહિત આપ વિવિધ સ્થળોએ સભાનું આયોજન કરીને ચૂંટણી પ્રચાર કરતી પણ જોવા મળી છે. ત્યારે વર્ષ 2017ની ચૂંટણી પર એક નજર કરીએ...

| ઝોન | કુલ સીટ | NDA | UPA | અન્ય |
|---|---|---|---|---|
| મધ્ય ગુજરાત | 61 | 37 | 22 | 2 |
| ઉત્તર ગુજરાત | 32 | 14 | 18 | 0 |
| સૌરાષ્ટ્ર-કચ્છ | 54 | 23 | 30 | 1 |
| દક્ષિણ ગુજરાત | 35 | 25 | 10 | 0 |

વર્ષ 2017ના ચૂંટણી પરિણામ વિશે ઝોન પ્રમાણે મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતમાં ભાજપની પકડ ખૂબ મજબૂત છે. જ્યારે સૌરાષ્ટ્ર-કચ્છ અને ઉત્તર ગુજરાતમાં કોંગ્રેસને ભાજપ કરતાં વધુ સીટ મળી હતી. આ વખતે પણ ત્યાં ભાજપ માટે પરિસ્થિતિ કપરી હશે તેવું લાગી રહ્યુ છે. હાલ તમામ પક્ષ ચૂંટણીને લઈને એડીચોટીનું જોર લગાવી રહ્યા છે.

અનુસંધાન પેજ 01 પરથી...

### 3 પક્ષો, 600 ઉમેદવારો...

તો ૯૯માંથી ઘણા ધારાસભ્યો ટિકીટ વિહોણા બની જશે. આમ તો હાલમાં વિધાનસભામાં ભાજપના 111 ધારાસભ્યો છે, પરંતુ 99 ઉપરાંતના કોંગ્રેસના આયાતી ધારાસભ્યો છે, તત્કાલિન મુખ્યમંત્રી વિજય રૂપાણાની સરકારના મંત્રી મંડળમાંથી કોઈને પણ ફરીથી ટિકીટ મળે તેવી શક્યતા લગભગ નહીવત્ છે. નવી ટીમ...નવુ લોહી...ની સાથે ભાજપ નવી સરકાર રચવા માંગે છે. તેથી યુવા મતદારોને આકર્ષવાના પ્રયાસો થયા છે.

સુત્રોએ કહ્યું કે, 31 ઓક્ટબરે વડાપ્રધાન મોદીના સરકારીકાર્યક્રમો પૂરા થતાં જ પહેલી નવેમ્બરથી ચૂંટણીપંચ દ્વારા ગમે ત્યારે ગુજરાતની ચૂંટણીઓ જાહેર થઇ શકે અને એક રીતે જોઈએ તો દિવાળીની રજાઓ બાદ ભાજપ, કોંગ્રેસ, આપ પાર્ટી, ઔવેસીની પાર્ટી સહિત અન્ય નાના પક્ષોના કાર્યકરો યા હોમ... કરીને પડો ફતેહ છે આગે... સાથે ચૂંટણીના રણસંગ્રામમાં પોતપોતાના મુદદરૂપી હથિયારો સાથે મેદાનમાં જોવા મળશે. ભાજપ તરફથી સમગ્ર પ્રચારતંત્ર ખૂદ વડાપ્રધાન મોદી અને ગૃહમંત્રી અમિત શાહ સંભાળી રહ્યા છે. કેન્દ્રીય મંત્રીઓનો કાફલો પણ પ્રચારમાં ઉતરશે. કોંગ્રેસ તરફથી પ્રચારની બાગડોર પ્રિયંકા ગાંધી સંભાળે તેમ છે, કન્યાકુમારીથી કાશ્મીરની પદયાત્રા યોજી રહેલ રાહુલ ગાંધી ગુજરાતમાં પ્રયાર માટે આવે તેવી શક્યતા નહીંવત છે. પ્રચારતંત્ર લગભગ તો સિનિયર નિરીક્ષક અશકો ગેહલોત સંભાળે તેવી સંભાવના છે.

આપ પાર્ટી તરફથી ગુજરાતનો મોરચો ખૂદ સીએમ અરવિંદ કેજરીવાલ, પંજાબના સીએ ભગવંત માન, મનિષ સિસોદીયા, રાઘવ ચઢ્ઢા વગેરે સંભાળે તેમ છે. ગોપાલ ઈટાલિયાનો ઉપયોગ ખૂબ ઓછો થાય તો નવાઈ નહીં. લઘુમતી મતદારોને રિઝવવા કરતા કોંગ્રેસના લઘુમતી મતોને તોડવા મીમ પાર્ટીના ઔવેસી પણ ગુજરાતમાં ચક્કર લગાવે તેમ છે.

8 ડિસેમ્બરે પરિણામ જાહેર થાય તે પહેલા ભારે રાજકિય ધમાસાણ વચ્ચે આગામી મુખ્યમંત્રી કોણ હશે. તેની પણ વ્યાપક ટીવી ડિબેટ ચર્ચાની સંભાવના છે. ભાજપમાં તો જો કે વર્તમાન મુખ્યમંત્રીને જ ભાવિ મુખ્યમંત્રી ગણાવ્યા છે. કોંગ્રેસમાંથી દર વખતની જેમ આ વખતે પણ મુખ્યમંત્રી પદનો કોઈ ચહેરો જાહેર કરવામાં નહીં આવે. કેજરીવાલની પાર્ટીમાં એવો કોઈ ખમતીધર નેતા નથી, કે જેને મુખ્યમંત્રી પદનો ચહેરો જાહેર કરે.

ભાજપ દ્વારા 182માંથી 150 કે 160નો લક્ષ્યાંક જાહેર કરાયો છે, કેજરીવાલની પાર્ટીએ 100 કરતા વધારે બેઠકોનો સર્વે સોશિયલ મીડિયામાં દર્શાવ્યો છે. તો કોંગ્રેસે પણ 125 બેઠકો સાથે સરકાર બની રહી હોવાનો દાવો કર્યો છે. પરંતુ કોને મળશે ગુજરાત...નો નિર્ણય ચૂંટણીમાં જેણે એક દીવસનો રાજા કહેવામાં આવે છે, તે મતદારો નક્કી કરશે. 2022ની ચૂંટણી માટે 4.90 કરોડ મતદારો નોંધાયા છે. 51 હજાર કરતા વધુ મતદાન મથકો જાહેર થયા છે. મતદારોમાં લગભગ અડધો અડધ મતદારો મહિલા વર્ગ છે. આ વખતે 14 લાખ જેટલા નવા મતદારો નોંધાયા છે. 8મીએ પરિણામ બાદ 10 ડિસેમ્બરની આસપાસ ગાંધીનગરના રાજભવનમાં કયા પક્ષની સરકારની શપથ વિધી યોજાશે તે ભાવિના ગર્ભમાં છુપાયેલું છે.

### આપ પાર્ટી...

તેમણે ગુજરાતના હાલના રાજકારણ અંગે જણાવ્યું હતું કે,ગુજરાતમાં મુખ્ય મુકાબલો ભાજપ અને કોંગ્રેસ વચ્ચે જ રહેશે. વિપક્ષ માં કોણ રહેશે તે અંગે પ્રશ્ન પૂછતા તેમણે જણાવ્યું હતું કે વિપક્ષ નક્કી કરવાનું કામ મતદારો કરશે પરંતુ જે રીતે હાલના રાજકારણમાં બદલાવ થઈ રહ્યો છે તે જોતા પણ કોંગ્રેસ જ વિપક્ષ તરીકે આવશે.

અનુસંધાન પેજ 06 પરથી...

### “મને લઈ જા ને...

કરી મૂકતી.

પથારીમાં તકિયાના ટેકે બેઠી બેઠી તે માછલીઘર જોયા કરતી. લાંબી માંદગીને લીધે કુંજલનુ શરીર એકદમ સૂકાઈ ગયું હતું. આંખો નીચે કાળા કુંડાળા પડી ગયા હતાં. કિમોથેરાપીની અસરને લીધે વાળ પણ ઘણા ઓછા થઈ ગયા હતાં.એક દિવસ કુંજલને બેઠા બેઠા કાનજીની મશ્કરી કરવાનું સૂઝ્યું.

તે કેહવા લાગી, “જો તો પેલો કાન, પહેલા કુંજની ફરતે બહુ ફર્યા કરતો પણ તારી જેમ એ પણ હવે ખાઈ ખાઈને તગડો થયો છે. જો ને ! કેવો છાનોમાનો બેસી રહે છે”

આમ કહી તે ફિક્કું હસી. કાનજીના ચિંતાતુર ચહેરા પર પણ હાસ્ય આવી ગયું.

આજે કુંજલ વધારે ઈમોશનલ હતી. તેનો પુત્ર અને પુત્રવધુ પ્રસંગમાં બહાર ગયેલા હતા. કુંજલે કાનજીનો હાથ પોતાના હાથમાં લઈ લીધો. કુંજલનો હાથ ધગધગતો હતો.

તે કાનજીને કહેવા લાગી, “ કાન મને ખબર છે હું હવે વધારે જીવવાની નથી, પણ મને તારા વગર નહીં ગમે. સાચું કહું છું. હું એકલી કેમ જઈશ? આખી જિંદગી સાથે રહ્યા ને છેલ્લે તું મને એકલી મોકલી દઈશ?”

એમ કહી કુંજલ રડવા લાગી. કાનજી ખુરશીમાંથી ઉભો થઈ બેડ પર આવી કુંજલને બાથમાં લઈ માથે હાથ ફેરવવા લાગ્યો.

કુંજલ વધુને વધુ રડવા લાગી. ફરી તે જીદ કરવા લાગી,

“કાન હું એકલી નથી જવાની. તું મારી સાથે આવ, મારે એકલાં જવું નથી બસ તું મારી સાથે આવ.”

કુંજલ એમ જીદ કરતી જાય છે ને રડતી જાય છે. કાનજીએ તેને પથારીમા સુવડાવી દીધી. આજે તેને વધારે પડતી તકલીફ હોય તેવું લાગતું હતું. તે જોરથી ખાંસી ખાવા લાગી, શ્વાસ અડધા જ ચાલતા હોય તેમ હાફવા લાગી. કાનજી તેનો હાથ પકડીને માથા પર હાથ ફેરવી તેને સુવરાવવા મહેનત કરી રહ્યો હતો.

કાનજી દવા લેવા ઉભો થયો તો પણ કુંજલે તેને બેસાડી દીધો ને એક જ વાત ચાલુ રાખી,

“હું એકલી નહિ જાવ, મારો હાથ પકડી રાખ, મારી બાજુમાં સુઈ જા, તું મારી સાથે ચાલ.”

કુંજલે આ રટણ પકડી લીધું. કાનજીએ તેને રાજી રાખવા કુંજલને સુવરાવી તેની બાજુમાં સુઈ ગયો. તેનો જમણો હાથ પોતાના બંને હાથમાં દબાવી દીધો.

કુંજલ શાંત થઈ ગઈ. શરીર તોડા પણ શાંત થઈ ગયા. શ્વાસ પણ શાંતિથી ચાલવા લાગ્યા. કુંજલની બંધ આંખોમાંથી આંસુ નીકળવા લાગ્યા. દસેક મિનિટ બંને શાંતિથી પડ્યા રહ્યા.

અચાનક કુંજલની આંખ ખુલ્લી. તેની નજર સામે પડેલાં માછલીઘર પર પડી. નર માછલી જેનું નામ કુંજલે કાન પાડેલું હતું. એનું મોઢુંને આખો ખુલ્લા રહી ગયા હતા. કાયમી જે મીનપક્ષ ફફડાવી પાણીમાં ઝડપથી તરતો હતો, તે મીનપક્ષ પણ લબડી પડ્યા હતા. પાણીની ઉપરની સપાટી પર તે ઊંધા માથે પડયો હતો. માછલી તેની ફરતે ફરતે તરીને એને જગાડવા વ્યર્થ મહેનત કરતી હતી.

કુંજલની રાડ ફાટી ગઈ, “અરે જો તો ખરો આપણો કાન મરી ગયો લાગે છે. જો ને તે ઊંધો કેમ પડ્યો છે?”

કાનજીએ કંઈ જવાબ ન આપતાં કુંજલે માછલીઘર પરથી નજર હટાવી કાનજી તરફ જોયું. તો કાનજી શાંત થઈ નિરાંતે સૂતો હતો. તેની હંમેશા ફફડતી મોટી અણીયાળી પાંપણો શાંત થઈ બિડાયેલી હતી. કુંજલની ફરીવાર રાડ ફાટી ગઈ. ને કુંજલ પણ શાંત થઈ ગઈ..



## અકબર-બીરબલ બાળવાર્તા

# બીરબલની ચતુરાઈ

ગુજરાત | વંદન

એક દિવસ અકબર બાદશાહને બધા દરબારીઓએ પુછ્યુ કે તમે બીરબલને સૌથી વધુ બુદ્ધિશાળી કેમ સમજો છો? શું અમે હોશિયાર નથી ? બાદશાહ અકબરે કહ્યુ કે, બીરબલ પાસે દરેક સમસ્યાનો ઉકેલ છે તેથી તે મારી નજરમાં બુદ્ધિશાળી છે.


દરબારીઓએ કહ્યુ, તો પછી આજે તેને અમારી એક પરીક્ષા પાસ કરવી પડશે નહી તો અમે તેને બુદ્ધિશાળી તરીકે નહી સ્વીકારીએ. એવુ કહીને તેઓ એક થેલો લઈને આવ્યા.

અકબર બાદશાહે પુછ્યું, શું છે આની અંદર?

દરબારીએ કહ્યું, આમાં રેતી અને ખાંડ છે.

તે શેના માટે, બાદશાહે પુછ્યું.

માફી માંગુ છુ હુજુર, દરબારી બોલ્યો. પરંતુ અમે બિરબલની બુદ્ધિની કસોટી કરવા માંગીએ છીએ, અમે ઈચ્છીએ છીએ કે બીરબર આ રેતમાંથી ખાંડને અલગ કરે.





અકબર બાદશાહે કહ્યું, જોઈ લે બિરબલ રોજ તારી સામે એક નવી મુશ્કેલી મુકવામાં આવે છે, હવે તારે આ રેતને પાણીમાં ગોળ્યા વિના તેમાંથી ખાંડને અલગ કરવાની છે.

કોઈ વાંધો નહિ જહાઁપનાહ, બીરબલે કહ્યું, આ તો મારા ડાબા હાથનો ખેલ છે, કહીને બીરબલે કાચનો વાટકો હાથમાં લીધો અને દરબારમાંથી બહાર જતો રહ્યો.

બીરબલ બાગમાં જઈને રોકાઈ ગયો અને કાચના વાટકામાંનુ મિશ્રણ એક આંબાની આજુબાજુ વેરી દિધું.

આ તમે શું કરી રહ્યાં છે? એક દરબારીએ પુછ્યું.

આ તને કાલે ખબર પડશે, બીરબલે કહ્યું.

બીજા દિવસે બધા તે આંબા નીચે પહોચ્યાં, જ્યાં હવે માત્ર રેત જ પડી હતી. ખાંડના બધા દાણાને કીડીઓએ લઈને પોતાના દરમાં મુકી દિધા હતાં, અમુક કીડીઓ તો હજી પણ ખાંડના દાણાને ઘસેડીને લઈ જઈ રહી હતી.

પરંતુ બધી ખાંડ ગઈ ક્યાં? એક દરબારીએ પુછ્યું.

રેતથી અલગ થઈ ગઈ, બીરબલે કહ્યું.

બધા જોરથી હસી પડ્યાં.

બાદશાહે દરબારીને કહ્યું કે, જો હવે તારે ખાંડ જોઈતી હોય તો કીડીઓના દરમાં ઘુસવું પડશે.

અકબર સહિત બધા જોરથી હસ્યાં અને બીરબલની ચતુરાઈના વખાણ કર્યા.

# યસ બેંકની નૈયા પાર લગાડશે વિદેશી રોકાણ? રૂ. 8900 કરોડના ઈન્વેસ્ટમેન્ટને CCIની લીલીઝંડી




ગુજરાત | વંદન

કૌભાંડ અને બાદમાં દેવાથી દબાયેલ યસ બેંક ફરી પાટે ચઢી રહી છે. વિદેશી રોકાણકારો હવે બેંકમાં રસ દાખવી રહ્યાં છે. યસ બેંકના બોર્ડે મોટા વિદેશી રોકાણને મંજૂરી આપી હતી અને હવે કોમ્પિટિશન કમિશન ઓફ ઈન્ડિયા (CCI)એ યસ બેંકમાં રૂ. 8900 કરોડના રોકાણ સાથે હિસ્સો ખરીદવા માટે બે સંસ્થાઓ વચ્ચેના પ્રસ્તાવિત સોદાને મંજૂરી આપી છે. કાર્લાઈલ ગ્રુપ અને વર્વેન્ટા હોલ્ડિંગ્સ બંનેને બેંકમાં રોકાણની સામે 184.8 કરોડ ઈક્વિટી શેર અને 128.37 કરોડ વોરંટ મળશે.

એડવેન્ટ ઈન્ટરનેશનલ-મેનેજડ ફંડ્સની સંલગ્ન વર્વેન્ટા હોલ્ડિંગ્સ યસ બેંકમાં 10 ટકા શેર હસ્તગત કરશે. આ સાથે કાર્લાઈલ ગ્રુપ દ્વારા નિયંત્રિત CA બાસ્ક ઈન્વેસ્ટમેન્ટ્સ પણ બેંકમાં 10 ટકા હિસ્સો હસ્તગત કરશે. સીસીઆઈએ ગુરુવારે મોડી સાંજે જારી કરેલા એક નિવેદનમાં જણાવ્યું હતું કે, "કમિશને ઈક્વિટી શેર માટેના પ્રસ્તાવિત સોદાને મંજૂરી આપી છે, જેમાં સંપાદન કરનાર યસ બેંકની કુલ પેઈડ-અપ શેર મૂડીના 10 ટકાના સંપાદન અને મતદાન અધિકારોનો સમાવેશ થાય છે."

જુલાઈમાં યસ બેંકના બોર્ડે કાર્લાઈલ ગ્રૂપ અને એડવેન્ટ ઈન્ટરનેશનલ સાથે જોડાયેલા ફંડ્સને તેનો 10 ટકા હિસ્સો વેચીને રૂ. 8898.47 કરોડ એકત્ર કરવાની યોજનાને મંજૂરી આપી હતી. આ અંતર્ગત બોર્ડે બંને ફંડોને રૂ. 13.78ના ભાવે 369.61 કરોડ ઈક્વિટી શેરની ફાળવણીને મંજૂરી આપી છે. આ ઉપરાંત તેમને પ્રાઈવેટ પ્લેસમેન્ટના આધારે 256.75 વોરંટ પણ ઈશ્યુ કરવામાં આવશે, જેને રૂ. 14.82ના ભાવે ઈક્વિટી શેરમાં રૂપાંતરિત કરી શકાય છે. ત્યારે યસ બેંકે કહ્યું હતું કે તેને આ રોકાણ માટે આરબીઆઈ પાસેથી મંજૂરી મળવાની બાકી છે.

વધુમાં યસ બેંકે 20 સપ્ટેમ્બરે જણાવ્યું હતું કે બેંકના બોર્ડે ખાનગી ઈક્વિટી ફર્મ જેસી ફ્લાવર્સને લગભગ 6 બિલિયન ડોલર એટલેકે 480 અબજ રૂપિયાની બેડ લોનના વેચાણને પણ મંજૂરી આપી છે. બેંકે કહ્યું કે જેસી ફ્લાવર્સે તેનો બેડ લોન પોર્ટફોલિયો ખરીદવા માટે રૂ. 48,000 કરોડની બેઝિક બિડ કરી હતી.

## બજારોનાં અંતરંગ

### કૃષિ ક્ષેત્રે હરિયાળી ક્રાંતિથી ગ્રામ્ય વિસ્તારમાં ભારે ઉત્સાહ

કૃષિ ક્ષેત્રે હરિયાળી ક્રાંતિથી ગ્રામ્ય વિસ્તારમાં ગ્રાહકોમાં તેમનાં ગામની નજીકના મોટા શહેરોમાં ખરીદી કરવા માટેની ભીડ નોંધપાત્ર રહી છે. સવિશેષ કરીને મિઠાઈ, ખાદ્ય સામગ્રીના ફુડ પેકેટો ઘર વપરાશની ચીજો કિચેન વેરની આઈટમો અને ગ્રામ્ય વિસ્તારનાં ગ્રાહકોનો ફાળો ખરીદી માટે નોંધપાત્ર છે. આ ઉપરાંત ગૃહ સુશોભનની આઈટમોની ખરીદી પણ વધવા પામી છે. ઘરના દેખાવને રંગરોગાનથી આકર્ષક બનાવવા માટે પેઈન્ટ્સ ઉદ્યોગની પણ માંગ ગ્રામ્ય વિસ્તારમાં વધી છે.

### પગાર ભથ્થાં, બોનસની જાહેરાતથી ખરીદી માટે જોરદાર ઉત્સાહ

સરકારી કર્મચારીઓને પગાર ભથ્થા અને બોનસની જાહેરાતથી વહેંચણી શરુ થતાં તેમજ રોજગારીની તકો વધવાથી તેની અસરરુપે ટુ વ્હિલ્સ અને સાયકલના વેચાણમાં નોંધપાત્ર વધારો થયો છે. આ માંગ મહત્વપુર્ણ કરીને ગ્રામ્ય વિસ્તારના ગ્રાહકોમાં જોવા મળે છેતે નોંદનીય બાબત છે. ફુગાવાજગન્ય વસ્તુથી ભાવો ઘણાં વધ્યા છે. છતાં લખલુટ આવક પ્રાપ્ત કરનારના ગ્રાહકોની ખરીદી ચરમસીમાએ પહોંચી છે. આગલું વર્ષ કોરોનાની મહામારીની અસરથી ઉત્સવવિહોણું હતું. પરંતુ આ વર્ષે તેની સરખામણીમાં બમણો રિટેઈલમાં દર્શાવાય છે. ઘણાં ગ્રાહકો ક્રેડિટ કાર્ડ, ડેબીટ કાર્ડ અને ઓનલાઈન મારફતે મોટા પાયે ખરીદી કરી રહ્યા છે અને રોકડા નાણાંનો વ્યવહાર વેપારમાં ઘટી રહ્યો છે.

### ઓનલાઈન સેલ્સમાં મલ્ટીનેશનલ કંપનીઓની જોરદાર આવકના સંજોગો

ઓનલાઈન સેલ્સમાં જાણીતી કંપનીઓની પરિસ્થિતિ ખુબ સારી રહેવા પામી છે. એમેઝોન, વોલ્માર્ટ, ફ્લિપમાર્ટ, આ બધા ઓનલાઈન બિઝનેસમાં 20 ટકાની વૃદ્ધિ હાંસલ કરી શક્યા છે. ઓ(એ 2.5 ટ્રિલિયન રૂપિયાની કિંમતના માલો વેચ્યા છે. ઓટોમોબાઈલ ઉદ્યોગના એસોસિએશના અહેવાલ મુજબ ભારતમાં ટુ વ્હિલર્સ નું વેચાણ 2019 ની તુલનામાં ચાલુ વર્,માં 3.7 ટકા વધ્યું છે જ્યારે પેસેન્જર કાર અને સ્પોર્ટસ યુટીલીટી વેહિકલનું નવરાત્રીના તહેવારથી વધવા સાથે તેનો આંકડા 92 ટકાની નવી ઉંચાઈ પહોંચ્યો છે. મળતી વિશેષ માહિતી મુજબ મારુતી સુઝુકીનું વેચાણ વાર્ષિક ધોરણે 20 ટકા વધવા પામ્યું છે. જ્યારે બેંકો દ્વારા ઈએમઆઈના વ્યાજના દરોમાં વૃદ્ધિ કરવાની વૃત્તિથી થોડી માઠી અસર થઈ છે. પરંતુ બેંકોની લોન વ્હેહીકલ માટે ખરીદીનારાની માંગ પાંચ ગણી વધવા પામી છે અને તેનો આંકડો ૯.3 ટ્રિલિયનની સપાટીએ પહોંચ્યો છે.

### સપ્ટેમ્બરમાં ક્રેડિટ કાર્ડસ મારફત રૂપિયા 1.22 ટ્રિલિયનનો વિક્રમી ખર્ચ

તહેવારોની માગમાં વધારા સાથે ક્રેડિટ કાર્ડસ મારફતના ખર્ચમાં પણ સપ્ટેમ્બર વિક્રમી આંક જોવાયો છે. ગયા મહિને દેશમાં ક્રેડિટ કાર્ડસ મારફત ઉપભોગતાઓએ રૂપિયા ૧.૨૨ ટ્રિલિયનનો ખર્ચ કર્યો હોવાનું રિઝર્વ બેન્કના આંકડા જણાવે છે. ક્રેડિટ કાર્ડસ મારફતના ખર્ચમાં વધારો દેશમાં આર્થિક રિકવરીના પણ સંકેત આપે છે. રિઝર્વ બેન્કના સખત ધોરણને કારણે ક્રેડિટ કાર્ડસની સંખ્યામાં પણ ૨.૯૦ લાખ જેટલો નેટ ઘટાડો જોવાયો છે. એક વર્ષ કરતા વધુ સમય સુધી નિષ્ક્રીય રહ્યા હોય તેવા કાર્ડસ ડીએક્ટિવેટ કરી નાખવા આરબીઆઈએ બેન્કોને નિર્દેશ આપ્યો છે. વર્તમાન વર્ષના ઓગસ્ટની સરખામણીએ સપ્ટેમ્બરમાં ક્રેડિટ કાર્ડસ મારફતના ખર્ચમાં નવ ટકા વધારો થયો છે જ્યારે ગયા વર્ષના સપ્ટેમ્બરની સરખામણીએ વર્તમાન વર્ષના સપ્ટેમ્બરમાં ખર્ચમાં ૫૩ ટકા વધારો થયાનું પણ રિઝર્વ બેન્કના આંકડા જણાવે છે. સપ્ટેમ્બરમાં સતત છઠ્ઠા મહિને કાર્ડસ મારફતનો ખર્ચ રૂપિયા એક ટ્રિલિયનની ઉપર જોવા મળ્યો છે. દેશમાં ઈ-કોમર્સ ખરીદીમાં વધારો તથા પ્રોત્સાહક ઓફરોને કારણે ક્રેડિટ કાર્ડસ મારફત વધુ ખર્ચ થઈ રહ્યા છે.

# 2079ની દિવાળી સુધી સેન્સેક્સ અધધ... 70,000ને વટાવે તેવી શક્યતા

■ એક માર્કેટ સર્વેમાં એક્સપટ્ર્સનો મત




ગુજરાત | વંદન

શેરબજારમાં છેલ્લા ચાર સેશનથી ઘણો સારો દેખાવ જોવા મળ્યો છે અને દિવાળી અગાઉ બજાર સતત વધી રહ્યું છે ત્યારે આગામી સંવતમાં બજાર ક્યાં સુધી પહોંચશે તે વિચારવાનો વિષય છે. આ વિશેએ એક માર્કેટ સરવે કર્યો હતો જેમાં એક્સપટ્ર્સ પોતાનો મત વ્યક્ત કરે છે. ગઈ દિવાળીથી અત્યાર સુધીમાં સેન્સેક્સમાં 3.5 ટકાનો ઘટાડો થયો છે, પરંતુ હવે તે એક વર્ષમાં લગભગ 20 ટકાથી વધારે વધશે અને ઓછામાં ઓછા 70,000ને પાર કરશે તેમ મોટા ભાગના એક્સપટ્ર્સ માને છે. કંપનીઓનો મૂડીખર્ચ વધી ગયો છે અને ગ્રામીણ વપરાશમાં વધારો થયો છે. તેની અસર શેરના ભાવ પર પડશે.

કંપનીઓના મૂડીખર્ચમાં વધારો થયો છે, ડોમેસ્ટિક ડિમાન્ડ પણ ઘણી મજબૂત છે અને ફેડ દ્વારા રેટ હાઈકની પિક આવી ગઈ છે. તેથી રોકાણકારોને આશા છે કે ડોમેસ્ટિક સ્ટોક માર્કેટ હવે બાઉન્સબેક કરશે. એક્સપટ્ર્સનું માનવું છે કે આગામી દિવાળી સુધીમાં સેન્સેક્સ 70,000ને સ્પર્શ કરી શકે છે અને નિફ્ટી પણ 22 હજારને પાર કરી જશે.

માર્કેટ વિશે જે લોકો બુલિશ છે તેઓ સેન્સેક્સ માટે સરેરાશ 65,000નો ટાર્ગેટ આપે છે, જ્યારે નિફ્ટી માટે 19,000થી 19,500નો ટાર્ગેટ આપે છે. મોતીલાલ ઓસવાલના રિટેલ રિસર્ચ હેડ સિદ્ધાર્થ ખેમકાએ જણાવ્યું કે, "આગામી વર્ષમાં નિફ્ટી માટે ટાર્ગેટ 19500નો છે. તેઓ કહે છે કે ડોમેસ્ટિક કન્ઝમ્પશન, મુનસફી આધારિત ખર્ચ, ક્રેડિટ ગ્રોથ અને કંપનીઓની કેપેસિટી વધવાના કારણે બજારમાં તેજી આવશે."

પ્રભુદાસ લીલાધરના એડવાઈઝરી હેડ વિક્રમ કસાટે જણાવ્યું કે, "આગામી 12 મહિનામાં નિફ્ટી વધીને 20,936ને પાર કરી શકે છે. અમારા માનવા પ્રમાણે નિફ્ટીનો ઈપીએસ રૂ. 855 અને 963 રહેશે. નિફ્ટી હાલમાં 19 ગણા વન યર ફોરવર્ડ પીઈ પર ટ્રેડ થઈ રહ્યો છે."

HDFC સિક્યોરિટીઝના રિટેલ રિસર્ચ હેડ દીપક જસાણી માને છે કે, "સેન્ટ્રલ બેન્કની નાણાકીય નીતિઓ, જિયો-પોલિટિકલ ઈશ્યૂ, ફૂગાવાના પ્રેશર અને ગ્રામીણ બજારના ગ્રોથના કારણે બજારમાં તેજી આવશે. એલકેપી સિક્યોરિટીઝના મતે આગામી એક વર્ષમાં સેન્સેક્સ 61 હજાર સુધી પહોંચી શકે છે. જિયોજિતના અંદાજ પ્રમાણે સેન્સેક્સ 64,700 થશે. બીજી તરફ ટેકનિકલ એનાલિસ્ટ નૂરેશ મિરાણી માને છે કે નિફ્ટી 20,000 અને સેન્સેક્સ 72,000ને પાર કરી જશે."

આ સરવેમાં ભાગ લેનારા 22 સહભાગીઓમાંથી 13 સહભાગીએ જણાવ્યું કે તેઓ હાલના તબક્કે બજાર માટે બુલિશ છે. માત્ર બે એક્સપર્ટે કહ્યું કે તેઓ મંદીની આશંકા રાખે છે. બાકીના 7 એનાલિસ્ટને તીવ્ર તેજી કે તીવ્ર મંદીની ધારણા નથી. 2022 સુધીમાં સેન્સેક્સ અને નિફ્ટી રેકોર્ડ હાઈ લેવલ પર પહોંચશે કે નહીં તે વિશે મોટા ભાગનાએ કહ્યું કે તેઓ આવું માનતા નથી.

## ઓટોમોબાઈલ પ્રોડક્ટમાં પ્રગતિકારક માંગ

# ટુ વ્હિલર્સ અને પેસેન્જર કાર માટે ગ્રાહકોનું જોરદાર બુકીંગ



ગુજરાત | વંદન

અર્થતંત્રના વિકાસ સાથે બેરોજગારી ઘટવા પામી છે તેમજ નવી રોજગારીની તકો ઉત્પન્ન થવાથી કૃષિ આધારિત ચીજોની નિકાસ વધવાથી ગ્રામ્ય વિસ્તારમાં કૃષિકારોમાંની આવકમાં અસામાન્ય વૃદ્ધિ થતાં તેમની આવક વધવાથી તેઓ દ્વારા ટુ વ્હિલર્સ અને પેસેન્જર કારનું બુકીંગ કારઈ રહ્યાં છે. પેટ્રોલ અને સીએનજીના ભાવ વધવા છતાં આ ગ્રાહકોની માંગ નોંધપાત્ર રહી છે. તે એક સમયની ઉજળી બાબત છે. મોર્ગન સ્ટેનલી સંસ્થાના સર્વે મુજબ ચાલુ વર્ષના છેલ્લા ત્રણ મહિનામાં અર્થવ્યવસ્થામાં સુધારો થવાથી અને કૃષિકારોને લખલુટ પ્રમાણમાં સહાય પુરી પાડવામાં આવતાં તેઓની ખરીદ શક્તિ વધી છે. એક માહિતી મુજબ સપ્ટેમ્બર માસમાં 11 લાખ થી વધુ ટુ વ્હિલર્સ નું વેચાણ થવા પામ્યું છે અને ઓક્ટોબર મહિનામાં વેચાણ તેથી પણ વધુ થશે તેવી આશા છે.

કૃષિ ક્ષેત્રની બેંકોની લોન માટેની માંગ વધી છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા આંકડા દર્શાવે છે કે ઓગસ્ટ મહિનામાં કૃષિ લોનમાં 13.4 ટકાની જોરદાર વૃદ્ધિ થવા પામી છે. આગલા નવ મહિના દરમિયાન કૃષિલોનનું પ્રમાણ ઓગસ્ટ મહિના પછી વધવા પામ્યું છે. એક માહિતી મુજબ 2022-23ના નાણાંકીય વર્ષમાં દેશમાંથી કૃષિ પેદાશોની નિકાસ અસાધારણ રહી છે. અને સર્વે મુજબ ઘઉં, ચોખા, ખાંડની નિકાસની વૃદ્ધિ નોંધપાત્ર રહેવાથી તેના ઉત્પાદકોને સારી કમાણીનો લાભ મળ્યો છે. અને આ નિકાસ વ્યાપાર ખુબ સારી કમાણી પુરી પાડતો સાબિત થયો છે. અને જોત જોતામાં નિકાસ 27.5 ટકા વધવા પામી છે. કૃષિ ક્ષેત્ર પરોક્ષ-અપરોક્ષ રીતે આ ક્ષેત્ર સાથે સંકળાયેલા શ્રમીકોના વેતનમાં વધારો થવાથી દિવાળી પૂર્વેની ખરીદી પણ નોંધપાત્ર રહી છે.

# ધનતેરસે તેજી: સોનામાં રૂપિયા 700, ચાંદીમાં 2500નો ઉછાળો

ગુજરાત | વંદન

મુંબઈ ઝવેરીબજારમાં આજે ધનતેરલના શુભ દિવસે સોના- ચાંદીના ભાવ ઘટતા અટકી સ્પ્રિંગની જેમ ઉછળતાં બજારના ખેલાડીઓ સ્તબ્ધ બની ગયા હતા તથા ધનતેરસની ખરીદી કરવા બજારમાં આવી રહેલા ગ્રાહકો પણ અજંપો અનુભવતા જોવા મળ્યા હતા.ધનતેરસના દિવસે ભાવ ઉછળતાં શુકનવંતી ખરીદી પર પણ અસર પડી હોવાનું બજારના જાણકારોએ જણાવ્યું હતું. વિશ્વબજારમાં સોના- ચાંદીના ભાવમાં ઓવરનાઈટ મોટી તેજી આવ્યાના સમાચાર મળ્યા હતા. વિશ્વબજાર પાછળ આજે ઘરઆંગણે ઝવેરીબજારોમાં તેજીનો પવન વેગથી ફૂંકાવા માંડયો હતો. અમદાવાદ ઝવેરીબજારમાં ચાંદીના ભાવ કિલોના રૂ.૧૫૦૦ ઉછળી રૂ.૫૮૫૦૦ બોલાયા હતા જ્યારે અમદાવાદ સોનાના ભાવ ૧૦ ગ્રામના રૂ.૭૦૦ ઉછળી ૯૯.૫૦ના ભાવ રૂ.૫૨૪૦૦ તથા ૯૯.૯૦ના રૂ.૫૨૬૦૦ રહ્યા હતા. વિશ્વબજારમાં સોનાના ભાવ ઔંશના ૧૬૩૧થી ૧૬૩૨ વાળા ઉછળી સપ્તાહના અંતે ૧૬૫૭થી ૧૬૫૮ ડોલર રહ્યાના નિર્દેશો હતા. સોના પાછળ વૈશ્વિક ચાંદીના ભાવ પણ ઔંશના ૧૮.૬૭થી ૧૮.૬૮ વાળા ઉછળી ૧૯.૪૨થી ૧૯.૪૩ ડોલર બોલાતા થયાના સમાચાર મળ્યા હતા.




# આયાતી ખાદ્યતેલોમાં તહેવારો ટાણે આગેકૂચ

ગુજરાત | વંદન

મુંબઈ તેલિબિયાં બજારમાં આજે નવી માગ ધીમી હતી. વિવિધ દેશી ખાદ્યતેલો શાંત હતા જ્યારે આયાતી ખાદ્યતેલોના ભાવ વિશ્વબજાર પાછળ વધુ ઉંચા બોલાતા થયા હતા. અમેરિકા સોયાતેલના ભાવ ઓવરનાઈટ ૧૦૮ પોઈન્ટ ઉછળ્યા હતા. મલેશિયા તથા ઈન્ડોનેશિયામાં પુર જેવી સ્થિતિ વચ્ચે પામતેલનો વૈશ્વિક પુરવઠો ખોરવાઈ રહ્યાના નિર્દેશો હતા.

આના પગલે ઘરઆંગણે આયાતી પામતેલના ભાવ આગળ ઉપર વધી ૧૦ કિલોના રૂ.૧૦૦૦ પાર કરી રૂ.૧૦૨૦થી ૧૦૨૫ થઈ જવાની શક્યતા બજારના જાણકારો આજે બતાવી રહ્યા હતા.

મુંબઈ હાજર બજારમાં આજે પામતેલના ભાવ રૂ.૯૮૦ વાળા રૂ.૯૯૦ રહ્યા હતા. આગળ ઉપર ભાવ વધી રૂ.૧૦૨૦થી ૧૦૨૫ થવાની શક્યતા બજારમાં ચર્ચાઈ રહી હતી. દરમિયાન, ક્રૂડ પામ ઓઈલ સીપીઓ કંડલાના ભાવ રૂ.૮૮૫ રહ્યા હતા.અમેરિકા ઉછળતાં મલેશિયામાં સોમવારે પામતેલના ભાવ ઉંચા ખુલવાની શક્યતા જાણકારો બતાવી રહ્યા હતા.

# બોમ્બે ડાઈંગ, નેસ વાડિયા સહિત 10 વ્યક્તિ-એકમો પર સેબીનો બે વર્ષ પ્રતિબંધ

ગુજરાત | વંદન

મૂડી બજાર નિયામક તંત્ર સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા(સેબી)એ બોમ્બે ડાઈંગ એન્ડ મેન્યુફેક્ચરીંગ કંપની લિમિટેડ અને તેના પ્રમોટર્સ નસલી એન. વાડીયા, નેસ વાડીયા અને જેહાગીર વાડીયા સહિત ૧૦ વ્યક્તિઓ-એકમો પર સિક્યુરિટીઝ માર્કેટમાં પ્રવેશ પર બે વર્ષ સુધીનો પ્રતિબંધ અને ફટકાર્યો છે. કંપનીના નાણાકીય માહિતી-ફાઈનાન્શિયલ સ્ટેટમેન્ટસ ખોટી રીતે રજૂ કરીને કપટી યોજનામાં આ તમામની સંડોવણી બદલ સેબીએ આ દંડાત્મક પગલાં લીધા છે.

## દિવાળી પર્વમાં વેપાર ધંધામાં સારા સાનુકૂળ સંજોગો



# દિપાવલીના દીવડા હેલોજન લેમ્પની જેમ ચમકશે તેવો આશાવાદ

ગુજરાત | વંદન

દેશની આર્થિક વિકાસની ગતિ ઝડપી બનવાથી વેપાર ક્ષેત્રે સારા દિવસો દિવાળી પૂર્વે આ વર્ષે જોવા મળ્યા છે. મળતી માહિતી મુજબ દેશના અગ્રગણ્ય શહેરો કે જેમાં અમદાવાદ, ઈન્દોર, જયપુર, રતલામ તેમજ ચંદિગઢ જેવા શહેરોનો સમાવેશ થાય છે. તે સેમી અર્બન શહેરોમાં ગ્રાહકોની ખરીદી માટેની ભીડ નોંધપાત્ર દર્શાય છે. સવિશેષ કરીને શોપીંગ મોલોમાં લોકોની દિવાળીના તહેવાર પૂર્વેની ઉજવણી માટેની ખરીદીની ચહલ પહલ ખુબ નોંધપાત્ર રહેવા પામી છે. રીટેઈલ બિઝનેસની સારી પ્રગતિથી અગ્રગણ્ય કોર્પોરેટ કંપનીઓ કે જેના દ્વારા રિટેઈલ સેક્ટરની સાથે તેમનો નાતો છે, તેના પ્રોડક્ટોની માંગ ઝડપી નોંધપાત્ર સુધારો થતાં મોલો અને સ્ટોરોમાં નોંધપાત્ર બિઝનેસ થયાના સમાચાર છે. સવિશેષ કરીને રેડીમેઈડ ગારમેન્ટના ઉત્પાદકો દ્વારા સારો બિઝનેસ પ્રયાસો થયા છે. વિખ્યાત બ્રાન્ડોમાં આદિત્ય બિરલા ફેશનની લોકપ્રિય બ્રાન્ડ પીટર ઈન્ગ્લેન્ડ, વામ હુસેન જેવી મોઘા ભાવના ગારમેન્ટો સવિશેષ કરીને જેન્ટસ ગારમેન્ટની શોપોમાં સારી માંગ છે. આવી જ રીતે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના વિમલ બ્રાન્ડ જે અગાઉ ઓળખાતી હતી તેના સ્થાને રીલાયન્સ ટ્રેન્ડ નામની બાનાડ્ર ના ગાર્મેન્ટ કોર્પોરેટ ક્ષેત્રના લોકો દ્વારા ખરીદાઈ રહી છે.

# મોટર વીમા પ્રિમીયમમાં વધારો, જ્યારે હેલ્થ ઈન્શ્યુરન્સમાં પીછેહઠ

ગુજરાત | વંદન

વર્તમાન નાણાકીય વર્ષ ૨૦૨૩ના પ્રથમ છ મહિનામાં આરોગ્ય વીમા પ્રીમિયમમાં ઘટાડો થયો હતો, પરંતુ મોટર વીમા પ્રિમીયમમાં વધારો થયો હતો. વાહનોના વધુ વેચાણ અને થર્ડ પાર્ટી પ્રિમિયમમાં વધારાને કારણે મોટર વીમા પ્રિમીયમમાં વધારો થયો છે. સૂચિત સમયમાં એકંદરે બિન-જીવન વીમા ઉદ્યોગોને વિકાસ એફવાય૨૩ના પ્રથમ છ મહિનામાં ૧૫ ટકાના દરે થયો છે, જેની સરખામણીએ એફવાય૨૩ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં ૨૦ ટકાથી વધુ વૃદ્ધિ થઈ હતી.

જનરલ ઈન્સ્યોરન્સ કાઉન્સિલ દ્વારા જાહેર કરવામાં આવેલા ડેટા અનુસાર, ગયા વર્ષના સમાન સમયગાળામાં ૨૮.૮ ટકાની વૃદ્ધિની સરખામણીએ એફવાય૨૩ના પ્રથમ છ મહિનામાં સ્વાસ્થ્ય વીમા પ્રિમિયમમાં ૧૮.૯ ટકાનો વધારો થયો છે. બીજી તરફ, મોટર વીમો, આરોગ્ય વીમાનાં વૃદ્ધિ ચાલુ રહી છે અને ગયા વર્ષના સમાન સમયગાળામાં પાંચ ટકાનીની સરખામણીએ ૧૮.૯ ટકા વૃદ્ધિ જોવા મળી છે.



નાણાકીય વર્ષ ૨૨માં, મોટર વીમા પ્રીમિયમમાં માત્ર ૪ ટકાનો વધારો થયો હતો, જ્યારે આરોગ્ય વીમા પ્રીમિયમમાં ૨૫ ટકાથી વધુનો વધારો થયો હતો. આરોગ્ય વીમા પ્રિમીયમ મહામારીના વર્ષો દરમિયાન સામાન્ય વીમા ઉદ્યોગના વિકાસ માટે ચાવીરૂપ હતા. જો કે, મહામારી બાદ હાલ આરોગ્ય સેગમેન્ટમાં વૃદ્ધિ સામાન્ય થઈ ગઈ છે.

હેલ્થ સેગમેન્ટમાં રિટેલ હેલ્થ બિઝનેસે વાર્ષિક ધોરણે ૧૪ ટકા વૃદ્ધિ નોંધાવી છે. રિટેલ હેલ્થ ઈન્સ્યોરન્સમાં ગયા વર્ષના સમાન ગાળામાં ૧૭ ટકાથી વધુનો વધારો થયો છે. ગ્રુપ હેલ્થ ઈન્સ્યોરન્સ સેક્ટર હેલ્થ સેક્ટરમાં વૃદ્ધિનું પ્રેરક છે કારણ કે આ સેગમેન્ટમાં પ્રીમિયમમાં ઉચ્ચ સારવાર ખર્ચ અને ઊંચા દાવાને કારણે વધારો થયો છે.

## ક્ષમતા — ફોર્બ્સ ઈન્ડિયાના રિપોર્ટ મુજબ મુકેશ અંબાણીને પાછા પાડ્યા

# અદાણી ભારતીય ધનાઢ્ય વ્યક્તિઓની યાદીમાં પ્રથમ ક્રમે

ગુજરાત | વંદન

ફોર્બર્સ ઈન્ડીયાના રિપોર્ટ મુજબ એશિયાઈ ધનિક વ્યક્તિઓની યાદીમાં 100 ભારતીય ધનાઢ્ય વ્યક્તિઓની યાદીમાં ગૌતમ અદાણી અગ્ર ક્રમે પહોંચ્યા છે.

મોરોક્કોના રીન્યુએબલ એનર્જી પ્રોજેક્ટના કારણે મહત્વનું સ્થાન પ્રાપ્તકર્યું છે. આ ઉપરાંત અદાણી કોલસાથી માંડીને સ્પોર્ટસના બિઝનેસમાં પણ સંગીન પ્રગતિ હાંસલ કરી છે. નોર્થ આફ્રિકન દેશોમાં ગ્રીન હાઈડ્રોજન એનર્જી ઉત્પન્ન કરવાનું અને એક્સપોર્ટ કરવા બાબતમાં પણ તેમણે પહેલ કરી છે. એક માહિતી મુજબ અદાણીનો આ પ્રોજેક્ટ સૌથી મોટો ક્લીન પાવર એનર્જીનો સૌથી મોટો પુરવાર થશે. જે 10 ગીગા વોટની ક્ષમતા ઉત્પન્ન કરશે. આ ડેવલપમેન્ટના પરિણામે અદાણી અંબાણીને પાછળ પાડીને પ્રથમ કક્ષાનું સ્થાન પ્રાપ્ત કરી શક્યા છે. આ ઉપરાંત સાઉદી અરેબિયામાં પણ 4 જીબી ગ્રીન હાઈડ્રોજન પ્રોજેક્ટ ત્યાં સ્થાપવા માટે 4 વર્ષનો કરાર કરેલ છે.



આમ, અદાણી તેનુ કાર્યક્ષેત્ર વિદ્યુત ઉત્પાદનનાં ક્ષેત્રે મહત્વપુર્ણ બનાવી રહ્યા છે. હકીકતમાં ભારતમાં એનટીપીસી લિમીટેડ અને ઈન્ડિયન ઓઈલ સાથે વાટાઘાટો કરીને ક્લીન એનર્જીના પ્રોજેક્ટમાં પ્રવેશી રહ્યું છે. પરંતુ અદાણીએ તાજેતરમાં પ્રાપ્ત કરેલી આ નવી સિદ્ધિના પરીણામે મુકેશ અંબાણીનું સ્થાન ફોર્બર્સ ઈન્ડિયા સર્વે મુજબ બીજા ક્રમે જવા પામ્યું છે.

# નવેમ્બર-ડિસેમ્બરમાં છે લગ્ન? આજથી જ ચહેરા પર લગાવો આ પેક, સુંદરતા વધી જશે

દિવાળી જાય એટલે લગ્નગાળો શરૂ થઈ જતો હોય છે. નવેમ્બર-ડિસેમ્બરમાં જે યુવક-યુવતીઓના લગ્ન થવાના હોય તેઓ આ લેખ ખાસ વાંચે. તમે જો લગ્ન સમયે તમારા ચહેરા પર કુદરતી નિખાર લાવવા માંગતા હોવ તો આ હોમમેડ ઉબટણ તમને કામે લાગી શકે છે. આ ઉબટણ ખુબ જ સરળતાથી ઘરે બનાવી શકાય છે. આ ઉબટણની ખાસિયત એ પણ છે કે તે ત્વચા સંબંધિત સમસ્યાઓ પણ દૂર કરી શકે છે. આ ઉબટણ તમારે ઘરે કેવી રીતે તૈયાર કરવું તે આ અમે તમને અહીં જણાવી રહ્યા છે....


## ઘર પર આ રીતે બનાવો ઉબટણ

- આ ઉબટણ બનાવવા માટે તમારી પાસે બેસન, ચંદનનો પાઉડર, દૂધની મલાઈ, લીંબુનો રસ, મધ, વિટામીન ઈ કેપ્સ્યુલ, હળદર, ગુલાબ જળ વગેરે હોવું ખુબ જરૂરી છે.
- આ બધી સામગ્રી તમે એક વાટકીમાં લો અને મિશ્રણને ખુબ જ સારી રીતે મિક્સ કરો.
- હવે આ મિશ્રણને થોડા સમય સુધી રાખ્યા બાદ ચહેરા, ગરદન, હાથ પર થોડીવાર સુધી લગાડી રાખો અને હળવા હાથે મસાજ પણ કરો.
- 20થી 25 મિનિટ બાદ જ્યારે ઉબટણ સૂકાઈ જાય ત્યારબાદ ત્વચાને સારી રીતે પાણીથી ધોઈ નાખો.
- જો કે તમારી ત્વચાને સારી રીતે ધોતા પહેલા તમારે ત્વચાને બરાબર રગડવી પડશે. આમ કરવાથી સ્ક્રબિંગ થશે અને ત્વચાની ડેડ સ્કીન નીકળી જશે.



# દિવાળીના ઉત્સવ સાથે જોડાયેલી છે અનેક પૌરાણિક કથાઓ... ખાસ વાંચો

દિવાળી નો તહેવાર વર્ષોથી દેશભરમાં ધૂમધામથી ઉજવવામાં આવે છે. ધનતેરસથી ભાઈબીજ સુધી ચાલતા આ પાંચ દિવસના ઉત્સવનો ઈતિહાસ ખૂબ જ જૂનો છે. દિવાળીનો તહેવાર માત્ર ભારતમાં જ નહીં પરંતુ વિશ્વના ઘણા દેશોમાં ધામધૂમથી ઉજવવામાં આવે છે. આ તહેવારના મહત્વની સાથે તેનો ઈતિહાસ પણ છે. દિવાળીના દિવસે શ્રીરામ ફક્ત અયોધ્યા પરત ફર્યા ન હતા, પરંતુ આ દિવસે માતા દુર્ગાએ કાલીનું સ્વરૂપ લીધું હતું, ભગવાન મહાવીરે મોક્ષ પ્રાપ્ત કર્યો હતો. દિવાળીના દિવસે, પાંડવો તેમના દેશનિકાલ અને અજ્ઞાતવાસથી પાછા ફર્યા હતા....



### લક્ષ્મી દિવાળીના દિવસે પ્રગટ થયા હતા

કારતક મહિનામાં અમાસના દિવસે ક્ષીર સાગર માંથી દેવી લક્ષ્મીજી પ્રગટ થયા હતા. એટલા માટે આ દિવસે તેમની પૂજા કરવામાં આવે છે. આથી લોકો આ દિવસે ઘરોને શણગારે છે અને માતા લક્ષ્મીનું સ્વાગત અને પૂજન કરવામાં આવે છે. એવું માનવામાં આવે છે કે લક્ષ્મી-વિષ્ણુનાં લગ્ન પણ દિવાળીની રાતે થયાં હતા.

### શ્રીરામના પરત આવતાં દીવા પ્રગટાવી તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું

રામાયણ સાથે સંકળાયેલા કથાઓ અનુસાર, ત્રેતાયુગમાં કારતક મહિનાના અમાસના દિવસે ભગવાન શ્રીરામ માતા સીતા અને લક્ષ્મણ સાથે 14 વર્ષના વનવાસ ગાળ્યા બાદ અયોધ્યા પાછા ફર્યા હતા. અયોધ્યાવાસીઓએ તેમના સ્વાગત માટે દીપ પ્રગટાવી મીઠાઈનું વિતરણ કર્યુ હતું. શ્રીરામના પરત આવવાનાં પ્રસંગે દર વર્ષે દીવડાઓ પ્રગટાવી અને મીઠાઈ વહેંચીને આ તહેવારની ઉજવણી કરવામાં આવે છે.

### ગોવર્ધન પૂજા: ઇન્દ્રનો ઘમંડ તૂટયો

ભગવાન શ્રીકૃષ્ણએ ઈન્દ્રની જગ્યાએ ગોવર્ધન પાર્વત (એટલે કે પ્રકૃતિ) ની ઉપાસના શરૂ કરતાં રોષે ભરાયેલા, ઈન્દ્રએ એટલો વરસાદ વરસાવ્યો કે વિનાશ થયો. શ્રી કૃષ્ણએ ત્યારબાદ ઈન્દ્રનું અભિમાન તોડવા માટે ગોવર્ધન પર્વતને આંગળી પર ઉંચકીને ગોકુળવાસીઓની રક્ષા કરી. ત્યારથી, કારતક માસના શુક્લ પક્ષની પ્રતિપદાને ગોવર્ધન પૂજનની પ્રથા મળી.

### યમુનાને મળ્યું હતું વરદાન

માન્યતાઓ અનુસાર, યમુના ઘણી વાર તેના ભાઈ યમરાજને ઘરે આવવાની અને જમવાની વિનંતી કરે છે, પરંતુ યમરાજ આવી શકતા ન હતા. એકવાર, કારતક શુક્લ પક્ષના બીજા દિવસે, યમરાજ તેના ઘરે પહોંચ્યા, યમુનાએ યમરાજ પાસેથી વચન માંગ્યું કે તે દર વર્ષે આ દિવસે તેના ઘરે આવશે. આ કથા પરથી ભાઈબીજના તહેવારની આ પરંપરા માનવામાં આવે છે.

### યમરાજે નચિકેતાને જ્ઞાન આપ્યું

કઠોપનિષદ મુજબ પિતા ઉદ્દાલ ઋષિએ નચિકેતાને યમરાજને દાન આપવાનું કહ્યું હતું. પિતાની આજ્ઞા પાળવા માટે નચિકેતા કારતક મહિનાની અમાસના દિવસે યમલોકમાં પહોંચ્યા, પરંતુ ત્યાં યમરાજ ન મળી શક્યાં, તો નચિકેતાએ ત્યાં રોકાઈ યમરાજના આગમનની રાહ જોવા લાગ્યા... આ જોઈને યમ ખુશ થયા અને ત્રણ વરદાન માંગવા કહ્યું. નચિકેતાએ તેના પિતાનો સ્નેહ, અગ્નિવિદ્યા અને મૃત્યુના રહસ્ય અંગેનું જ્ઞાન માંગ્યું...

### માંએ ધર્યુ મહાકાળીનું રૂપ

એવું માનવામાં આવે છે કે માતા દુર્ગાએ દીપાવલીના દિવસે મહાકાળીનું સ્વરૂપ લીધું હતું. રાક્ષસોનો નાશ કરતી વખતે, તે દેવતાઓનો વિનાશ કરવા લાગી. ત્યારે મહાદેવ મહાકાળી સમક્ષ સૂઈ ગયા. ગુસ્સામાં શિવજીની છાતી ઉપર ચઢતાની સાથે જ તેમનો ગુસ્સો શમી ગયો. એટલા માટે જ દિપાવલી પર કાલી પૂજા પણ કરવામાં આવે છે.

### વિષ્ણુ બન્યા હતા રાજા બલીના દ્વારપાળ

રાક્ષસોનો રાજા બલી દાનવીર હતો. તેનું રાજ્ય દયા, દાન, અહિંસા, સત્યથી ભરેલું હતું. આવા રાજ્યની રક્ષા માટે ભગવાન વિષ્ણુએ રાજાના દ્વારપાળ તરીકેનું કાર્ય સ્વીકાર્યું. કારતક મહિનાની પૂર્ણિમાના દિવસે, તેણે રાજાની ધર્મનિષ્ઠ સ્મૃતિને જાળવવા માટે ત્રણ દિવસ અહોરાત્રી ઉત્સવનું યોજવાનું નક્કી કર્યું. આ તહેવાર દીપમાલિકા તરીકે પ્રખ્યાત છે...

### શ્રી રામ-સીતાના વ્રત સાથે જોડાયેલી છે છઠ પૂજા

દિવાળી સાથે સંકળાયેલ સૂર્યની ઉપાસનાનો મહાપર્વ 'છઠ' પણ શ્રી રામ સાથે સંકળાયેલ છે. એક માન્યતા અનુસાર ભગવાન રામ અને માતા સીતાએ રાવણ દહન પછી કારતક શુક્લ ષષ્ટિ પર વ્રત કર્યા બાદ સૂર્યદેવની પૂજા કરી હતી. બીજા દિવસે એટલે કે સપ્તમીએ ઉગતા સૂર્યની પૂજા કરીને ધન્યતા અનુભવી હતી...

### મહાવીરે મોક્ષ પ્રાપ્ત કર્યો


જૈન ધર્મ દિવાળીને ભગવાન મહાવીરના મુક્તિ દિવસ તરીકે ઉજવે છે. એવું માનવામાં આવે છે કે મહાવીરે કારતક મહિનાની અમાસના દિવસે મોક્ષ પ્રાપ્ત કર્યો હતો. આમ, બૌદ્ધ ધર્મના લોકો સમ્રાટ અશોક દ્વારા બૌદ્ધ ધર્મ અપનાવવાની ઉજવણીમાં આ દિવસે દિવાળી ઉજવે છે. આ તહેવારને બૌદ્ધ ધર્મમાં અશોક વિજયાદશમી પણ કહેવામાં આવે છે અને આ તહેવાર મઠોની સજાવટ કરીને અને પ્રાર્થના કરીને ઉજવવામાં આવે છે...

### હરગોવિંદ સાહેબને મુક્ત કરાયા

શિખોના ત્રીજા ગુરુ અમરદાસજીએ "લાલ પત્ર દિવસ" તરીકે દિવાળીની ઉજવણી કરી હતી. 1577 માં આ દિવસે અમૃતસરના હરિમંદિર સાહિબનો શિલાન્યાસ કરવામાં આવ્યો હતો. 1619 માં આ દિવસે, શિખોના છઠ્ઠા ગુરુ, હરગોવિંદને ગ્વાલિયરમાં જહાંગીરની કેદમાંથી મુક્ત કરવામાં આવ્યા હતા.

# વધતું પ્રદુષણ તમારા ફેફસાંને કરી નાંખે છે ખરાબ, જાણો બચવા માટેનાં ઉપાયો

દિવાળીનો તહેવાર શરૂ થાય એ પહેલાંથી જ માર્કેટમાં ભારે ભીડ જોવા મળી રહી છે. બજારમાં ટ્રાફિકની સમસ્યા પણ ખૂબ વધી ગઈ છે. બજારમાં વ્હીકલની અવર-જવર વધવાને કારણે પોલ્યુશનમાં દિવસને દિવસે વધારો થઈ રહ્યો છે. પોલ્યુશન વધવાને કારણે એની સૌથી મોટી અસર સ્કિન અને હેલ્થ પર પડે છે. પોલ્યુશન તમારી હેલ્થ અને સ્કિનને ખરાબ કરવાનું કામ કરે છે. આ પોલ્યુશનમાં શ્વાસના દર્દીઓને તકલીફ વધી જાય છે. જો કે પ્રદુષણથી બચવું ખૂબ જરૂરી છે. એક અહેવાલ અનુસાર પ્રદુષણને કારણે દિલ્હીના 50 ટકા બાળકોને એલર્જી તેમજ 29 ટકા બાળકોને અસ્થમાની સમસ્યા થઈ. રિપોર્ટ્સના જણાવ્યા અનુસાર ભારત સહિત સાઉથ એશિયામાં દર વર્ષે લગભગ એક લાખ ત્રીસ હજાર બાળકોનું મૃત્યુ વાયુ પ્રદુષણને કારણે થાય છે. જો કે સૌથી મોટી સમસ્યા એ છે કે 90 ટકા લોકો એ જગ્યા પર વસવાટ કરે છે જ્યાંની હવા ખરાબ હોય.ઓ



તમને જણાવી દઈએ કે વધતું પ્રદુષણ ફેફસાં પર સૌથી વધારે અસર કરે છે. ખરાબ હવાને કારણે ફેફસાં નબળા પડવા લાગે છે અને ડેમેજ થાય છે. એવામાં ફેફસાંને સુરક્ષિત રાખવા ખૂબ જરૂરી છે. ફેફસાંને હેલ્ધી રાખવા માટે એક્સેસાઈઝ અને યોગા કરવા જોઈએ. આ સિવાય પ્રદુષણથી બચવા માટે બીજા અનેક પ્રકારના ઉપાયો પણ કરવા જોઈએ. તો જાણી લો તમે પણ વધતા પ્રદુષણમાં કેવી રીતે ફેફસાંને મજબૂત બનાવશો.

વધતા પ્રદુષણને કારણે લંગ્સ અને એલર્જી થવાના ચાન્સિસ સૌથી વધારે હોય છે. એલર્જી થવાન કારણે શ્વાસ ફુલે છે. આ સાથે જ શ્વાસ લેવામાં પણ તકલીફ પડે છે. આ સમસ્યામાંથી રાહત મેળવવા માટે યોગા અને એક્સેસાઈઝ કરવી ખૂબ જરૂરી છે.

## પ્રદુષણને કારણે થાય છે આ એલર્જી

- વારંવાર છીક આવવી
- માથુ ભારે થઈ જવું
- નાક બંધ થઈ જવું
- આંખો લાલ થવી
- ઉધરસ આવવી
- ખંજવાળ આવવી
- સ્કિન પણ દાણાં થઈ જવા
- ગળામાં દુખાવો થવો

## ફેફસાંને મજબૂત બનાવવા આ કરો

- શ્વાસારિ કવાથ પીઓ
- મુલેઠી ઉકાળીને પીઓ
- મસાલા ટી પણ તમે પી શકો છો
- કપાલભાતિ કરો
- ભસ્ત્રિકા કરો
- અનુલોમ-વિલોમ કરો

# જાણો, બેસતા વર્ષના પાવન દિવસની રોચક માહિતી...

દિવાળી પછીનો દિવસ એટલે બેસતું વર્ષ. કારતક સુદ પ્રથમાનો દિવસ એટલે બેસતું વર્ષ. એક અનોખો આનંદ લઈને આવતો દિવસ...!નવા વિક્રમ સંવતના આરંભનો દિવસ એવા નૂતન વર્ષાના નવલા દિવસે લોકોની અંદર એક પ્રકારનો અનોખો ભાવ હોય છે. ચોરે અને ચૌટે,બાલક અને વૃધ્ધને આજે "જય શ્રીકૃષ્ણ"ના હાથ જોડી સંબોધન થાય છે અને નવા વર્ષના રામરામ કરાય છે. અને હાં,એ પણ ગઈ ગુજરી ભુલી જઈને જીંદગીની નવી શરૂઆત સમયે....!

આજનો દિવસ વિક્રમસંવતના પ્રારંભનો દિવસ છે. આપણે ત્યાં નવું વર્ષ આજના દિવસથી શરૂ થાય છે. એટલે નવા વર્ષના અભિનંદન-શુભેચ્છાઓની આજના દિવસે ખાસ આપ-લે કરાય છે.

તરીકે પણ આજનો દિવસ ઓળખાય છે. આમ તો બેસતું વરસ એટલે કારતક સુદ એકમ. દિવાળી પછીનો આ દિવસ છે. માળવાના રાજા વિક્રમે શકોનો પરાજય કરીને પોતાના નામનું સંવત સ્થાપ્યું તે સમયથી આ સંવતનો પ્રારંભ થયો. તેથી તેને વિક્રમ સંવત કે માલવ સંવત કહેવામાં આવે છે. ગુજરાતમાં તે સોલંકીકાલથી શરૂ થયેલ. ગ્રેગેરિયન કેલેન્ડરથી તે ૫૭ વર્ષ આગળ એટલે ઈ.સ.પૂર્વે ૫૭માં અસ્તિત્વમાં આવ્યો હતો. દિવાળીની આતશબાજીમાં વીતેલા વરસની નકારાત્મક્તા, નિષ્ફળતા, કડવાશ કે ખારાશને ઓગાળી દેવામાં આવે ત્યારબાદનો આ પ્રથમ દિવસનો સૂર્યોદય આખા વરસ માટે હકારાત્મક ઊર્જા લઈને આવે છે.

દિવાળીની રાતે લગભગ આખી રાત દારુખાનું ફૂટે. કોઈકનું ચોપડા પૂજન મોડે હોય તો કોઈકને દુકાન ખોલવાનું મુહૂર્ત વહેલું હોય. આખી રાત જાણે ગામ જાગતું હોય. પ્રભાતનો પહોર થવામાં

આવે ત્યાંતો મંદિરોમાં મંગળા આરતીનો ઘંટનાદ ગુંજી રહે. દેવદર્શન માટે લોકોના પગ અધીરા બને. મંગળા આરતીમાં ઈશ્વર સન્મુખ પ્રાર્થના કરી નવા વરસ માટે સુખ, શાંતિ અને વેપાર ધંધામાં કે ખેતી જેવી પ્રવૃત્તિમાં ભગવાન રસકસ પૂરે એવી વિનંતી થાય. ત્યારબાદ સહુને બેસતા વરસની શુભકામનાઓ અપાય.

આજના દિવસથી ખેડુતો અને વેપારીઓ સહિત પ્રત્યેક ધંધાર્થીઓ પોતાના કામની શરૂઆત નવેસરથી કરે છે. ખેડુતો કોઠીઓમાંથી શિયાળુ પાક માટેનું ધાન્ય બહાર કાઢે છે. તો વેપારીઓ પણ નવા વર્ષના હિસાબોનો પ્રારંભ નવા ચોપડાઓથી કરે છે.અગાઉનો બધો હિસાબ અને લક્ષ્મીપૂજન દિવાળીની રાત્રે થઈ ચુક્યુ હોય છે.

આજે નવી વસ્તુઓ ખરીદવાની પણ પ્રથા છે. વળી,નવા વર્ષનું પંચાગ લેવાની ક્રિયા ખાસ રસપૂર્વક કરવામાં આવે છે. લોકો આજે બને તેટલા સૌમ્ય રહેવાનો પ્રયાસ કરે છે....! અપશબ્દો,ખરાબ કર્મ કે એવું કાંઇ આજના દિવસે કરતા અટકાવાય છે.કારણ કે,વર્ષના પહેલાં દિવસને જેમ સૌમ્યરીતે ઉજવો એટલું જ વર્ષ સારું જાય એવી માન્યતા છે. વળી,આજે લોકોમાં કોઈ એક વ્રત રાખવાની પણ પ્રણાલિ છે.

બેસતા વરસના દિવસે દેવમંદિરોમાં અન્નકૂટ ભરાય છે તથા સવારે લોકો દેવદર્શને અને એકબીજાને મળવા માટે નવાં કપડાં પહેરી સજીધજીને નીકળી પડે છે. આ બધી પરંપરાઓ હજુ આજેય અકબંધ છે. શહેરી વિસ્તારોમાં ઓછી છે, ગ્રામ્ય વિસ્તાર પરંપરાઓને ઓઢીને બેઠેલો છે.



## ગોવર્ધન પૂજા અને અન્નકુટ ભોગ

આજે ભગવાન કૃષ્ણિએ ટચલી આંગળીએ ગોવર્ધન ઉઠાવીને વ્રજવાસીઓની ઈન્દ્રના કોપથી થયેલ અતિવૃષ્ટિથી રક્ષા કરી હતી.લોકો અને પ્રાણીઓ સહિત બધાં ગોવર્ધન પર્વત નીચે આવી ગયેલા,પરીણામે તેમને રક્ષણ મળેલું.ભગવાન કૃષ્ણને આ પછી "ગોવર્ધનગીરીધારણ" પણ કહેવાય છે.આ પહેલાં વ્રજવાસીઓ ઈન્દ્રને છપ્પન પ્રકારનું અન્નકુટ મતલબ વિવિધ શાક અને વાનગીઓનો ભોગ ચડાવાતો.આ ઘટના પછી લોકો ગોવર્ધનની પૂજા કરી તેમને પાલનહાર સમ જાણી અન્નકુટ ધરવા લાગ્યાં.આજે પણ મંદિરોમાં ભગવાન ઠાકોરના મંદિરે અન્નકુટ ધરાવવાની શ્રધ્ધામયી પ્રથા છે.એમાં વિવિધ ભાતની વાનગીઓ ઉપરાંત વિવિધ શાકભાજી પણ હોય છે.આમ,છપ્પન ભોગનો અન્નકુટ ધરવાની પ્રથા અતિ પ્રચલિત છે.તે અન્નકુટનો પ્રસાદ પણ બધે વહેંચવામાં આવે છે.વળી,આજે સવારમાં ગાયના છાણમાંથી ગોવર્ધન બનાવાય છે,એમાં ગોપાલકોની પ્રતિકૃતિ બનાવાર છે અને ફુલોથી શણગાર કરાય છે.સાંજે તેમની શ્રધ્ધાભાવથી પૂજાવિધિ કરાય છે.વ્રજભૂમિમાં આજે અન્નકુટ અને ગોવર્ધનપૂજાનું અતિ મહત્વ હોય છે.આમ,આજે અન્નકુટ અને ગોવર્ધનપૂજાને લીધે આ દિવસ ખુબ દિપી ઉઠે છે.

# છઠ પૂજા 2022: જાણો છઠ પૂજાની કથા અને તેનુ મહત્વ

છઠ પૂજાનો મુખ્ય સ્ત્રોત સૂર્ય છે. સૂર્યનુ મહત્વ એ વાતથી જાણવા મળે છે કે વેદોમાં સૂર્યની આરાધના સૌથી પહેલા કરવામાં આવી છે. સૂર્યને પાંચ દેવો ગણેશ, દૂર્ગા અને વિષ્ણુ સાથે શામેલ કરવામાં આવ્યા છે. સૂર્યને ગ્રહ હોવા છતાં પણ દેવોનુ સ્થાન આપવામાં આવ્યુ છે. સૂર્ય આપણા જીવનમાં ઉર્જા અને ઉલ્લાસનુ પ્રતીક છે. આમ તો સૂર્યની પૂજા-આરાધનાનો કોઈ એક વિશેષ દિવસ નિર્ધારિત નથી. સૂર્યની પૂજા રોજ કરી શકાય છે પરંતુ અમુક વિશેષ પ્રસંગો બનાવવામાં આવ્યા છે જ્યારે સૂર્ય દેવની વિશેષ પૂજા કરવાનુ વિધાન છે. આવો જ એક પર્વ છે છઠ પૂજા.

સૂર્યની કૃપાથી આયુ અને આરોગ્યની પ્રાપ્તિ છઠ પૂજા કરવાનો ઉદ્દેશ્ય જીવનમાં સૂર્યદેવની કૃપા મેળવવાનો છે. સૂર્યની કૃપાથી આયુ અને આરોગ્યની પ્રાપ્તિ થાય છે. ધન, માન-સમ્માન, સુખ-સમૃદ્ધિ, ઉત્તમ સંતાનની પ્રાપ્તિ માટે છઠની પૂજા કરવામાં આવે છે. આ વ્રતને અત્યંત કઠોર નિયમ અને નિષ્ઠા સાથે



કરવામાં આવે છે. આમાં ઘર અને પોતાની આસપાસના પરિવેશની સાફ-સ્વચ્છતાનુ પણ વિશેષ મહત્વ હોય છે. આમાં ચતુર્થી અને પંચમીના દિવસે એક સમય ભોજન કરવામાં આવે છે. ભોજનમાં પણ અમુક વિશેષ વસ્તુઓ જ બનાવવામાં આવે છે. છઠના દિવસો આખો દિવસ નિર્જળ રહીને સાંજે અસ્ત થતા સૂર્યને અર્ધ્ય આપવામાં આવે છે. સપ્તમીના દિવસે ઉગતા સૂર્યને અર્ધ્ય આપીને પર્વનુ સમાપન કરવામાં આવે છે.

**છઠ પૂજાની કથા** | પ્રાચીનકાળમાં બિંદુસાર તીર્થમાં મહિપાલ નામનો વણિક રહેતો હતો. તે ધર્મ-કર્મ તથા દેવતાનો વિરોધી હતો. એક વાર તેણે સૂર્યદેવની પ્રતિમા સામે મળ-મૂત્રનો ત્યાગ કરી દીધો. પરિણામ સ્વરૂપ તેની આંખોનુ તેજ જતુ રહ્યુ. નેત્ર વિના જીવન જીવતા જીવતા વણિક પોતાના જીવનથી ત્રાસી ગયો અને ગંગાજીમાં ડૂબીને મરવા માટે નીકળી પડ્યો. રસ્તામાં તેને મહર્ષિ નારદ મળ્યા. નારદજીએ તેને પૂછ્યુ કે મહાશય આટલી જલ્દી જલ્દી ક્યાં જઈ રહ્યા છો. મહિપાલ રોતા રોતા બોલ્યો મારુ જીવન મુશ્કેલ થઈ ગયુ છે. હું મારો જીવ આપવા ગંગા નદીમાં કૂદવા જઈ રહ્યો છુ. મહર્ષિ નારદ બોલ્યા - મૂર્ખ પ્રાણી તારી આ દશા ભગવાન સૂર્યદેવનુ અપમાન કરવાના કારણે થઈ છે. તે સૂર્યદેવની પ્રતિમા સામે મળ-મૂત્રનો ત્યાગ કર્યો હતો. પોતાના પાપની ક્ષમા માટે કારતક મહિનાની સૂર્ય ષષ્ઠીનુ વ્રત કર, તારા કષ્ટો દૂર થઈ જશે. મહર્ષિ નારદની વાત માનીને વણિક મહિપાલે સૂર્ય ષષ્ઠીનુ વ્રત કર્યુ. તેની નિષ્ઠાથી પ્રસન્ન થઈને સૂર્યદેવે તેની નેત્રજ્યોતિ પાછી આપી દીધી.

# ભાઈબીજ



## શા માટે મનાવવામાં આવે છે ભાઈ બીજ ? જાણો તેની સાથે જોડાયેલી કથા

દર વર્ષે ભાઈ બીજ કારતક મહિનાના સુદ બીજના દિવસે ઉજવવામાં આવે છે. આ દિવસ પાંચ દિવસીય દિવાળી તહેવારનો અંત પણ દર્શાવે છે. ભાઈ બીજનો તહેવાર પણ રક્ષાબંધન જેવા ભાઈ-બહેન વચ્ચેના સંબંધને મજબૂત કરવાનો છે. આ દિવસે, બહેન તેના ભાઈના કપાળ પર તિલક લગાવીને ભાઈના લાંબા આયુષ્ય માટે પ્રાર્થના કરે છે અને તેને સૂકું નારિયેળ પણ આપે છે. આ પછી ભાઈ તેની બહેનને પ્રેમના રૂપમાં ભેટ આપે છે.

એવું કહેવાય છે કે ભાઈ બીજનો ઈતિહાસ યમરાજ અને તેની બહેન યમુના સાથે જોડાયેલો છે. આ કારણથી આ તહેવારને યમ દ્વિતિયા પણ કહેવામાં આવે છે. ભાઈ બીજનો આ તહેવાર દેશભરમાં ભાઈ-બહેનના પ્રેમના તહેવાર તરીકે મનાવવામાં આવે છે. અહીં જાણો કેવી રીતે આ તહેવારની શરૂઆત થઈ હતી.

### યમુનાએ કરી હતી તિલકની શરૂઆત

જ્યોતિષી ડો.અરવિંદ મિશ્રા કહે છે કે ભાઈ-બહેનના આ પવિત્ર તહેવારની શરૂઆત યમુના મૈયાએ કરી હતી. દંતકથા અનુસાર, યમરાજ પોતાની બહેન યમુનાને ખૂબ પ્રેમ કરતા હતા. યમુનાના લગ્નને ઘણો સમય વીતી ગયો, પરંતુ યમરાજ તેની બહેન યમુનાને મળી શક્યા નહીં. યમુના મૈયા પણ તેને ખૂબ યાદ કરતા હતા. પછી એક દિવસ અચાનક યમરાજ તેમને મળવા યમુના પાસે પહોંચી ગયા.

તે દિવસે કારતક સુદ બીજની તિથિ હતી. યમુના પોતાના ભાઈને જોઈને ખૂબ જ પ્રસન્ન થયા. તેમણે તેના ભાઈને આવકારવા ઘણી વાનગીઓ તૈયાર કરી. જ્યારે તે જવાના હતા ત્યારે યમુનાએ તેના માથા પર તિલક લગાવ્યું અને તેમને મીઠાઈ ખવડાવી. તેનાથી પ્રસન્ન થઈને યમરાજે તેમની પાસે ભેટ તરીકે વરદાન માંગવાનું કહ્યું.

તે સમયે યમુનાએ કહ્યું કે હવેથી તમે દર વર્ષે આ દિવસે તેમને મળવા આવશો. આ દિવસે જે બહેન પોતાના ભાઈના કપાળ પર તિલક કરશે, તે ભાઈને યમરાજ લાંબુ આયુષ્ય આપશે અને તે ભાઈ હંમેશા પોતાની બહેનની રક્ષા કરશે. યમુનાની વાત સાંભળીને યમરાજ કહ્યુ તથાસ્તું. ત્યારથી દર વર્ષે કારતક સુદ બીજની તિથિએ ભાઈબીજનો તહેવાર મનાવવામાં આવે છે.

# લાભ પાંચમ વિશેષ: આ તહેવાર ખાસ કરીને આપણાં ગુજરાતમાં ઉજવવામાં આવે છે

લાભ પાંચમને શૌભાગ્ય પાંચમ પણ કહેવામાં આવે છે. આ તહેવાર ખાસ કરીને આપણા ગુજરાત રાજયમાં ઉજવવામાં આવે છે. આ દિવળી તહેવારનો છેલ્લો દિવસ ગણાય છે. જે કારતક સુદ પાંચમના દિવસે મનાવવામાં આવે છે.

**લાભ પાંચમનુ મહત્વ** | શૌભાગ્ય એટલે સારૂ ભાગ્ય અને લાભ એટલે કે સારો ફાયદો. આ દિવસ સારા ભાગ્ય અને સારા ફાયદાનો દિવસ માનવામાં આવે છે.



આ દિવસ કોઈ પણ નવા શુભ કાર્યના મુહુર્ત માટે યોગ્ય ગણવામાં આવે છે. આમ તો લાભ પાંચમનો આખો દિવસ જ શ્રેષ્ઠ હોય છે. એ દિવસે મુહુર્ત જોવાની જરૂર નથી હોતી.એવી માન્યતા પણ છે કે આ દિવસે પૂજા કરવાથી વ્યવસાય, પરિવાર અને જીવનમાં ઉન્નતિ થાય છે. ગુજરાતમાં દિવાળીની રજાઓ બાદ આ નવા વર્ષનો પ્રથમ કાર્ય દિવસ ગણાય છે.

આ દિવસે ગુજરાતના વેપારી લોકો નવી ખાતાવહી શરૂ કરી છે અને કુમકુમથી શૂભ-લાભ લખી તથા વચ્ચે સાથીઓ દોરી નવા ચોપડાની શરૂઆત કરે છે. આ દિવસે હિન્દુઓ લક્ષ્મીજીની પૂજા કરે છે . જૈનો જ્ઞાનવર્ધક પુસ્તકની પૂજા કરે છે. અને વધુ બુદ્ધિ તથા જ્ઞાન પ્રાપ્તિ માટે પ્રાર્થના કરે છે.

# ટી-20 વર્લ્ડ કપ: ભારતની શાનદાર જીત, પાકિસ્તાનને 4 વિકેટે હરાવ્યું

ગુજરાત | વંદન

ભારતે પાકિસ્તાનને રોમાંચક મેચમાં ચાર વિકેટે હરાવી દીધુ છે. રવિચંદ્ર અશ્વિને છેલ્લા બોલ પર એક રન બનાવીને ભારતને જીત અપાવી છે.

પાકિસ્તાને ભારતને જીત માટે 160 રનનો ટાર્ગેટ આપ્યો હતો. વિરાટ કોહલીની કમાલની ઈનિંગ્સના દમ પર ટીમ ઈન્ડિયાએ આ મેદાનમાં ઐતિહાસિક જીત મેળવી છે.

પાકિસ્તાન સામે ભારતે જીત માટે 160 રન બનાવવાના હતા, જેમાં ભારતીય ટીમે જીત પ્રાપ્ત કરી હતી. વિરાટ કોહલીએ 82 રનની ઈનિંગ રમીને ભારતને જીત અપાવવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. હાર્દિક પંડ્યાએ આ મેચમાં 40 રન બનાવ્યા હતા.

ભારતની આ જીતનો હીરો વિરાટ કોહલી રહ્યો હતો. કિંગ કોહલીએ ફક્ત 53 બોલમાં અણનમ 82 રનની ઈનિંગ રમી ટીમ ઈન્ડિયાને લગભગ હારેલી બાજી જીતાડી દીધી હતી. આ મેચમાં પાકિસ્તાને 20 ઓવરમાં 8 વિકેટ પર 159 રન બનાવ્યા હતા. તેના જવાબમાં ભારતે છેલ્લા બોલમાં ટાર્ગેટ નો પીછો કરીને 161 રન બનાવીને જીત પ્રાપ્ત કરી છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પાકિસ્તાન સામે મેચ જીતવા બદલ ટીમ ઈન્ડિયાને અભિનંદન પાઠવ્યા છે. આ ઉપરાંત દેશવાસીઓએ ટીમ ઈન્ડિયાની જીત થવાથી ફટાકડા ફોડીને ખુશી વ્યક્ત કરી હતી.















## રાષ્ટ્રગીત ગાતા-ગાતા ભાવુક બની ગયો રોહિત શર્મા, આંખ છલકી ઉઠી

ગુજરાત | વંદન



મેલબોર્નમાં ભારત અને પાકિસ્તાનના ટી 20 વર્લ્ડકપના મહા મુકાબલા પહેલા જ એક લાખ કરતા વધારે ચાહકોથી સ્ટેડિયમ ખીચોખીચ ભરાઈ ગયુ હતુ.આજે બંને ટીમો મેચ રમવા માટે ઉતરી તે પહેલા પરંપરા પ્રમાણે ભારત અને પાકિસ્તાનનુ રાષ્ટ્રગીત વગાડવામાં આવ્યુ હતુ.ભારતના રાષ્ટ્રગીત જ્યારે સ્ટેડિયમમાં ગૂંજ્યુ ત્યારે એક લાખ ભારતીય ચાહકો પણ સાથે સાથે રાષ્ટ્રગીત ગાતા હોવાથી ભારતીય ખેલાડીઓને પણ જાણે સપોર્ટ મળ્યો હતો.

આટલો દેશદાઝભર્યો માહોલ જોઈને કેપ્ટન રોહિત શર્મા પણ ભાવનામાં વહી ગયો હતો. રોહિત આંખો બંધ કરીને રાષ્ટ્રગીત ગાતો હતો અને જ્યારે જન,ગન મણ...પૂરુ થયુ ત્યારે રોહિત રીતસરનો ભાવુક થઈ ગયો હતો અને તેનો ચહેરો કેમેરા પર આબાદ કેચ થયો હતો.

સોશિયલ મીડિયા પર પણ આ વિડિયો તરત જ શેર થવા માંડ્યો હતો. ઉલ્લેખનીય છે કે, આજની મેચમાં ભારતે ટોસ જીતીને પહેલા બોલિંગ પસંદ કરી છે.

## પાકિસ્તાન પર અનુરાગ ઠાકુરનો વળતો પ્રહાર

# ભારતને કોઈ નજરઅંદાજ નહીં કરી શકે, દરેક મોટી ટીમ રમશે વર્લ્ડ કપ

ગુજરાત | વંદન



કેન્દ્રીય રમતગમત મંત્રી અનુરાગ ઠાકુરે પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે ભારતમાં વર્લ્ડ કપ ન રમવા પર પોતાની પ્રતિક્રિયા આપી છે. અનુરાગ ઠાકુરનું કહેવું છે કે ભારતમાં યોજાનાર વર્લ્ડ કપમાં દુનિયાની દરેક મોટી ટીમ ભાગ લેશે. આ પહેલા જય શાહે કહ્યું હતું કે ભારત 2023 એશિયા કપ રમવા માટે પાકિસ્તાન નહીં જાય. જે બાદ PCBએ ODI વર્લ્ડ કપનો બહિષ્કાર કરવાની ધમકી આપી હતી.

**પાકિસ્તાનમાં સુરક્ષાની ચિંતા** | આ અંગે વાત કરતા અનુરાગ ઠાકુરે કહ્યું કે, આ બીસીસીઆઈનો મામલો છે અને તે તેના પર ટિપ્પણી કરશે. ભારત રમતગમતનું પાવરહાઉસ છે, જ્યાં ઘણા વર્લ્ડ કપનું આયોજન કરવામાં આવ્યું છે. અહીં આવતા વર્ષે ODI વર્લ્ડ કપ પણ રમાવાનો છે અને તેમાં તમામ મોટી ટીમો ભાગ લેશે. તમે કોઈપણ રમતમાં ભારતને અવગણી શકો નહીં. ભારતે રમતમાં અને ખાસ કરીને ક્રિકેટમાં ઘણું યોગદાન આપ્યું છે. આવતા વર્ષે વર્લ્ડ કપ યોજાશે અને તે ખૂબ જ મોટી અને ઐતિહાસિક ઘટના હશે. પાકિસ્તાનમાં સુરક્ષાની ચિંતાઓને ધ્યાનમાં રાખીને ગૃહ મંત્રાલય આ મામલે નિર્ણય લેશે.

**પીસીબીની પ્રેસ રિલીઝ જારી કરવામાં આવી હતી** | જય શાહના નિવેદન પર પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ દ્વારા જારી કરવામાં આવેલી એક પ્રેસ રિલીઝમાં કહેવામાં આવ્યું છે કે, “PCB એ આગામી વર્ષે એશિયા કપ તટસ્થ સ્થળે યોજવા અંગે ACC પ્રમુખ જય શાહની ટિપ્પણી પર આશ્ચર્ય અને નારાજગી વ્યક્ત કરી છે. આ એશિયન ક્રિકેટ બોર્ડ અથવા પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ સાથે કોઈપણ પરામર્શ કર્યા વિના અને તેમના લાંબા ગાળાના પરિણામો અને અસરોને ધ્યાનમાં લીધા વિના કહેવામાં આવ્યું હતું.

એશિયા કપ શિફ્ટ કરવાનું નિવેદન સ્પષ્ટપણે એકતરફી છે. આ એ ભાવનાની વિરુદ્ધ છે જેના માટે સપ્ટેમ્બર 1983માં એશિયન ક્રિકેટ કાઉન્સિલની રચના કરવામાં આવી હતી.

**આવા નિવેદનો અસર કરશે** | પીસીબીએ કહ્યું, “આવા નિવેદનોથી એશિયન અને આંતરરાષ્ટ્રીય ક્રિકેટ સમુદાયના ભંગની વાત છે અને 2023માં વર્લ્ડ કપ માટે પાકિસ્તાનની ભારત મુલાકાત અને 2024-31માં ભારતમાં આઈસીસી ઈવેન્ટ્સ પર અસર થઈ શકે છે.”

**કટોકટી બેઠક વિનંતી** | તેમણે વધુમાં કહ્યું, “PCBને હજુ સુધી ACC તરફથી કોઈ સત્તાવાર સંદેશ અથવા સ્પષ્ટતા પ્રાપ્ત થઈ નથી. પીસીબીએ એશિયન ક્રિકેટને આ મહત્વપૂર્ણ અને તાકીદની બાબત પર ચર્ચા કરવા માટે ઈમરજન્સી બેઠક બોલાવવા વિનંતી કરી છે.

# ટી-૨૦ વર્લ્ડ કપમાં ભારતની સેમિ ફાઈનલમાં પ્રવેશવાની શક્યતા માત્ર ૩૦ ટકા : કપિલ દેવ

■ ભૂતપૂર્વ કેપ્ટન કપિલે ટીમ ઈન્ડિયા અંગે ચિંતા વ્યક્ત કરી

ગુજરાત | વંદન

ભારતને ૧૯૮૩માં સૌપ્રથમવાર વન ડે વર્લ્ડ કપમાં વિજેતા બનાવનારા કેપ્ટન કપિલ દેવે ટી-૨૦ વર્લ્ડ કપમાં ભારતના દેખાવ અંગે ચિંતા વ્યક્ત કરી છે. કપિલ દેવે કહ્યું કે, ટી-૨૦ વર્લ્ડ કપમાં ભારત માટે હું ચિંતિત છું. મને લાગે છે કે, ભારતની સેમિ ફાઈનલમાં પ્રવેશવાની આશા પણ માત્ર ૩૦ ટકા જેટલી જ છે. કપિલ દેવે આ અંગે કોઈ સ્પષ્ટ કારણ આપ્યું નહતું. જો કે તેનો કહેવાનો ઈશારો એ તરફ હતો કે, ભારતની ટીમને ઓલરાઉન્ડરની ગેરહાજરી નડી શકે છે.



કપિલ દેવે કહ્યું કે, કોઈ પણ ટીમ માટે ઓલરાઉન્ડર જ સફળતાની ચાવી બનતા હોય છે. તે જ ટીમની ખરી તાકાત છે. હાર્દિક જેવા ઓલરાઉન્ડરને કારણે રોહિત શર્માને તેને મેચમાં છઠ્ઠા બોલર તરીકે ઉપયોગ કરવાની આઝાદી મળે છે. તે સારો બેટ્સમેન અને બોલર છે અને અચ્છો ફિલ્ડર પણ છે. રવિન્દ્ર જાડેજા પણ એક પરફેક્ટ ઓલરાઉન્ડર છે. અમારા સમયમાં પણ ટીમમાં ઘણા ઓલરાઉન્ડરો હતા.ટી-૨૦ વર્લ્ડ કપ કોણ જીતશે તેવા સવાલના જવાબમાં કપિલે કહ્યું કે, ટી-૨૦ના ફોર્મેટમાં જે ટીમ આજે જીતે તે કાલે હારી પણ જાય. આ કારણે ટી-૨૦ વર્લ્ડ કપ જીતવાની ભારતની તકો કેટલી છે, તે કહેવું મુશ્કેલ છે. મને લાગે છે કે, ભારતની સેમિ ફાઈનલમાં પ્રવેશવાની શક્યતા માત્ર ૩૦ ટકા જેટલી જ છે.

મોહમ્મદ શમીએ અંગે કપિલ દેવે કહ્યું કે, તે ઘણો સારો બોલર છે. હવે કેપ્ટન રોહિત શર્મા તેનો કેવી રીતે ઉપયોગ કરે છે, તે જોવાનું રહેશે. કપિલદેવે ભારતની બેટિંગ લાઈનઅપને મજબુત ગણાવી હતી.


## વર્લ્ડકપમાં બિન્નીએ 8 મેચમાં સૌથી વધુ વિકેટ ઝડપી હતી

# બિન્નીએ 1983ના વર્લ્ડકપમાં માર્યું હતું મેદાન!

ગુજરાત | વંદન

પોતાના સમયના શ્રેષ્ઠ ઑલરાઉન્ડરોમાંના એક રોજર બિન્નીને ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડના 36મા પ્રમુખ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. મંગળવારે યોજાયેલી BCCIની વાર્ષિક સામાન્ય સભામાં બિન્નીની નિમણૂકની જાહેરાત કરવામાં આવી હતી. વર્ષ 2019થી સૌરવ ગાંગુલી પ્રમુખપદની જવાબદારી સંભાળી રહ્યા હતા. રાજધાની દિલ્હીમાં ગયા અઠવાડિયે બીસીસીઆઈની ચૂંટણીમાં હોદ્દેદારોની પસંદગીને લઈને ચર્ચા શરૂ થઈ હતી, જેમાં રોજર બિન્નીને અધ્યક્ષ બનાવવા પર સહમતિ થઈ હતી. કહેવાઈ રહ્યું છે કે બ્રિજેશ પટેલના સમર્થનને કારણે આ શક્ય બન્યું હતું. એવી પણ ચર્ચા હતી કે સૌરવ ગાંગુલી બીજી ટર્મ માટે પ્રમુખ બનવા માગતા હતા. પરંતુ એવું કહેવાઈ રહ્યું છે કે પ્રમુખની બે ટર્મની પરંપરા ન હોવાથી તેમને પ્રમુખ બનાવવા પર સહમતિ બની શકી ન હતી.

સુપ્રીમ કોર્ટે તાજેતરમાં બીસીસીઆઈના પદાધિકારીઓ માટે સતત બે ટર્મની વ્યવસ્થા કરવાની મંજૂરી આપી હતી. આ સહમતિનો ફાયદો હવે માત્ર બીબીસીઆઈ સચિવ જય શાહને મળશે. જોકે તૃણમૂલ કૉંગ્રેસે આ મામલાને રાજકીય રંગ પણ આપી દીધો. ટીએમસીએ આરોપ લગાવ્યો છે કે ભાજપમાં ન જોડાવાને કારણે સૌરવ ગાંગુલી ફરીથી બીસીસીઆઈના અધ્યક્ષ બની શક્યા નથી. જોકે ભાજપમાં જોડાયા વિના તેમણે એક ટર્મ પૂરી પણ કરી લીધી છે.



ભારતના આ ઑલરાઉન્ડરને 1983ના વર્લ્ડકપમાં ભારતની જીતના હીરો તરીકે ઓળખવામાં આવે છે. કપિલ દેવના નેતૃત્વમાં ભારતે જીતેલા આ વર્લ્ડકપમાં બિન્નીએ આઠ મૅચમાં સૌથી વધુ 18 વિકેટ ઝડપી હતી. એ વર્લ્ડકપમાં 20 જૂને ચેમ્સફોર્ડમાં ઑસ્ટ્રેલિયા સામે રમાયેલી મૅચમાં તેમના પ્રદર્શનને કેવી રીતે ભૂલી શકાય. ભારતને આગળ વધવા માટે આ મૅચ જીતવી જરૂરી હતી. પ્રથમ બેટિંગ કરતા ભારતે 247 રન બનાવ્યા હતા, જેમાં બિન્નીએ 21 રનનું યોગદાન આપ્યું હતું.

ઑસ્ટ્રેલિયાની જવાબી ઈનિંગને રોજર બિન્ની અને મદનલાલની જોડીએ 129 રનમાં ધ્વસ્ત કરી ભારતને 118 રને વિજય અપાવ્યો હતો. આ મૅચમાં બિન્નીએ 29 રનમાં ચાર અને મદનલાલે 20 રનમાં ચાર વિકેટ ઝડપી હતી. માત્ર વર્લ્ડકપ જ નહીં રોજર બિન્ની ઑસ્ટ્રેલિયામાં સમાયેલી 1985ની વર્લ્ડ સિરીઝ ચૅમ્પિયનશિપમાં શાનદાર પ્રદર્શન માટે પણ જાણીતા છે. આ શ્રેણીમાં તેમણે 17 વિકેટ લઈને ભારતને ચૅમ્પિયન બનાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી.

રોજર બિન્ની એક ઉમદા ઑલરાઉન્ડર રહ્યા છે. હકીકતમાં તેઓ એ જમાનામાં રમ્યા છે જેમાં પેસ બૉલરોનો ઉપયોગ માત્ર બૉલને ચમકાવવા માટે થતો હતો અને પછી બૉલ સ્પિન બૉલરોને આપી દેવામાં આવતો હતો. એ વાત સાચી છે કે બિન્નીમાં જે ક્ષમતા હતી તે પ્રમાણે તેમણે વધુ ટેસ્ટ મૅચ અને વનડેમાં રમવું જોઈતું હતું, પરંતુ તેમણે માત્ર 27 ટેસ્ટ 72 વનડે મૅચ રમી છે.

એ વાત ખરી કે બિન્નીની બૉલિંગમાં વધારે ગતિ નહોતી. પરંતુ તે સ્વિંગનો સારો ઉપયોગ કરીને બૅટ્સમૅનોને મુશ્કેલીમાં મુકવામાં સફળ રહેતા હતા. તેમણે જે રીતે બૉલિંગ અને બેટિંગ કરી તે જોઈને લાગે છે કે તેમને વધુ તક મળવી જોઈતી હતી. તેમણે પોતાની આંતરરાષ્ટ્રીય કેરિયરમાં ઉપરના ક્રમના બૅટ્સમૅનો ફ્લૉપ જતા ઘણી વાર સૈયદ કિરમાણી સાથે જોરદાર બેટિંગ કરીને ભારતને મુશ્કેલીમાંથી બહાર કાઢવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી.

રોજર બિન્નીએ 1979માં પોતાના હોમ ગ્રાઉન્ડ બેંગ્લુરુના ચિન્નાસ્વામી સ્ટેડિયમ ખાતે પાકિસ્તાન સામે ટેસ્ટ ડેબ્યૂ કર્યું હતું. આ રીતે તે ભારત માટે ટેસ્ટ ક્રિકેટ રમનાર પ્રથમ ઍંગ્લો ઈન્ડિયન બન્યા હતા. બિન્ની સ્કોટિશ મૂળના ભારતીય છે. બિન્નીને સહજ પ્રતિભા ધરાવતા ઍથ્લીટ માનવામાં આવતા હતા. ક્રિકેટ ઉપરાંત, તેઓ તેમના શાળા જીવનમાં ફૂટબૉલ અને હોકી પણ રમતા હતા. એટલું જ નહીં, તે ઍથ્લેટિક્સમાં ભાલાફેંકમાં પણ એટલા સારા હતા કે તેઓ તેમાં પણ કારકિર્દી બનાવી શક્યા હોત. તેમણે બોયઝ કૅટેગરીમાં જેવલિનમાં નેશનલ રેકૉર્ડ પણ બનાવ્યો હતો. તેઓ સારી બૉલિંગ પણ કરતા હતા. તેથી જ્યારે કારકિર્દી બનાવવાની વાત આવી ત્યારે તેમણે ક્રિકેટને પસંદ કર્યું.

રોજર બિન્ની 2012માં બીસીસીઆઈના પસંદગીકાર તરીકે ચૂંટાયા હતા. આ તે સમય હતો જ્યારે તેમના પુત્ર સ્ટુઅર્ટ બિન્ની ભારત માટે રમવાના દાવેદાર બની ગયા હતા. આ સ્થિતિમાં રોજર પર પક્ષપાતના કેટલાક આરોપ લગાવવામાં આવ્યા હતા. પરંતુ રોજર બિન્નીએ પોતાની નિષ્પક્ષતાનું એવું ઉદાહરણ બેસાડ્યું કે જેની જેટલી પ્રશંસા કરીએ તેટલી ઓછી છે.

જ્યારે સ્ટુઅર્ટની પસંદગીની વાત આવતી હતી ત્યારે ચર્ચા શરૂ થાય તે પહેલાં રોજર મીટિંગ રૂમમાંથી બહાર નીકળી જતા હતા. રોજર બિન્ની તેમના રમતના દિવસોમાં એક ખેલાડીની સૌથી વધુ નજીક હતા અને તે ગુંડપ્પા વિશ્વનાથ હતા. બંનેની મિત્રતાના તમામ કિસ્સા મશહુર છે.

પસંદગીકાર સિવાય રોજર બિન્નીએ બીસીસીઆઈમાં કોચની ભૂમિકા પણ નિભાવી હતી. તેઓ 2000માં અંડર-19 વર્લ્ડકપમાં ભારતીય ટીમના કોચ હતા.

આ વર્લ્ડકપમાં ભારત પ્રથમ વખત ચૅમ્પિયન બન્યું હતું. આ વર્લ્ડકપે ભારતને મોહમ્મદ કૈફ અને યુવરાજસિંહ જેવા ક્રિકેટરો આપ્યા, જેમણે પાછળથી ભારતને ગૌરવ અપાવ્યું. રોજર બિન્નીએ નિવૃત્તિ પછી પણ ક્રિકેટ સાથેનો તેમનો સંબંધ ચાલુ રાખ્યો હતો. એશિયન ક્રિકેટ કાઉન્સિલ વિવિધ દેશોમાં ક્રિકેટને પ્રોત્સાહન આપવાનું કામ પણ કરે છે. રોજર બિન્નીએ તેના ડૅવલપમેન્ટ અધિકારી તરીકે વિવિધ દેશોમાં જઈને યુવાનોને ક્રિકેટ શીખવ્યું છે. એક સારા ક્રિકેટર હોવા ઉપરાંત રોજર બિન્ની એક ઉમદા માણસ પણ છે અને તેઓ સ્વચ્છ છબી પણ ધરાવે છે. જ્યારે તેઓ બીસીસીઆઈ પસંદગી સમિતિના સભ્ય હતા ત્યારે લોઢા સમિતિએ તેમના પર હિતોના ટકરાવનો આરોપ મૂક્યા બાદ તરત જ તેમણે પસંદગી સમિતિમાંથી રાજીનામું આપી દીધું હતું.


મેયર, ડેપ્યુટી મેયર અને ચૂંટણીની તૈયારી કરી રહેલા અન્ય ઘણા ઉમેદવારો સામેલ

# રેપ કેસના દોષી રામ રહીમના આશીર્વાદ લેવા પહોંચ્યા BJPના સંખ્યાબંધ નેતાઓ

ગુજરાત | વંદન

પેરોલ પર જેલમાંથી છૂટેલો ડેરા સચ્ચા સૌદાનો પ્રમુખ ગુરમીત રામ રહીમ ફરી એકવાર વિવાદમાં છે. રામ રહીમના સત્સંગમાં શ્રદ્ધાળુઓની ભીડ જોવા મળી હતી. નોંધનીય બાબત એ છે કે આ સત્સંદમાં અનેક નેતાઓ પણ હાજર રહ્યા હતા. તેઓ રામ રહીમના આશિર્વાદ મેળવવા પહોંચ્યા હતા. રામ રહીમે ઉત્તરપ્રદેશના બાગપતથી ઓનલાઈન સત્સંગ કર્યુ હતું. આ સત્સંગમાં નેતાઓની લાઈન લાગી ગઈ અને ત્યારપછીથી હરિયાણાના રાજકારણમાં હડકંપ મચી ગયો છે. તમને જણાવી દઈએ કે, હરિયાણાના કરનાલ જિલ્લામાં પંચાયતની ચૂંટણીના ઉમેદવારો પર આશિર્વાદ મેળવવા પહોંચી ગયા હતા. સત્સંગમાં ભારતીય જનતા પાર્ટીના નેતાઓ પણ હાજર હતા. તેમાં મેયર રેણુ બાલા ગુપ્તા, જિલ્લા અધ્યક્ષ યોગેન્દ્ર રાણા, ડેપ્યુટી મેયર નવીન કુમાર અને સીનિયર ડેપ્યુટી મેયર રાજેશનું નામ પણ સામેલ છે. પ્રાપ્ત જાણકારી અનુસાર આ તમામ નેતાઓએ રામ રહીમને કરનાલ આવવાનું નિમંત્રણ પાઠવ્યુ હતું.

નવીન કુમારે કહ્યું કે, મને 'સાધ સંગત' વતી સત્સંગ માટે આમંત્રણ આપવામાં આવ્યું હતું. યુપીથી ઓનલાઈન સત્સંગ કરવામાં આવ્યો હતો. મારા વોર્ડમાં ઘણા લોકો બાબા સાથે જોડાયેલા છે. અમે સામાજિક સબંધથી કાર્યક્રમમાં પહોંચ્યા હતા. તેનો આગામી પેટાચૂંટણી અને ભારતીય જનતા પાર્ટી સાથે કોઈ લેવાદેવા નથી.



જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું તેઓ ચૂંટણી જીતવા માટે રામ રહીમના આશીર્વાદ ઈચ્છે છે? ત્યારે નવીન કુમારે કહ્યું કે, ચૂંટણી કોણ જીતે છે તે માત્ર જનતા જ નક્કી કરે છે. લોકોના આશીર્વાદ મેળવવું મહત્વપૂર્ણ છે.

તેમણે કહ્યું કે તમામ દોષિતોને પેરોલની વિનંતી કરવાનો અધિકાર છે અને રાજ્યમાં લાખો અનુયાયીઓ ધરાવતા ધાર્મિક નેતા માટે કોઈ અલગ વર્તન નથી. તેમણે કહ્યું કે, કદાચ એવું હોય શકે કે તેમણે દિવાળીના તહેવાર માટે પેરોલ લીધી હોય. આપણે તેની સરખામણી ચૂંટણી સાથે ન કરવી જોઈએ.

હરિયાણાની આદમપુર વિધાનસભા બેઠક પર 3 નવેમ્બરે પેટાચૂંટણી યોજાવાની છે. રાજ્યના નવ જિલ્લામાં 9 અને 12 નવેમ્બરે પંચાયતની ચૂંટણી પણ યોજાશે.

રામ રહીમ સિરસા, જ્યાં ડેરાનું મુખ્યાલય આવેલું છે. ત્યાં પોતાના આશ્રમમાં બે મહિલા શિષ્યો સાથે દુષ્કર્મ કરવા બદલ 20 વર્ષની જેલની સજા ભોગવી રહ્યો છે.

મોંઘવારીને પગલે બ્રિટનમાં આર્થિક સંકટ ઘેરાયું

# એક સમયે અડધી દુનિયા પર રાજ કરનાર દેશમાં બે ટંક ભોજનના સાંસા!

ગુજરાત | વંદન

કોઈ સમયે બ્રિટનનું અડધી દુનિયામાં રાજ હતું અને તેનો સૂરજ આથમતો નહોતો તેવું કહેવાતું તેવું બ્રિટન આજે ભૂખમરાનો સામનો કરી રહ્યું હોવાનો ચોંકાવનારો રિપોર્ટ બહાર આવ્યો છે. અમીર ગણાતા આ દેશમાં ફૂગાવો 40 વર્ષના ઉચ્ચતમ સ્તરે પહોંચ્યો છે, જેના કારણે લાખો લોકોને બે ટંકના ભોજનના ફાંફા થઈ ગયા છે અને લોકો એક ટંક ભોજન લેવા મજબૂર બન્યા છે.

ગ્રાહક જૂથ 'હેડ ઓફ પોલિસી વિચ'દ્વારા ત્રણ હજાર લોકો પર કરાયેલા સર્વેમાં બહાર આવ્યું છે કે બ્રિટનના લગભગ અડધા ભાગના પરિવારો એક ટંકનું ભોજન છોડી રહ્યા છે. બ્રિટનના લગભગ 80 ટકા લોકોએ આર્થિક બોજો વધ્યાની ફરિયાદ કરી છે. ગ્રાહક સમૂહની પ્રમુખ ડેવીસના જણાવ્યા મુજબ ગુજરાન ચલાવવાના સંકટથી લોકોની થાળીમાંથી સ્વસ્થ ખોરાક ગાયબ થઈ ગયો છે. આટલું જ નહીં, બ્રિટન સરકારે ઉર્જાના દરમાં ઘટાડો ન કરવાના નિર્ણયથી કાતિલ ઠંડીમાં લોકોએ ઘરમાં હિટીંગની વ્યવસ્થા છોડવી પડશે. આ રિપોર્ટ એવા સમયે આવ્યો છે જ્યારે અહીં ખાદ્ય ઉત્પાદનોના ભાવ વધવાથી સપ્ટેમ્બરમાં ફૂગાવો 40 વર્ષના ઉચ્ચ સ્તરે 10.1 ટકાએ પહોંચી ગયો હતો.




# ડ્રેગન ચીને પોતાના લડાકૂ પાયલટોને તાલીમ આપવા શોધી નવી તરકીબ

■ પૂર્વ બ્રિટિશ આર્મી અને એરફોર્સ પાયલટની ભરતી કરી રહ્યું છે




ગુજરાત | વંદન

વિસ્તારવાદી નીતિ અપનાવનાર ચીન સામે હવે વધુ એક વિવાદ સર્જાયો છે આ વખતે કોઈની જમીન હડપી લેવાના બદલે બ્રિટનના પૂર્વ પાયલટોને હડપવાનું શરૂ કર્યુ છે. ચીન પોતાના સૈનિકોને તાલીમ આપવા માટે પૂર્વ બ્રિટિશ આર્મી અને એરફોર્સ પાયલટની ભરતી કરી રહ્યું છે. આ યોજના અત્યંત ગુપ્ત ધોરણે અમલમાં મૂકવામાં આવી રહી છે, જેનાથી બ્રિટિશ સરકારને શંકા ના થાય. નિવૃત્ત બ્રિટિશ પાયલટ બિઝનસ ટૂરના નામ પર અવારનવાર ચીનની મુલાકાત કરી રહ્યા હતા. અમુક રિપોર્ટ્સમાં તો આ બ્રિટિશ પાયલટો પર ચીનને ગુપ્ત જાણકારી આપવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. અને હવે આ પાયલટની ટ્રેનિંગનો અહેવાલ સામે આવ્યા પછી બ્રિટનમાં હડકંપ મચી ગયો છે. બ્રિટિશ સરકારનું કહેવું છે કે તે ચીનમાં પીપલ્સ લિબરેશન આર્મીના જવાનોને તાલીમ આપવા માટે પૂર્વ બ્રિટિશ સૈન્ય પાયલટની ભરતી કરવાનો જે પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે તેને રોકવા માટે નિર્ણાયક પગલા લઈ રહી છે. પ્રાપ્ત જાણકારી અનુસાર, બ્રિટનના 30 પૂર્વ સૈન્ય પાયલટ ચીનની સેનાના સૈનિકોને તાલીમ આપવા માટે ગયા છે. ચીનના આ પ્રકારના ભરતી અભિયાનો વિરુદ્ધ રોયલ એર ફોર્સ તેમજ અન્ય સશસ્ત્ર દળોના અધિકારીઓને ગુપ્ત સૂચના આપીને સતર્ક કરવામાં આવી રહ્યા છે.

ઉલ્લેખનીય છે કે ચીનની ભરતી પ્રક્રિયા બ્રિટનના વર્તમાન કાયદાનું ઉલ્લંઘન નથી કરતી, પરંતુ રક્ષા મંત્રાલયના જણાવ્યા અનુસાર, નવા રાષ્ટ્રીય સુરક્ષા ઠરાવો આ પ્રકારના પડકારોનો સામનો કરવા માટે વધારાના વિકલ્પો અને સમાધાનો ઉપલબ્ધ કરાવશે. મંત્રાલયના એક પ્રવક્તાએ જણાવ્યું કે, અમે ચીનમાં પીપલ્સ લિબરેશન આર્મીના જવાનોને તાલીમ આપવા માટે કાર્યરત અને પૂર્વ બ્રિટિશ સૈન્ય પાયલટોની ભરતી કરવાના ચીનના પ્રયત્નોને રોકવા માટે નિર્ણાયક પગલા લઈ રહ્યા છીએ.

સાપ સીડીની જેમ ગગડતા રૂપિયાને સુધારવા પી. ચિદમ્બરમની સરકારને સલાહ

# 'રૂપિયો સુધારવો હોય તો રઘુરામ રાજનને બોલાવો, પૂર્વ અર્થશાસ્ત્રીઓ પાસેથી અનુભવ લેવાની જરૂર...'

ગુજરાત | વંદન

ભારતીય રૂપિયો ચાલુ વર્ષના બાકીના સમયમાં યુએસ ડોલર સામે વધુ ઘટશે. ગુરૂવારે રોઈટર્સના મતદાનમાં દર્શાવવામાં આવ્યું છે કે, સ્થાનિક વેપાર સંતુલન અને યુ.એસ. વ્યાજદરમાં વધારો થવાને કારણે નવ વર્ષમાં તેના સૌથી તીવ્ર ઘટાડો જોવા મળ્યો છે. આજે રૂપિયો ૮૩.૨૯ની રેકોર્ડ નીચી સપાટીએ સરકી ગયો હતો. ૧૪ બેન્કર્સ અને ફોરેન એક્સચેન્જ એડવાઈઝર્સના હાથ ધરાયેલા સર્વેમાં સરેરાશ આગાહી અનુસાર તે ડિસેમ્બર સુધીમાં વધુ ઘટીને ૮૫ સુધી ઉતરી આવે તેવી શક્યતા છે.

કોંગ્રેસ નેતા પી ચિદમ્બરમે ડૉલર સામે રૂપિયામાં થયેલા રેકોર્ડ ઘટાડાને લઈને વડાપ્રધાન મોદીને મોટી સલાહ આપી છે. તેમણે કહ્યું છે કે વડા પ્રધાન મોદીને મારી વિનંતી છે કે જો તેઓ રૂપિયામાં સુધારો કરવા માંગતા હોય તો તેના પર વિચાર કરવા માટે તરત જ ડૉ. રઘુરામ રાજન, ડૉ. સી. રંગરાજન, ડૉ. વાયવી રેડ્ડી, ડૉ. રાકેશ મોહનના બંધ બારણે બેઠક બોલાવી જોઈએ.અને આ બેઠક માં મોન્ટેક સિંહ આહલુવાલિયા,નાણામંત્રી, આરબીઆઈ ગવર્નર અને અધિકારીઓ પણ હાજર રહેશે

ચિદમ્બરમે ટ્વીટ કર્યું હતું કે રૂપિયાના મૂલ્યમાં સતત ઘટાડા સામે સરકાર લાચાર દેખાઈ રહી છે. ઘટતા રૂપિયાની અસર મોંઘવારી, ચાલુ ખાતાની ખાધ અને વ્યાજદર પર પડે છે. તેમણે કહ્યું કે સરકારે દેશના પૂર્વ અર્થશાસ્ત્રીઓ પાસેથી અનુભવ લેવાની જરૂર છે. તમને જણાવી દઈએ કે યુપીએ શાસનમાં - રંગરાજન, વાયવી રેડ્ડી અને રઘુરામ રાજન આરબીઆઈ ગવર્નર હતા, રાકેશ મોહન ડેપ્યુટી ગવર્નર હતા જ્યારે મોન્ટેક સિંહ આહલુવાલિયા પ્લાનિંગ કમિશનના ડેપ્યુટી ચેરમેન હતા. રઘુરામ રાજન ભાજપ સરકારના ટીકાકાર છે. ઘણી વખત કેન્દ્રની મોદી સરકારને સલાહ આપતાં તેમણે અર્થવ્યવસ્થાને સુધારવા પર ભાર મૂક્યો હતો. પીએમ મોદી પર કટાક્ષ કરતા તેમણે કહ્યું કે તેમની સરકાર કેન્દ્રની નીતિઓની પ્રશંસા કરનારાઓને યોગ્ય માને છે. મોદી સરકારની નજરમાં બીજું બધું ખોટું છે.

બીજેપી નેતા અમિત માલવિયાએ કહ્યું કે ચિદમ્બરમ દ્વારા સૂચવવામાં આવેલા નામો એવા છે જેમના સમયમાં દેશનો વિકાસ પાછળ રહી ગયો હતો. તમારે અણગમતી સલાહ આપવા સિવાય બીજું કંઈ કરવાનું નથી. તમે જે બૌદ્ધિક સમર્થનની વાત કરો છો તેણે ભારતની અર્થવ્યવસ્થાને પાછળ ધકેલવાનું કામ કર્યું છે.

## વર્ષાન્ત સુધીમાં રૂપિયો વધુ તૂટીને 85 સુધી ઉતરે તેવી વકી






બેંક ઓફ બરોડાના મુખ્ય અર્થશાસ્ત્રી મદન સબનવીસે જણાવ્યું હતુ કે, ડિસેમ્બર સુધીમાં રૂપિયો ૮૫ના સ્તર સુધી ગગડી શકે છે, કારણ કે બાહ્ય વાતાવરણમાં કોઈ મોટા ફેરફારો દેખાતા નથી. ડોલર સતત ઊંચુ વલણ ધરાવે છે અને સ્થાનિક ફંડામેન્ટલ્સ નબળા છે. ભારતની ચાલુ ખાતાની ખાધ ૩%થી ૩.૫% રહેવાની અપેક્ષા છે. જ્યારે વૈશ્વિક આર્થિક પરિદ્રશ્ય પોર્ટફોલિયો પ્રવાહ માટે અનુકૂળ ન હોય ત્યારે ઉંચી વેપાર ખાધથી રૂપિયા પર દબાણ આવે છે. ભારતે આ વર્ષના પ્રથમ નવ મહિના માટે ૨૩.૨ અબજ ડોલરની સરેરાશ માસિક વેપાર ખાધ નોંધાવી હતી, જે ૨૦૨૧માં સરેરાશ ૧૫.૩ અબજ ડોલરની હતી. દરમિયાન ફુગાવાને કાબુમાં રાખવા માટે ફેડના આક્રમક દરમાં વધારાને કારણે મૂડીપ્રવાહમાં અવરોધ ઉભો થયો છે.

# ભારતની સીસીઆઈએ ગૂગલને ફટકાર્યો 1,337.76 કરોડનો દંડ

ગુજરાત | વંદન

કોમ્પિટિશન કમિશન ઓફ ઈન્ડિયા (CCI)એ વિશ્વની સૌથી મોટી ઈન્ટરનેટ સર્ચ સુવિધા પૂરી પાડતી અમેરિકન કંપની Google પર 1,337.76 કરોડ રૂપિયાનો દંડ ફટકાર્યો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, કોમ્પિટિશન કમિશન ઓફ ઈન્ડિયાએ એન્ડ્રોઈડ મોબાઈલ ડિવાઈસમાં મજબૂત માર્કેટ પોઝિશન હોવાનો દુરુપયોગ કરવા બદલ ગૂગલ પર આ દંડ લગાવ્યો છે.

કોમ્પીટીશન કમિશન ઓફ ઈન્ડિયા (CCI) એ અગ્રણી ઈન્ટરનેટ કંપનીને અન્યાયી વ્યાપારી પ્રથાઓને રોકવા અને બંધ કરવા નિર્દેશ આપ્યો છે. પંચે ગુરુવારે એક સત્તાવાર માહિતીમાં



જણાવ્યું હતું કે ગૂગલને પણ નિર્ધારિત સમયમર્યાદામાં તેની કામગીરીમાં ફેરફાર કરવા માટે નિર્દેશ આપવામાં આવ્યો છે.

CCI ઈન્ડિયાએ તેના સત્તાવાર ટ્વિટર એકાઉન્ટ પર પોસ્ટ કરીને માહિતી આપી છે. પોસ્ટમાં લખ્યું છે કે "એન્ડ્રોઈડ મોબાઈલ ઉપકરણ ઈકોસિસ્ટમમાં બહુવિધ બજારોમાં સ્થાનનો દુરુપયોગ કરવા બદલ ગૂગલને દંડ કરવામાં આવ્યો છે."

આ કારણે ગૂગલને દંડ ફટકારાયોઃ તમને જણાવી દઈએ કે, ગૂગલ એન્ડ્રોઈડ ઓએસનું (Operating System) સંચાલન કરે છે. આ માટે તે અન્ય કંપનીઓને લાઈસન્સ પણ આપે છે. Google ની OS અને એપ્લિકેશન્સનો ઉપયોગ OEMs એટલે કે મૂળ સાધનોના ઉત્પાદકો દ્વારા તેમના મોબાઈલ ઉપકરણો માટે કરવામાં આવે છે. OS અને એપના ઉપયોગને લઈને ઘણા પ્રકારના કરારો કરવામાં આવી રહ્યા છે, જેને મોબાઈલ એપ્લિકેશન ડિસ્ટ્રિબ્યુશન એગ્રીમેન્ટ (MADA) કહેવામાં આવે છે. સીસીઆઈએ તેના નિવેદનમાં સ્પષ્ટપણે કહ્યું કે MADA એ ખાતરી આપી છે કે સર્ચ એપ, વિજેટ અને ક્રોમ બ્રાઉઝર એન્ડ્રોઈડ ઉપકરણો પર પ્રી-ઈન્સ્ટોલ છે, જેણે ગૂગલની સર્ચ સર્વિસને તેના સ્પર્ધકો પર નોંધપાત્ર સ્પર્ધાત્મક ટક્કર આપી છે.

# ભારતીય સેના 1000 સર્વેલન્સ હેલિકોપ્ટર ખરીદશે

ગુજરાત | વંદન


ભારતીય સેનાએ ૮૦ મિની રિમોટલી પાઈલોટેડ એરક્રાફ્ટ સિસ્ટમ અને ૧૦૦૦ સર્વેલન્સ હેલિકોપ્ટર ખરીદવાની પ્રક્રિયા શરૂ કરી દીધી છે. ચીન સાથે જોડાયેલી વાસ્તવિક નિયંત્રણ રેખા (એલએસી) પર પોતાના સર્વેલન્સ તંત્રને મજબૂત બનાવવા માટે આ ખરીદી કરવામાં આવી રહી છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે રિમોટ સંચાલિત મિની વિમાન દિવસ અને રાતના સર્વેલન્સ અને ઉંચાઈવાળા વિસ્તારોમાં લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે એક આદર્શ મલ્ટી સેન્સર સિસ્ટમ છે.

રિમોટ સંચાલિત વિમાન કાર્યક્રમ માટે ટેન્ડર જમા કરાવવાની અંતિમ ૧૬ નવેમ્બર રાખવામાં આવી છે. એક અધિકારીના જણાવ્યા અનુસાર સિસ્ટમ લક્ષ્યાંકને શોધવા, ઓળખવા, વિરોધીઓના સ્થળોની ચોક્કસ સ્થિતિની સાથે સાથે સૈનિકોની તૈનાતીના ઉચ્ચ રિઝોલ્યુશનવાળા ફોટા ઉપલબ્ધ કરાવવામાં મદદ કરશે.

પ્રસ્તાવ અથવા પ્રારંભિક ટેન્ડર અનુસાર પસંદગી પામેલ પુરવઠાકર્તાને કરાર પર હસ્તાક્ષર કરવા માટે ૧૨ મહિનાની અંદર તેની આપૂર્તિ કરવાની રહેશે. બાય (ઇન્ડિયન) કેટેગરી હેઠળ રિમોટ સંચાલિત મીની એરક્રાફ્ટ સિસ્ટમની ખરીદી કરવામાં આવી રહી છે.

# પ્રોપર્ટી વિવાદ... મહિલા નર્સની ગેંગરેપની જુટ્ટી કહાની, તપાસમાં ચોંકાવનારા ખુલાસા

■ પૂર્વ ગાઝિયાબાદ કથિત ગેંગરેપ કેસ : મહિલાએ 'નિર્ભયા' જેવી જ ઘટનાની બનાવી હતી સ્ક્રિપ્ટ




ગુજરાત | વંદન

ગાઝિયાબાદમાં કથિત ગેંગ રેપ મામલે પોલીસ તપાસમાં ચોંકાવનારા ખુલાસાઓ થયા છે. પોલીસ તપાસમાં એવું સામે આવ્યું છે કે પીડિતાએ ખૂદ મિલકતના વિવાદને લઈ આરોપીને ફસાવવાનું સંપૂર્ણ કાવતરું ઘડ્યું હતું. ગાઝિયાબાદમાં 18 ઓક્ટોબરે સવારે સાડાત્રણ વાગ્યે રસ્તા પર એક મહિલા બોરીમાં બાંધેલી હાલતમાં મળી આવી હતી. પૂછપરછ દરમિયાન તેણે જણાવ્યું હતું કે 5 લોકોએ બળાત્કાર કર્યો. પ્રાઈવેટ પાર્ટમાં સળિયો નાખ્યો અને પછી હાથ-પગ બાંધીને બોરીમાં ફેંકી દીધો. આ આરોપો એટલા સનસનાટીભર્યા હતા કે દિલ્હીથી લખનઉ સુધી ખળભળાટ મચી ગયો છે. સોશિયલ મીડિયા પર આ કાંડને દિલ્હીના નિર્ભયા કેસ સાથે સરખાવવામાં આવી રહ્યું હતું.

ગાઝિયાબાદ પોલીસના જણાવ્યા અનુસાર, આઝાદ નામના પીડિતાના જાણીતા વ્યક્તિએ મહિલા સાથે ચાલી રહેલા પ્રોપર્ટી વિવાદમાં આરોપીને ફસાવવા માટે આ સનસનીખેજ અને બનાવટી સ્ટોરી બનાવી હતી. પોલીસનું કહેવું છે કે મહિલા 53 લાખ રૂપિયાની સંપત્તિનો કબજો મેળવવા માગતી હતી, તેથી જેલમાં મોકલવાના ઈરાદાથી તેણે બીજા પક્ષ પર ગેંગરેપનો આરોપ લગાવ્યો છે. મહિલાના મિત્ર આઝાદ સહિત ગૌરવ શર્મા અને અફઝલની પોલીસે ધરપકડ કરી છે. બીજી તરફ પીડિતાના ભાઈએ પોલીસના આ ખુલાસાને ખોટો ગણાવ્યો છે. પોલીસના જણાવ્યા અનુસાર, આઝાદે પૂછપરછમાં જણાવ્યું કે '16 ઓક્ટોબરની રાત્રે મહિલા નર્સનું અપહરણ કરવામાં આવ્યું નહોતું.18 ઓક્ટોબરે સવારે ત્રણ વાગ્યે આઝાદ, ગૌરવ અને અફઝલ મહિલાને તેના ઘરેથી લઈ ગયા. તેઓ તેને લાલ રંગની કારમાં લઈ આવ્યા અને સ્ક્રિપ્ટ મુજબ, નંદગ્રામ વિસ્તારમાં રોડના કિનારે બોરીમાં નાખીને ભાગી ગયા.' 40 વર્ષીય આઝાદ દિલ્હીમાં વેલકમ વિસ્તારના કબીરનગરનો રહેવાસી છે. આઝાદે છેલ્લાં કેટલાંક વર્ષોથી આ મહિલા નર્સના સંપર્કમાં છે. તેના બે મિત્રો છે. દિલ્હીના શાહદરા વિસ્તારમાં જે મકાન પર વિવાદ ચાલે છે એ ઘર આઝાદે સૌપ્રથમ સમીના નામની મહિલા પાસેથી ખરીદ્યું હતું.

કોંગ્રેસે તો આ બેઠક પર ઉમેદવારને હારવા માટે ઉભા રાખવા પડે તેમ છે...

# એક એવી બેઠક કે જેણે બબ્બે મુખ્યમંત્રી આપ્યા, કોંગ્રેસ એ બેઠક જીતે ખરી..?

ગુજરાત | વંદન

ગુજરાત વિધાનસભા ચૂંટણી 2022 મહાજંગમાં ઘાટલોડિયા બેઠક ભાજપ માટે ખાસ છે. ભાજપના ગઢ સમાન આ બેઠક પર જીત મેળવવી ભાજપ માટે જાણે રમતની વાત છે, જ્યારે કોંગ્રેસ માટે કપરા ચઢાણ જોવા મળી રહ્યા છે. બીજી એક ખાસ બાબત એ છે કે, આ બેઠકને સરકાર સાથે ખાસ સંબંધ છે. આ બેઠકથી જાણે ગુજરાતના મુખ્યમંત્રી બનવાનો રસ્તો સીધો ખુલી જાય છે. નવા સીમાંકન બાદ અસ્તિત્વમાં આવેલી આ બેઠક પરથી આનંદીબેન પટેલ અને ભૂપેન્દ્ર પટેલ વિજયી બન્યા છે, જે બાદ બન્ને ગુજરાતના મુખ્યમંત્રી બન્યા છે. ત્યારે આવો જાણીએ કે, આ બેઠક પર ગુજરાત ચૂંટણી 2022 માટેનો સામાજિક રાજકીય માહોલ કેવો છે.

ગુજરાત વિધાનસભાની 182 બેઠકો માટેના ચૂંટણી જંગમાં વિધાનસભાની 41 નંબરની ઘાટલોડિયા બેઠક કેટલીક બાબતોને લઈને ખાસ છે. વર્તમાન મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ 2017ની ચૂંટણીમાં આ બેઠક પરથી જ મોટી લીડથી જીત્યા હતા. આગામી વિધાનસભા ચૂંટણી માટે આ બેઠક પર સૌનું ધ્યાન રહેશે.

પહેલાં આ બેઠક અમદાવાદ જિલ્લામાં અને વર્ષ 2008માં અસ્તિત્વમાં આવી હતી. આ બેઠક ગાંધીનગર લોકસભા મતક્ષેત્ર અંતર્ગત આવે છે. વર્તમાનમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહનું મતક્ષેત્ર છે. ઘાટલોડિયા વિસ્તારમાં પ્રભાત ચોક, રન્નાપાર્ક, સાયોના સીટી, ચાણક્યપુરી ઘાટલોડિયા ગામ વગેરે આવેલા છે.

આ વિધાનસભા બેઠક હેઠળ અમદાવાદ શહેર તાલુકાના ગામો છે. જેમાં ત્રાગડ, ઘાટલોડિયા (એમ), મેમનગર (એમ). તથા દસક્રોઈ તાલુકા ગામોમાં લપકામણ, લીલાપુર, ખોડીયાર, છારોડી, જગતપુર, હેબતપુર, ભાડજ, શીલજ, ચેનપુર, ઓગણજ, ઘુમા,






## ઘાટલોડિયા બેઠક પર આનંદીબેન અને ભૂપેન્દ્ર પટેલ એક એક લાખની સરસાઇથી જીત્યા છે

શેલા, સોલા, બોડકદેવ, આંબલી, ગોતા (સીટી), થલતેજ (સીટી), બોપલ (સીટી)નો સમાવેશ થાય છે.

2012માં ઘાટલોડિયા બેઠક પરથી આનંદીબેન ચૂંટણી લડ્યા હતાં. 2017માં એવી ચર્ચા હતી કે આનંદીબહેનનાં પુત્રી અનારબેનને તેમનાં માતાની બેઠક મળશે, પરંતુ 2017માં તેમના અનુગામી તરીકે ભૂપેન્દ્ર પટેલ ચૂંટણી લડ્યા હતાં અને જંગી બહુમતિથી જીત્યા હતાં.

ઘાટલોડિયા બેઠક ભાજપની સૌથી વધુ સલામત બેઠક તરીકે ઓળખાય છે. આ બેઠકનું સીમાંકન એવી રીતે કરવામાં આવ્યું છે કે અહીં મુસ્લિમ મતદાર ઓછા છે. આ બેઠક પર વ્યક્તિગત નહીં પણ પક્ષ મહત્ત્વનો હોવાનું માનવામાં આવે છે. જો ભાજપ અહીંથી કોઈને ટિકિટ આપે તો તેમની જીત નિશ્ચિત માનવામાં આવે છે. જ્ઞાતિ જાતિના સમીકરણો પર નજર નાંખીએ તો, ઘાટલોડિયા (41) વિધાનસભા બેઠક પાટીદાર અને રબારીનો પ્રભુત્વ ધરાવતા વિસ્તાર તરીકે ઓળખાય છે. ઘાટલોડિયા બેઠકમાં 3.74 લાખ મતદારો છે. અહીં પાટીદાર મતદારોની સંખ્યા 70થી 78 હજાર માનવામાં આવે છે તો રબારી-માલધારી સમાજના 40 હજારથી વધુ મતદારો છે. આ સિવાય ઠાકોર, દલિત અને અન્ય સમાજની વસ્તી પણ નિર્ણાયક છે. ઘાટલોડિયા વિસ્તારમાં 53 ટકા પુરુષો અને 47 ટકા મહિલાઓ છે. અહીં શિક્ષણનું પ્રમાણ 83 ટકા છે. જેમાં પુરુષો અને મહિલાઓમાં શિક્ષણનું પ્રમાણ અનુક્રમે 85 અને 80 ટકા છે.

2017ની ચૂંટણી પહેલા ગુજરાતમાં પાટીદાર આંદોલનની સૌથી વધુ અસર ઘાટલોડિયા વિધાનસભા બેઠક પર જોવા મળી હતી. પરંતુ અહીં તમામ પાટીદારો ભાજપની વિરુદ્ધ ન હતા. આ જ કારણ છે કે 2017માં આનંદીબેન પટેલ ઉત્તર પ્રદેશના રાજ્યપાલ બન્યા પછી ઘાટલોડિયા વિધાનસભા બેઠક પરથી ભૂપેન્દ્ર પટેલને ટિકિટ આપવામાં આવી હતી.

ભૂપેન્દ્ર પટેલ 2017માં અહીંથી 1 લાખ 75 હજાર મતોથી ચૂંટણી જીત્યા હતા. આ દરમિયાન 2021માં વિજય રૂપાણીને મુખ્યમંત્રી પદેથી હટાવાયા ત્યારે ભૂપેન્દ્ર પટેલને મુખ્યમંત્રી બનાવવામાં આવ્યા. . ભૂપેન્દ્ર પટેલ દાદા ભગવાનના અનુયાયી હોવાથી ભૂપેન્દ્ર પટેલને પણ રાજકારણમાં દાદા તરીકે પણ ઓળખવામાં આવે છે 2012ની ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં રેકર્ડ બ્રેક 1.10 લાખ મતદારોની લીડથી જીત મેળવી આનંદીબહેન પટેલ ધારાસભ્ય બન્યા હતા. આ ઘાટલોડિયાની બેઠક પર જીતવું એ કોંગ્રેસ માટે લોઢાના ચણાં ચાવવા સમાન છે..

## મેષ (અ, લ, ઈ)

**પોઝિટિવ:** જો પ્રોપર્ટીની ખરીદદારી કે વેચાણને લગતા કોઈ કામ માટે કોશિશ કરી રહ્યા છો, તો આજનો દિવસ અનુકૂળ છે. તમારો વ્યવહાર સમાજમાં તમને સન્માનિત કરશે. યુવા વર્ગ પોતાની મહેનત પ્રમાણે યોગ્ય પરિણામ મળવાથી રાહત અનુભવ કરશે.
**નેગેટિવ:-** ધ્યાન રાખો કે દેખાડાના કારણે ખોટા ખર્ચ થઈ શકે છે. ઘરની વ્યવસ્થા યોગ્ય જાળવી રાખવા માટે થોડા નિયમોનું પાલન કરો. તમારા ગુસ્સા અને આવેશ ઉપર કાબૂ રાખો.
**વ્યવસાય:-** છેલ્લાં થોડા સમયથી આર્થિક સમસ્યાના કારણે પ્રોડક્શનના કામ અટવાયેલાં હતાં, તે હવે ફરી શરૂ થઈ શકે છે.
**લવ:-** ઘરનું વાતાવરણ વ્યવસ્થિત રહી શકે છે.
**સ્વાસ્થ્ય:-** કોઈ જૂનો રોગ ફરી થઈ શકે છે.

## વૃષભ (બ, વ, ઉ)

**પોઝિટિવ:-** થોડો સમય તમારા વ્યક્તિગત રસનાં કાર્યોમાં પણ પસાર કરો. તેનાથી તમારા વ્યક્તિત્વમાં નિખાર આવશે. થોડા નજીકના લોકો સાથે મેલ-મિલાપ પણ યોગ્ય પરિણામ આપી શકે છે. પરિવારના લોકો સાથે ઓનલાઈન શોપિંગ પણ થશે.
**નેગેટિવ:-** આવક સાથે-સાથે ખર્ચ પણ વધારે થશે. દિવસની શરૂઆતમા જ કોઈ નજીકના સંબંધી સાથે વિવાદ થઈ શકે છે. ગુસ્સા અને આવેશમાં આવશો નહીં તથા શાંતિથી વાતચીત કરો. **વ્યવસાય:-** કાર્યક્ષેત્રમાં કોઈપણ નિર્ણય એકલા હાથે લેશો નહીં. **લવ:-** પારિવારિક વાતાવરણ સુકૂનભર્યું રહી શકે છે.
**સ્વાસ્થ્ય:-** થાક અને બેચેની જેવી સ્થિતિ રહી શકે છે.

## મિથુન (ક. છ. ઘ.)

**પોઝિટિવ:-** તમે કોઈ વિશેષ લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે ખૂબ જ મહેનત કરશો અને સફળ પણ થશો. ઘરના કોઈ વડીલનો સ્નેહ અને આશીર્વાદ તમારા જીવનની મોટી પૂંજી રહી શકે છે એટલે તેમનું સન્માન કરતા રહો.
**નેગેટિવ:-** માત્ર યોજનાઓ બનાવવામાં સમય ખરાબ ન કરો, તેમને શરૂ કરવી પણ જરૂરી છે. વાતચીતની રીત થોડી નરમ રાખો. બાળકોની સમસ્યાઓ સાંભળો અને તેમનું સમાધાન કરો. **વ્યવસાય:-** કાર્યક્ષેત્રમાં તમારી ક્વોલિટીને વધારે સારી જાળવી રાખવાની કોશિશ કરો. **લવ:-** લગ્નજીવનમાં સરળતા રહેશે, **સ્વાસ્થ્ય:-** સ્વાસ્થ્ય સારું રહી શકે છે.

## કર્ક (ડ, હ)

**પોઝિટિવ:-** યોગ્ય સમયે કરેલાં કાર્યોનું પરિણામ યોગ્ય મળી શકે છે. એટલે પ્રકૃતિના સંદેશાને સમજો અને તમારી યોગ્યતા અને પ્રતિભાને યોગ્ય દિશામાં લગાવો. યુવાઓને પણ કોઈ સ્પર્ધામાં સફળતા મળવાની ઉત્તમ શક્યતા છે.
**નેગેટિવ:-** કોઈ સંબંધી પાસેથી રૂપિયાની લેવડ-દેવડને લઈને થોડી ગેરસમજ ઊભી થઈ શકે છે. થોડી સાવધાની જાળવો. જો ઘર પરિવર્તનને લગતી કોઈ યોજના બની રહી છે તો પહેલાં તેના અંગે એકવાર વિચાર કરી લો.
**વ્યવસાય:-** વ્યવસાયિક મામલે થોડું એલર્ટ રહેવું જરૂરી છે.
**લવ:-** ઘરમાં કોઈ કારણોસર તણાવની સ્થિતિ રહી શકે છે.
**સ્વાસ્થ્ય:-** તમારા સ્વાસ્થ્ય પ્રત્યે બેદરકારી કરવી યોગ્ય નથી.

## સિંહ (મ, ટ)

**પોઝિટિવ:-** ઘણાં સમય પછી ઘરમાં કોઈ સંબંધીના આગમનથી વાતાવર્ણ સુખમય રહેશે. એકબીજા સાથે વાતચીત દ્વારા ઘરને લગતો કોઈ મામલો ઉકેલાઈ શકે છે. ઘરના કોઈ સભ્યના લગ્નને લગતી થોડી યોજનાઓ બનશે.
**નેગેટિવ:-** કોઈ અચાનક ખર્ચ સામે આવી શકે છે. જેના કારણે બજેટ પણ ખરાબ થઈ શકે છે. આ સમયે તમારી કોઈપણ યોજના કોઈની સામે જાહેર ન કરો.
**વ્યવસાય:-** વ્યવસાયિક કાર્યોમાં વધારે સાવધાન રહેવાની જરૂરિયાત છે.
**લવ:-** લગ્નજીવન સુખમય રહી શકે છે.
**સ્વાસ્થ્ય:-** વાહન સાવધાની પૂર્વક ચલાવો.

## કન્યા (પ, ઠ, ણ)

**પોઝિટિવ:-** ગ્રહ સ્થિતિ અનુકૂળ છે. તમને તમારી યોગ્યતા સાબિત કરવાની તક મળશે. બાળકોના અભ્યાસ કે કરિયરને લગતા મહત્ત્વપૂર્ણ કાર્ય આજે પૂર્ણ થઈ શકે છે. કોઈ નજીકના સંબંધી દ્વારા શુભ સમાચાર મળવાથી મન પ્રસન્ન રહેશે.
**નેગેટિવ:-** નાનામાં નાની વાત પણ મોટા વિવાદનું કારણ બની શકે છે. એટલે ખોટી વાતોમાં ધ્યાન ન આપો. શાંતિપૂર્ણ રીતે સમસ્યાઓનો ઉકેલ લાવો. અચાનક થોડા ખર્ચ સામે આવી શકે છે.
**વ્યવસાય:-** વ્યવસાયિક દૃષ્ટિએ સમય પડકારભર્યો રહી શકે છે.
**લવ:-** તમારા પારિવારિક જીવન ઉપર કોઈ અન્ય વ્યક્તિની દખલ થવા દેશો નહીં.
સ્વાસ્થ્ય:- સાંધામાં દુખાવો તથા વાયુને લગતી પરેશાની રહેશે.

## તુલા (ર. ત.)

**પોઝિટિવ:-** ઘરમા પરિવર્તનને લગતા થોડા કાર્યો પૂર્ણ થશે. વ્યસ્તતા સિવાય તમે તમારા વ્યક્તિગત કાર્યો માટે પણ સમય કાઢી શકશો. કોઈપણ કાર્યને સહજ રીતે પૂર્ણ કરવાની કોશિશ કરો, તમને લાભદાયક પરિણામ મળી શકે છે.
**નેગેટિવ:-** યાત્રાનો પ્લાન બનશે, પરંતુ તેનાથી કોઈ લાભ મળી શકશે નહીં. સારું રહેશે કે આ પ્લાન ટાળી દો. કોઈ પણ નિર્ણય લેતી સમયે તેના સારા અને ખરાબ પાસા અંગે સંપૂર્ણ વિચાર કરો.
**વ્યવસાય:-** વ્યવસાયને લગતું કોઈપણ પ્રકારનું રિસ્ક ન લેશો.
**લવ:-** પતિ-પત્ની વચ્ચે ભાવનાત્મક સંબંધ રહી શકે છે.
**સ્વાસ્થ્ય:-** છાતિને લગતી કોઈ પરેશાની રહી શકે છે.

## વૃશ્ચિક (ન. ય. )

**પોઝિટિવ:-** બાળકો તરફથી કોઈ શુભ સમાચાર મળવાથી મન પ્રસન્ન રહેશે. કોઈ ખાસ કામ પૂર્ણ કરવામાં તમારી મહેનત પણ સફળ રહેશે. ઘરના વડીલોના અનુભવ તથા માર્ગદર્શનનું અનુસરણ કરો.
**નેગેટિવ:-** તમારી સફળતાને લોકો સામે જાહેર ન કરો, કોઈ ઈર્ષ્યાની ભાવનાથી તમારા પ્રત્યે ખરાબ નજર રાખી શકે છે. જમીન-જાયદાદને લગતું કોઈપણ પ્રકારનું દેવુ લેવા માટે સમય હાલ અનુકૂળ નથી. **વ્યવસાય:-** વ્યવસાયિક મામલે આજે કોઈપણ પ્રકારનો મહત્ત્વપૂર્ણ નિર્ણય લેશો નહીં. **લવ:-** કામ સાથે-સાથે પરિવારની દેખરેખ તથા સહયોગમા પણ સમય પસાર કરો. **સ્વાસ્થ્ય:-** સ્વાસ્થ્ય ઉત્તમ રહેશે.

## ધન (ભ, ધ, ફ, ઢ)

**પોઝિટિવ:-** સમયમાં પોઝિટિવ પરિવર્તન આવી રહ્યું છે. તમને યોગ્ય સમયે યોગ્ય સમાધાન મળી જશે. પ્રકૃતિના સંકેતોને સમજવાની કોશિશ કરો. ધર્મ-કર્મ તથા અધ્યાત્મિક મામલે રસ રહેશે. **નેગેટિવ:-** નજીકના સંબંધીઓ સાથે મનમુટાવ રહેવાના કારણે સંબંધો ખરાબ થઈ શકે છે. કોઈની સલાહ ઉપર વિશ્વાસ કરતા પહેલાં તેના દરેક સ્તર અંગે ચર્ચા-વિચારણાં કરી લો. બપોર પછી ગ્રહ સ્થિતિ થોડી પ્રતિકૂળ રહી શકે છે. **વ્યવસાય:-** વીમા, શેરબજાર વગેરે સાથે જોડાયેલાં કામમાં વધારે થઈ શકે છે. **લવ:-** કોઈપણ પરેશાનીમાં જીવનસાથી તથા પરિવારના લોકોની સલાહ લો. **સ્વાસ્થ્ય:-** થોડી નકારાત્મક પ્રવૃત્તિના લોકો તમારા મનોબળ તથા આત્મવિશ્વાસને નબળો કરવાની કોશિશ કરી શકે છે.

## મકર (ખ. જ.)

**પોઝિટિવ:-** કોઈ શુભ સમાચાર મળવાથી ઘર-પરિવારમાં સુખનું વાતાવરણ રહેશે. છેલ્લાં થોડા સમયથી જે કાર્યોમાં વિઘ્નો આવી રહ્યા હતાં, તે વડીલોની મદદ અને સહયોગથી ઉકેલાઈ શકે છે. **નેગેટિવ:-** જલ્દી સફળતા મેળવવાના ચક્કરમાં તમે તમારું જ નુકસાન કરી શકો છો. તમારા આવેશ પૂર્ણ વ્યવહાર ઉપર કાબૂ રાખો. સહજ રીતે કાર્યોને પૂર્ણ કરતા રહો. કોઈ અટવાયેલું પેમેન્ટ મળી શકે છે.
**વ્યવસાય:-** કોઈ વ્યવસાયિક ક્ષેત્રમા ડીલ ફાઈનલ કરતી સમયે વધારે સમજદારી અને સમજણની જરૂરિયાત છે.
**લવ:-** જીવનસાથીનું સ્વાસ્થ્ય નરમ રહેવાના કારણે તમારે સહયોગ કરવો જરૂરી છે.
**સ્વાસ્થ્ય:-** થાકના કારણે માથાનો દુખાવો અને બ્લડ પ્રેશર વધવાની શક્યતા રહેશે.

## કુંભ (ગ. સ. શ. ષ.)

**પોઝિટિવ:-** તમારી સંતુલિત દિનચર્યાના કારણે આજે તમારા દૈનિક કાર્ય મન પ્રમાણે પૂર્ણ થતાં જશે. છેલ્લી ભૂલથી બોધપાઠ મેળવીને તમે વર્તમાનને સારું બનાવવાની કોશિશ કરશો. ભાઈઓ સાથે ચાલી રહેલી ગેરસમજ દૂર થશે તથા સંબંધોમા મધુરતા રહેશે. **નેગેટિવ:-** આ સમયે બાળકોની ગતિવિધિઓ તથા સંગત ઉપર નજર રાખવી. ખોટી વાતોમાં સમય ખરાબ ન કરીને પોતાના પરિવાર ઉપર પણ ધ્યાન આપો. તમારી વસ્તુઓની દેખરેખ જાતે જ કરો. **વ્યવસાય:-** નવા કાર્યોને લગતી યોજનાઓ બનશે અને સફળ પણ થઈ શકે છે. **લવ:-** લગ્નજીવન સુખમય રહી શકે છે. **સ્વાસ્થ્ય:-** તમારો આત્મવિશ્વાસ તથા પોઝિટિવ વિચાર તમને સ્વસ્થ રાખશે.

## મીન (દ. ચ. ઝ. થ.)

**પોઝિટિવ:-** યુવા વર્ગને પોતાની મહેનત પ્રમાણે પરિણામ અનુકૂળ પરિણામ મળવાથી પ્રસન્નતા અનુભવ કરશે. આજે મોટાભાગનો સમય ધાર્મિક અને અધ્યાત્મિક ગતિવિધિઓમાં પસાર થશે. પિતા કે પિતા સમાન કોઈ વ્યક્તિ તમને યોગ્ય માર્ગદર્શન આપી શકે છે. **નેગેટિવ:-** કોઈ નજીકના સંબંધી સાથે મનમુટાવ થવા જેવી સ્થિતિ બની શકે છે. સંબંધોમાં મધુરતા જાળવી રાખવા માટે થોડી વાતને ઈગ્નોર કરવી જરૂરી છે. મિત્રો તથા ઓનલાઈન ગતિવિધિઓમાં વધારે સમય પસાર ન કરો. **વ્યવસાય:-** આજે માર્કેટિંગને લગતી ગતિવિધિઓમાં વધારે ધ્યાન આપો.
**લવ:-** પતિ-પત્ની વચ્ચે મતભેદ થઈ શકે છે.
**સ્વાસ્થ્ય:-** ડાયાબિટિક લોકોએ પોતાનું વિશેષ ધ્યાન રાખવું.

# બર્થડે સ્પેશિયલ: અનુરાધા પૌડવાલ ભક્તિમય અને બોલિવૂડ ગીતોથી દિલમાં વસી ગયા



બોલિવૂડમાં ફીમેલ સિંગર્સે પોતાની પ્રતિભા બતાવી દર્શકોના દિલમાં જગ્યા બનાવી છે. સુરોની મલ્લિકા લતા મંગેશકર હોય, આશા ભોસલે હોય, સુનિધિ ચૌહાણ હોય કે શ્રેયા ઘોષાલ હોય, દરેક ગાયિકાએ પોતાની આગવી શૈલીથી દર્શકોના દિલ પર રાજ કર્યું છે. આ બધાની વચ્ચે એક એવી સિંગર પણ છે જેણે બોલિવૂડ અને ભક્તિ ગીતોથી ઘણું નામ કમાવ્યું છે અને તે છે અનુરાધા પૌડવાલ. આજે અનુરાધા પૌડવાલનો જન્મદિવસ છે.

અનુરાધા પૌડવાલનો જન્મ 27 ઓક્ટોબર 1954ના રોજ કર્ણાટકના ઉત્તર કન્નડ જિલ્લાના કારવારમાં કોંકણી પરિવારમાં થયો હતો. પરંતુ તેમનો ઉછેર મુંબઈમાં થયો હતો. તેણીએ અરુણ પૌડવાલ સાથે લગ્ન કર્યા હતા જે પ્રખ્યાત સંગીતકાર એસડી બર્મનના સહાયક હતા. અરુણ પોતે સંગીતકાર હતા. અનુરાધા પૌડવાલ નેવુંના દાયકામાં તેની કારકિર્દીની ટોચ પર હતી ત્યારે તેના પતિ અરુણનું અકસ્માતમાં મૃત્યુ થયું હતું. 12 સપ્ટેમ્બર 2020 ના રોજ, જ્યારે તેમના પુત્ર આદિત્ય પૌડવાલનું કિડનીની બિમારીને કારણે 35 વર્ષની વયે અવસાન થયું ત્યારે તેમના પર દુ:ખનો પહાડ તૂટી પડ્યો.

અનુરાધા પૌડવાલે પોતાના કરિયરની શરૂઆત 1973માં આવેલી ફિલ્મ અભિમાનથી કરી હતી. આ ફિલ્મમાં તેણે શ્લોકા ગીત ગાયું હતું. આ પછી વર્ષ 1976માં તેણે ફિલ્મ 'કાલીચરણ'માં પણ પોતાના અવાજનો જાદુ ફેલાવ્યો હતો. તેણે ફિલ્મ 'આપ બીતી'થી ડેબ્યુ કર્યું હતું. આ ફિલ્મનું સંગીત લક્ષ્મીકાંત-પ્યારેલાલ દ્વારા આપવામાં આવ્યું હતું, જેમની સાથે અનુરાધાએ અન્ય ઘણા પ્રખ્યાત ગીતો ગાયા છે.

અનુરાધા પૌડવાલે રાજેશ રોશનથી લઈને કલ્યાણજી આનંદજી, લક્ષ્મીકાંત પ્યારેલાલ જયદેવ સુધીના ઘણા દિગ્ગજ સંગીતકારો સાથે કામ કર્યું. આ કારણે તેને જબરદસ્ત સફળતા મળી અને ધીરે ધીરે તેની ચર્ચા ટી-સીરીઝના માલિક ગુલશન કુમાર સુધી પહોંચી.


T-Series સાથે હાથ મિલાવ્યા બાદ અનુરાધા પૌડવાલે 'આશિકી', 'બેટા', 'તેઝાબ' જેવી ઘણી હિટ ફિલ્મોમાં ગીતો ગાયા છે. તેમની સફળતા એવી બની કે લોકો તેમને લતા મંગેશકરના સ્થાને ગણવા લાગ્યા. પ્રખ્યાત સંગીતકાર ઓપી નય્યરે પણ કહ્યું હતું કે હવે લતા મંગેશકરનો યુગ ગયો છે. અનુરાધા પૌડવાલ T-Series સાથે ધૂમ મચાવી રહી હતી અને તેના અંગત જીવનની પણ ચર્ચા થઈ રહી હતી.

# દિવાળીએ બોક્સ ઓફિસ પર ધમાલ મચાવશે આ ફિલ્મો

## 'થેંક ગોડ', 'રામ સેતુ' સહિત 6 ફિલ્મો એક સાથે રિલીઝ થશે

આ વખતે દિવાળી બોક્સ ઓફિસ પર ધમાકેદાર રહેશે. કેમકે, દિવાળીના અવસર પર એક-બે નહિ 6 ફિલ્મો સિનેમાઘરોમાં રિલીઝ થાય છે. 24 ઓક્ટોબરની આસપાસ સિનેમાઘરોમાં ફિલ્મો રિલીઝ થવા જઈ રહી છે, જેમાં હિન્દી સિવાય દક્ષિણની ઘણી ફિલ્મોનો સમાવેશ થાય છે. 24 ઓક્ટોબરે દેશભરમાં દિવાળીનો તહેવાર ઉજવવામાં આવશે. ભારતીય સિનેમા માટે પણ આ વખતની દિવાળી ખૂબ જ ખાસ રહેવાની છે. હિન્દી સિવાય દક્ષિણની ઘણી ફિલ્મોનો સમાવેશ થાય છે. ચાલો તમને એ ફિલ્મોના નામ જણાવીએ.

### 1. થેંક ગોડ




અજય દેવગન અને સિદ્ધાર્થ મલ્હોત્રાની કોમેડી આધારિત ફિલ્મ 'થેંક ગોડ' દિવાળીના અવસર પર રિલીઝ થઈ રહી છે. આ ફિલ્મમાં અજય દેવગન ચિત્રગુપ્તના રોલમાં જોવા મળશે, જે સિદ્ધાર્થ મલ્હોત્રાના કાર્યોનો હિસાબ આપતો જોવા મળશે. તે જ સમયે, રકુલ પ્રીત સિંહ પણ આ ફિલ્મમાં છે. આ ફિલ્મ 25 ઓક્ટોબરે સિનેમાઘરોમાં રિલીઝ થઈ રહી છે.

### 2. રામ સેતુ




આ દિવાળીએ અક્ષય કુમાર અને અજય દેવગન વચ્ચે બોક્સ ઓફિસ પર સીધી ટક્કર થશે. અક્ષય કુમારની પૌરાણિક ફિલ્મ 'રામ સેતુ' પણ 25 ઓક્ટોબરે રિલીઝ થવા જઈ રહી છે. થોડા સમય પહેલા આ ફિલ્મનું ટ્રેલર રિલીઝ થયું હતું, જેના પર લોકોની મિશ્ર પ્રતિક્રિયાઓ આવી હતી. આ ફિલ્મમાં અક્ષય કુમાર ઉપરાંત નુસરત ભરૂચા અને જેકલીન ફર્નાન્ડીઝ પણ જોવા મળશે.

### 3. પ્રિન્સ



હિન્દી ઉપરાંત સાઉથ સિનેમાની મોટી ફિલ્મો પણ દિવાળીના અવસર પર રિલીઝ થઈ રહી છે, જેમાં 'પ્રિન્સ'નું નામ સામેલ છે. આ ફિલ્મ પહેલા 31 ઓગસ્ટે રિલીઝ થવાની હતી. આ રોમેન્ટિક ફિલ્મમાં મારિયા રાયબોશપકા 'શિવકાર્તિકેયન'ની સામે જોવા મળશે.

### 4. સરદાર

રોમાન્સ અને કોમેડી ઉપરાંત દિવાળીના અવસર પર સાઉથની ફિલ્મ 'સરદાર' એક્શનનો જલવો ઉમેરવા માટે આવી રહી છે. અભિનેતા કાર્તિની ફિલ્મ થિયેટરોમાં 'પ્રિન્સ' સાથે સ્પર્ધા કરશે. એટલે કે હિન્દી સિવાય હવે સાઉથમાં પણ ફિલ્મો વચ્ચે ટક્કર થશે.

### 5. ઉરી દેવુડા


દિવાળીના અવસર પર તેલુગુમાં એક ફિલ્મ પણ રિલીઝ થઈ રહી છે, જેનું નામ છે 'ઉરી દેવુદા'. આ ફિલ્મ 21 ઓક્ટોબરે સિનેમાઘરોમાં રિલીઝ થશે.

### 6. ગિન્ના



આ દિવાળીએ હોરર-પ્રેમી દર્શકો માટે એક ફિલ્મ પણ આવી રહી છે, જેનું નામ છે 'ગિન્ના'. આ એક હોરર આધારિત ફિલ્મ છે, જેમાં વિષ્ણુ મંચુ જોવા મળશે. ઉરી દેવુડા થિયેટરોમાં આ ફિલ્મ સાથે સ્પર્ધા કરશે.

# કૃતિ સેનનની દિવાળી પાર્ટીમાં બોલીવુડ સ્ટાર્સનો જમાવડો







હેપ્પી ડેઝ આર હિયર અગેઈન...ની જેમ ફરીને આવી દિવાળી. માત્ર સામાન્ય લોકોનામાં જ નહીં પરંતુ બોલીવુડમાં દિવાળી ફેસ્ટીવલનો મૂડ જામ્યો છે. ત્યારે હવે આ તહેવારને લઈને બધે ધુમ જોવા મળી રહી છે. બોલીવુડમાં પણ દિવાળી ફેસ્ટિવલને લઈને ખૂબ ક્રેઝ જેવા મળે છે અને અનેક સ્ટાર દિવાળી પાર્ટી હોસ્ટ કરી રહ્યાં છે. જાણીતી અભિનેત્રી કૃતિ સેનન અને તેની બહેન નૂપુર સેનને આખા પરિવાર સાથે પોતાના નજીકના અને મિત્રો માટે દિવાળી પાર્ટી હોસ્ટ કરી હતી. આ પાર્ટીમાં અનેક પ્રખ્યાત સ્ટાર સામેલ થયા હતા જેની તસવીર સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહી છે.




















## ૧૯૬૦માં મુંબઈ રાજ્યમાંથી અલગ થયા પછી શાસનમાં કોંગ્રેસનો અને ૧૯૯૮થી ભાજપનો દબદબો રહ્યો

# ગુજરાતના 1960થી 2021સુધીના મુખ્યમંત્રીઓ, એક ઝલક : લેખાં-જોખાં

## ૬૧ વર્ષમાં થોડો સમય પ્રાદેશિક પક્ષો અને રાષ્ટ્રપતિ શાસનનો પણ ગુજરાતને અનુભવ રહ્યો છે

સાપ્તાહિક ગુજરાત વંદન

ગુજરાતના મુખ્યમંત્રીપદે આરૂઢ થનારા ભુપેન્દ્રભાઈ પટેલ હોદ્દાની મુદતની રીતે ગુજરાતના ૨૪મા મુખ્યમંત્રી છે. તો વ્યકિતની રીતે 17મા મુખ્યમંત્રી છે. ગુજરાતે પ્રમાણમાં ઘણી રાજકીય સ્થિરતા જોઈએ છે. ગુજરાતની પ્રજાએ વિકાસપથની સફર સતત જારી રાખી છે. 1960માં મુંબઈ રાજયમાંથી અલગ થયા પછી શાસનમાં પૂર્વાધમાં કોંગ્રેસનો અને 1998થી ભાજપનો દબદબો રહ્યો છે. 61 વર્ષમાં થોડો સમય પ્રાદેશિક પક્ષો અને રાષ્ટ્રપતિ શાસનનો પણ ગુજરાતને અનુભવ રહ્યો છે. અત્યાર સુધી ગુજરાતને મળેલા મુખ્યમંત્રીઓના બાબતો પર એક નજર...

### ડો. જીવરાજ મહેતા

**(1-5-60થી 8-6-62, 8-3-62થી 19-9-62)**
**3 વર્ષ, 141 દિવસ (કુલ 677 દિવસ)**

ગુજરાત અને મહારાષ્ટ્રની ૧૯૬૦ ના મેની પહેલી તારીખે. અલગ રાજયો બન્યાં. સ્વતંત્ર ગુજરાતના પ્રથમ મુખ્યમંત્રી માટે ખંડુભાઈ દેસાઈ ને બળવંતરાય મહેતાનાં નામો વિચારાયાં હતાં, પરંતુ છેવટે મુંબઈ રાજયના મંત્રીમંડળમાં ગુજરાતના મંત્રીઓમાંથી સૌથી વરિષ્ઠ એવા ૭૩ વર્ષીય નાણામંત્રી ડો. જીવરાજ મહેતા પર પસંદગીનો કળશ ઢોળાયો. અમરેલીના વતની જીવરાજભાઈએ મુંબઈ અને લંડનમાં તબીબી શિક્ષણ મેળવ્યું હતું. મુંબઈ રાજયનું વિભાજન થતાં તેમણે રાજયના વહીવટનો પાયો સુદૃઢ કર્યો. ગુજરાતમાં ખેતી, સિંચાઈ, વીજળી, રસ્તાઓની ઊણપ વગેરે ક્ષેત્ર તેમણે ઝડપથી કામ કર્યું. તેમણે ગુજરાતમાં દારૂબંધી દાખલ કરી. કાયદો કરી રાજયમાં ગૌહત્યા બંધ કરાવી. તેમણે વિધાનસભામાં પંચાયતધારો પસાર કરાવ્યો.

### બળવંતરાય મહેતા

**(19-9-63 થી 19-9-65) બે વર્ષ, કુલ 730 દિવસ**

૧૮૯૯માં ભાવનગરમાં જન્મેલા બળવંતરાય મહેતા ગાંધીજીના વિચારોથી પ્રભાવિત થયા હતા. તેઓ ઠક્કરબાપાએ ઉપાડેલા હરિજન સેવાકાર્યમાં પણ જોડાયા હતા. ૧૯૫૨માં ચૂંટણી જીતી તેઓ લોકસભામાં પણ ગયા હતા. તેમણે પંચાયતી રાજ સુદૃઢ કર્યું. તેમની વહીવટ પર પકડ હતી. તેમના શાસન દરમિયાન વલસાડ અને ગાંધીનગર બે નવા જિલ્લા થયા. કંડલા ફ્રી ટ્રેડ ઝોન તેમના સમયમાં સ્થપાયો. દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની રચના માટે તેમણે સમિતિ નીમી. ૧૯૬૫ માં ભારત-પાકિસ્તાનના યુદ્ધ દરમિયાન, યુદ્ધિવરામ સમયે તેઓ વિમાનમાં બેસી કચ્છ સરહદ જોવા ગયા. પાકિસ્તાનના રડારમાં તેમનું વિમાન ઝડપાતાં પાકિસ્તાનનાં યુદ્ધવિમાનોએ તેમના વિમાનને તોડી પાડ્યું, જેમાં તેમનું અને તેમનાં પત્ની સરોજબહેનનું અવસાન થયું.

### હિતેન્દ્રભાઇ દેસાઇ

**(19-9-65 થી 4-3-67, 4-3-67 થી 13-5-71)**

૫ વર્ષ અને ૨૪૫ દિવસ, કુલ ૧૯૭૦ દિવસ સુરતમાં ૧૯૧૫માં જન્મેલા હિતેન્દ્રભાઈ દેસાઈએ ૧૯મી સપ્ટેમ્બર, ૧૯૬૫ ના રોજ મુખ્યમંત્રીપદ સંભાળ્યું હતું. હિતેન્દ્રભાઈએ વકીલાતના ક્ષેત્રે ઘણી નામના મેળવી હતી. ૫૦ વર્ષની વયે તેઓ મુખ્યમંત્રી બન્યા. ૧૯૬૫ થી ૧૯૭૧ દરમિયાન તેમણે વલસાડ જિલ્લાનો પારડી ઘાસિયા જમીનનો પ્રશ્નો ઉકેલ્યો. ૧૯૬૮ - ૬૯ ના દુષ્કાળમાં તેમણે સફળ રાહતકામ કર્યું. પાટનગર ગાંધીનગરમાં તેમણે વસાહતોનાં મંડાણ કરાવ્યાં. વહીવટી તંત્રને સુદૃઢ બનાવવા તેમણે વિજિલન્સ કમિશનની રચના કરી. નવેમ્બર ૧૯૬૯માં કોંગ્રેસનું વિભાજન થતાં તેઓ સંસ્થા કોંગ્રેસમાં જોડાયા. લોકસભામાં સંસ્થા કોંગ્રેસના પરાજય પછી તેમણે પોતાની સરકારનું રાજીનામું આપ્યું.

### ઘનશ્યામભાઇ ઓઝા

**(17-3-72થી 17-7-73) 1 વર્ષ, 122 દિવસ, કુલ 487 દિવસ**

ભારત પાકિસ્તાનના ૧૯૭૧ ના યુદ્ધ પછી માર્ચ, ૧૯૭૨માં યોજાયેલી ચૂંટણીમાં ઈન્દિરા કોંગ્રેસને ૧૬૮માંથી ૧૩૯ બેઠકો મળી. ૬૧ વર્ષના ઘનશ્યામભાઈ ઓઝાને ઈન્દિરા ગાંધીએ મુખ્યમંત્રી તરીકે પસંદ કર્યાં. ૧૯૧૧માં ભાવનગરના ઉમરાળા ગામે જન્મેલા ઘનશ્યામભાઈ વકીલાત કરતા હતા. તેના સમયકાળમાં સમગ્ર રાજયમાં માધ્યમિક શિક્ષણ તદ્દન મફત કર્યું. નાના ખેડૂતોને મહેસૂલમાંથી મુકિત આપી. શહેરી જમીન ટોચમર્યાદા ધારો ઘડીને તેમણે જમીનની સટ્ટાખોરી અટકાવી. જૂન, ૧૯૭૩માં ઘનશ્યામભાઈ સામે અવિશ્વાસનો મત રજૂ થયો એટલે તેમણે મુખ્યમંત્રીપદેથી રાજીનામું આપી દીધું.

### ચીમનભાઇ પટેલ

**17-7-73 થી 9-2-74 અને 4-3-90થી 17-2-94**
**પહેલી વખત 207 દિવસ**

બીજી વખત ૩ વર્ષ અને ૩૫૦ દિવસ , કુલ ચાર વર્ષ અને ૧૯૨ દિવસ.. ઘનશ્યામભાઈના રાજીનામા પછી ચીમનભાઈ પટેલે ઈન્દિરા ગાંધીની વિરૂદ્ધમાં જઈને મુખ્યમંત્રીપદ હાંસલ કર્યું. જોકે ૧૯૭૪ માં થયેલા નવનિર્માણ આંદોલને ચીમનભાઈ પટેલ માટે સમગ્ર ગુજરાતમાં તિરસ્કાર ઊભો કર્યો. છેવટે ચીમનભાઈએ રાજીનામું આપ્યું. ૧૯૨૯ માં ત્રીજી જૂને વડોદરા જિલ્લાના સંખેડા તાલુકાના ચિખોદ્રા ગામે જન્મેલા ચીમનભાઈ અર્થશાસ્ત્ર વિષયના પ્રાધ્યાપક હતા. તેમણે જુન, ૧૯૭૫ માં કિસાન નેતાઓના ટેકાથી ગુજરાત કિસાન મજદૂર લોક પક્ષ (કિમલોપ) નામનો પ્રાદેશિક પક્ષ રચ્યો. આ પક્ષને ૧૨ બેઠકો મળી હતી. ૧૯૭૭ માં ચીમનભાઈ જનતા પક્ષમાં જોડાયા. ૧૯૯૦માં ગુજરાતની આઠમી વિધાનસભાની ચૂંટણીમાં તેમણે ભાજપ સાથે મળીને મિશ્ર સરકાર રચી. ચીમનભાઈના સમયકાળમાં ગુજરાતની જીવાદોરીસમાન નર્મદા યોજનાનું કામ ગતિમાં ચાલ્યું. તેઓ લડાક મિજાજ માટે જાણીતા હતા.

### બાબુભાઇ જસભાઇ પટેલ

**18-6-75 થી 12-3-76, 11-4-77થી 17-2-80, 268 દિવસ**

જનતા મોરચાને એપ્રિલ, ૧૯૭૫ માં થયેલી ચૂંટણીમાં ૮૬ બેઠકો મળી. અન્ય પક્ષોના ટેકાથી જનતા મોરચાએ સરકાર રચી અને બાબુભાઈ જશભાઈ પટેલ મુખ્યમંત્રી બન્યા. ૧૯૧૧ માં નડિયાદમાં જન્મેલા બાબુભાઈએ વિદ્યાર્થીકાળથી જ રાજકીય જીવનમાં ઝંપલાવ્યું હતું. દેશમાં કટોકટી લદાયા પછી ઈન્દિરા ગાંધીએ 'કિમલોપ'ના ચીમનભાઈ પટેલનો સહકાર મેળવી બાબુભાઈની સરકાર તોડી. ૧૯૭૭, માર્ચમાં તેઓ જોકે પુનઃ મુખ્યમંત્રી થયા. તેમના બીજા શાસનકાળ દરમિયાન કેન્દ્રે નર્મદા જળવિવાદનો ચુકાદો જાહેર કર્યો હતો. કટોકટીનો તેમણે મક્કમ વિરોધ કરેલો. બાબુભાઈએ પૂરહોનારતથી અસર પામેલા મોરબીને પુનઃ સ્થાપિત કર્યું.

### માધવસિંહ સોલંકી

**24-12-76થી 11-4-77, 6-6-80 થી 6-7-85, પહેલી વખત 107 દિવસ 11-3-85 થી 6-7-85, બીજી વખત પાંચ વર્ષ અને 29 દિવસ કુલ પાંચ વર્ષ અને 136 દિવસ 10-12-89થી 3-3-90, ત્રીજી વખત 83 દિવસ કુલ પાંચ વર્ષ અને 319 દિવસ માર્ચ**

૧૯૭૬ માં બાબુભાઈ પટેલની સરકારના પતન પછી માધવસિંહ સોલંકીએ પોતાનું મંત્રીમંડળ રચ્યું. ૧૯૨૭માં ભરૂચ જિલ્લાના જંબુસર તાલુકાના પીલુદર ગામે જન્મેલા માધવસિંહે પત્રકાર તરીકે પણ કામ કર્યું છે. ૧૯૭૭માં વિધાનસભામાં બહુમતી ઘટતાં તેમણે રાજીનામું આપી દીધું હતું, પરંતુ ૧૯૮૦ માં ૧૩૯ બેઠકોના વિજય સાથે તેમણે પુનઃ મુખ્યમંત્રીપદ સંભાળ્યું અને મંત્રીમંડળની પાંચ વર્ષની મુદત પૂરી કરનાર તેઓ ગુજરાતના પ્રથમ અને અત્યાર સુધીના એકમાત્ર મુખ્યમંત્રી બન્યા. ૧૯૮૫ની ચૂંટણીમાં જીતી તેઓ ત્રીજી વખત મુખ્યમંત્રી બન્યા પછી અનામતવિરોધી આંદોલને તેમનો ભોગ લીધો. માધવસિંહ સોલંકી ખામ (ક્ષત્રિય, હરિજન, આદિવાસી, આદિવાસી અને મુસ્લિમ) થિયરીને ગુજરાતમાં પ્રચિલત કરી એવું કહેવાય છે.

### અમરસિંહ ચૌધરી

**6-7-85થી 9-12-89, 4 વર્ષ 156 દિવસ કુલ 1616 દિવસ જુલાઇ**

૧૯૮૫માં માધવસિંહ સોલંકીના અનુગામી તરીકે અમરસિંહ ચૌધરી રાજયના મુખ્યમંત્રી બન્યા. ૪૪ વર્ષની સૌથી નાની વયે રાજયના મુખ્યમંત્રી બનનાર અમરસિંહ ચૌધરીનો જન્મ સુરત જિલ્લાના વ્યારા તાલુકાના ડોલવણ ગામે થયો હતો. તેમણે રાજયમાં શાંતિ સ્થાપી. ૧૯૮૮ માં તેમણે નર્મદા કોર્પોરેશન રચ્યું. તેમના કાળમાં ત્રણ વર્ષ દુષ્કાળ પડ્યો તેનો તેમણે કુનેહપૂર્વક સામનો કર્યો. તેમણે નર્મદામાંથી પીવાના પાણીની પાઈપલાઈન યોજનાને મંજૂરી આપી.

### છબીલદાસ મહેતા

**17-2-94થી 13-3-95, 1 વર્ષ અને 24 દિવસ**

ચીમનભાઈ પટેલના આકસ્મિક અવસાન પછી ૧૯૯૪માં છબીલદાસ મહેતા મુખ્યમંત્રી બન્યા. ભાવનગરના મહુવા ગામે ૧૯૨૫માં જન્મેલા છબીલદાસ મહેતાએ સ્વાતંત્ર્યની લડતમાં તેમણે રાજયમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સામાન્ય બનાવવા પ્રયત્નો કર્યાં.

### ગુજરાતના અત્યાર સુધીના મુખ્યમંત્રી

| | |
|---|---|
| 1 | ડો. જીવરાજ મહેતા તા.1-5-1960થી તા.19-9-63 |
| 2 | બળવંત મહેતા તા.19-9-63થી તા.19-9-65 |
| 3 | હિતેન્દ્રભાઇ દેસાઇ તા.19-9-65થી તા.13-5-71 |
| 4 | ઘનશ્યામભાઇ ઓઝા તા.17-3-72થી તા.17-7-73 |
| 5 | ચીમનભાઇ પટેલ તા.17-7-73થી તા.9-2-74 |
| 6 | બાબુભાઇ જ. પટેલ તા.18-6-75થી તા.12-3-76 |
| 7 | માધવસિંહ સોલંકી તા.24-12-76થી તા.11-4-77 |
| 8 | બાબુભાઈ જ. પટેલ તા.11-4-77થી તા.17-2-80 |
| 9 | માધવસિંહ સોલંકી તા. 6-6-80થી તા. 6-7-85 |
| 10 | અમરસિંહ ચૌધરી તા.6-7-85થી તા.9-12-89 |
| 11 | માધવસિંહ સોલંકી તા.10-12-89થી તા.3-3-90 |
| 12 | ચીમનભાઈપટેલ તા.4-3-90થી તા. 17-2-94 |
| 13 | છબીલદાસ મહેતા તા.17-2-94થી તા.13-3-95 |
| 14 | કેશુભાઇપટેલ તા.13-3-95થી તા.21-10-95 |
| 15 | સુરેશચંદ્ર મહેતા તા.21-10-95થી તા. 19-9-96 |
| 16 | શંકરસિંહ વાઘેલા તા.23-10-96થી તા.28-10-97 |
| 17 | દિલીપભાઇ પરીખ તા.28-10-97થી તા. 4-3-98 |
| 18 | કેશુભાઈ પટેલ તા.4-3-98થી તા.7-10-2001 |
| 19 | નરેન્દ્રભાઇ મોદી તા.7-10-2001થી તા. 22-4-2014 |
| 20 | આનંદીબહેન પટેલ તા.22-4-2014થી તા.6-8-2016 |
| 21 | વિજયભાઇ રૂપાણી તા.7-8-2016થી તા.11-9-2021 |
| 22 | ભૂપેન્દ્રભાઇ પટેલ તા. 13-9-2021થી |

### કેશુભાઇ પટેલ

**13-3-95થી 21-10-95, (પહેલી વખત 221 દિવસ) 4-3-98થી 7-10-2001 (બીજી વખત 3 વર્ષ અને 216 દિવસ) કુલ 1532 દિવસ**

ભાજપે ૧૯૯૫ માં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં ૧૮૨માંથી ૧૨૨ બેઠકો મેળવી અને કેશુભાઈ પટેલ મુખ્યમંત્રી બન્યા. ૧૯૩૦ માં રાજકોટમાં જન્મેલા કેશુભાઈએ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ માટે નોંધપાત્ર કામ કર્યું હતું.
...અનુસંધાન પાના નં. 06

# ભાજપ દિવાળીના તહેવારોમાં 50 લાખ લોકોને જમાડશે

ગુજરાત | વંદન

ચૂંટણી નજીક આવતાં જ ભાજપે પોતાની ડિનર ડિપ્લોમસી તેજ કરી દીધી છે. વિવિધ વર્ગના લોકો અને પેજ પ્રમુખો તથા મતદાતાઓ સાથે ભોજન કરવાની રણનીતિ અપનાવીને ભાજપ મોટા સમૂહને પોતાની તરફે ખેંચવા પ્રયત્નશીલ છે.

આગામી સમયમાં દિવાળી અને નૂતન વર્ષના તહેવારો દરમિયાન ભાજપ દરેક વિધાનસભા બેઠકવાર સ્નેહમિલન અને પ્રીતિભોજનનું આયોજન કરશે.પક્ષના ઉપપ્રમુખ ગોરધન ઝડફીયાએ કહ્યું કે, આ ભોજન સમારંભોમાં અમે એક વિધાનસભા બેઠકમાં 30થી 35 હજાર પેજ સમિતિના સદસ્યોને આમંત્રિત અપાશે. આમ 182 વિધાનસભાના કુલ 50થી 60 લાખ લોકોને સંમેલન કરીને અમે જમાડીશું.





આ માટે શહેરી વિસ્તારોમાં દરેક બેઠક દીઠ તેના ધારાસભ્યો અને શહેરના તથા પ્રદેશ સંગઠનના નેતાઓ ભોજનના કાર્યક્રમો કરશે. તેમાં કેન્દ્રીય મંત્રીઓ, રાષ્ટ્રીય સંગઠનના હોદ્દેદારો અને રાજ્યના
...અનુસંધાન પેજ નં. 6 પર

## 2017ની ચૂંટણી પછી પાંચવાર યોજાયેલી પેટાચૂંટણીમાં કોંગ્રેસનો કિલ્લો કડડભૂસ...!

ગુજરાત | વંદન

હાલ તમામ પક્ષો ગુજરાતમાં સત્તા હાંસલ કરવા માટે પ્રયત્નો કરી રહ્યા છે. ગામેગામ જાહેર જનસભાઓનું આયોજન કરી રહ્યા છે. લોકોની વચ્ચે જઈને ચૂંટણી પ્રચાર કરી રહ્યા છે. વર્ષ 2017માં વિધાનસભાની સામાન્ય ચૂંટણી યોજાઈ હતી. ત્યારથી માંડીને અત્યાર સુધીમાં અનેક ધારાસભ્યોએ રાજીનામા આપ્યા છે અને પેટાચૂંટણી યોજાઈ હતી.આ પેટાચૂંટણીમાં કોણ જીત્યું...કોણ હાર્યું..એક નજર...

2017ની સામાન્ય ચૂંટણીઓ બાદ 2018માં પેટાચૂંટણી યોજવી પડી. 2017માં જસદણ સીટ પરથી કોંગ્રેસના ઉમેદવાર કુંવરજી બાવળિયા જીત્યા હતા. 99 બેઠકો સાથે ભાજપે સત્તા હાંસલ કરતાંની સાથે જ સૌથી પહેલાં કુંવરજી બાવળિયાને ભાજપમાં સામેલ કર્યા અને વર્ષ 2018માં આ સીટ પર પેટાચૂંટણી યોજાઈ. તેમાં પણ કુંવરજીને રિપિટ કર્યા અને તેઓ જીતી ગયા હતા.

2019માં 10 સીટ પર પેટાચૂંટણીનું બે અલગ અલગ તારીખે આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં ધ્રાંગધ્રા, જામનગર
...અનુસંધાન પેજ નં. 6 પર






/gujaratvandan

નિડર, નિષ્પક્ષ, અને વિશ્વસનીય ગુજરાત વંદન

ગુજરાત વંદન તરફથી આકર્ષક ઓફર

અમદાવાદથી પ્રસિદ્ધ "ગુજરાત વંદન"
સાપ્તાહિક અખબાર દ્વારા વાર્ષિક લવાજમની આકર્ષક ઓફર
જાહેર કરવામાં આવે છે.

રૂ.260ના વાર્ષિક લવાજમમાં તમને મળશે

આખું વરસ ગુજરાત વંદન અખબાર + 



એક હજાર રૂપિયા સુધીની ઘરવપરાશની ઉપયોગી ચીજવસ્તુ + જાણીતા સલૂન સિક્રેટ સેવન્ટીનનો 30 ટકા ડિસ્કાઉન્ટ સાથેનો વાઉચર

વહેલા તે પહેલાના ધોરણે આપના અખબાર વિતરકનો સંપર્ક કરવા વિનંતી.

ગુજરાત વંદન
વ્યવસ્થાપક માર્કેટિંગ

સંપર્ક : 63572-63573

820, સાકાર-9, આશ્રમ રોડ સીટી ગોલ્ડની બાજુમાં, અમદાવાદ-380009

www.gujaratvandan.com

Secret 7ટીન™
Hair & Nails Studio